# ॥ અણુભાષ્યસંક્ષિપ્તાનુક્રમણિકાવિવેચનમ્ ॥

ગોસ્વામી શ્યામ મનોહર

**સહયોગ પ્રકાશન** : ૧.ઉર્વી દીપક મહેતા
૬૦૧-૭૦૧, શ્યામ કુંજ,
જેવીપીડી, વિલે પાર્લે,
મુંબઈ ૪૦૦૦૫૯
૨.દર્શના વિરેન મહેતા
૬૦૧-૭૦૧, શ્યામ કુંજ,
જેવીપીડી, વિલે પાર્લે,
મુંબઈ ૪૦૦૦૫૯

**સંકલનકર્તા:** ગોસ્વામી શ્યામ મનોહર

**પ્રથમસંસ્કરણ** : મહાસુદ પૂનમ હોરી દંડારોપણ વિ.સં.૨૦૭૬
ખ્રિ.વર્ષ. ફેબ્રુઆરી ૨૦૨૦

**પ્રતિ** : ૧૦૦૦

**નિઃશુલ્કવિતરણાર્થ**

**મુદ્રક** : પૂર્વી પ્રેસ પ્રા.લી.
૬,મવડી પ્લોટ, મવડી ગોંડલ રોડ ઓવર બ્રિજ પાસે
રાજકોટ .

# સમ્પાદકીય

મુંબઈ યૂનિવર્સિટીના દર્શન-વિભાગમાં 'વલ્લભ-વેદાન્ત' કોર્સ છેલ્લા ૧૫ વર્ષથી ચાલી રહ્યો છે. ત્રિવર્ષીય અભ્યાસના અન્તિમ વર્ષમાં મહાપ્રભુજી વિરચિત અણુભાષ્યમાંના કેટલાક સૂત્રો અભ્યાસક્રમમાં લેવાયેલા છે.

આ સૂત્રોનું સંકલન એવી રીતે કરવામાં આવ્યું છે કે જેથી 'શુદ્ધાદ્વૈત-દર્શન'ના મૂલ આધારભૂત ૯વાદો સાથે તે સૂત્રોની સંગતિ સમજાય. ભાષ્યનો વિષય ગંભીર હોવાથી વિદ્યાર્થીઓને સરળતાથી સમજાય તે માટે 'અણુભાષ્યસંક્ષિપ્તાનુક્રમણિકા'નું સંકલન કર્યું છે. ભાષ્યની અનુક્રમણિકાને જે વ્યાખ્યાનરૂપે સમજાવી હતી તેને અત્રે લિપિબદ્ધ કરી છે. તદુપરાન્ત ગ્રન્થાન્તે તેને શ્લોકબદ્ધ કરી છે જે સર્વે જિજ્ઞાસુ વિદ્યાર્થીને ઉપયોગી થાય તેવી શુભકામના સાથે.

આ ગ્રન્થને લિપિબધ્ધ કરવા માટે સહયોગ આપનાર શ્રીધર્મેન્દ્રસિંહ ઝાલા શ્રીમતીમનીષા શાહ અને શ્રીપરેશ શાહ નો, તદુપરાન્ત ગ્રન્થનાં પ્રકાશન માટે આર્થિક સહયોગ આપનાર શ્રીમતીઉર્વી મહેતા, શ્રીમતીદર્શના મહેતા નો હું આભાર વ્યક્ત કરું છું.

ગોસ્વામી શ્યામ મનોહર

# વિષયાનુક્રમણિકા


| વિષય | પાનાનંબર |
|---|---|
| ૧.પ્રથમાધ્યાયસંક્ષિપ્તાનુક્રમણિકા | ૧-૩ |
| ૨.દ્વિતીયાધ્યાયસંક્ષિપ્તાનુક્રમણિકા | ૪-૫ |
| ૩.તૃતીયાધ્યાયસંક્ષિપ્તાનુક્રમણિકા | ૬-૭ |
| ૪.ચતુર્થધ્યાયસંક્ષિપ્તાનુક્રમણિકા | ૮ |
| ૫.બ્રહ્મસૂત્રભાષ્યનાં અધ્યાયોનાં પ્રારૂપ | ૯-૨૫ |
| ૬.પ્રથમાધ્યાય વિવેચન | ૨૫-૫૨ |
| ૭.દ્વિતીયાધ્યાય વિવેચન | ૫૨-૬૧ |
| ૮.સાધન-ફ્લનો વિચાર | ૬૧-૬૫ |
| ૯.તૃતીયાધ્યાય વિવેચન | ૬૫-૮૩ |
| ૧૦.ફ્લાધ્યાયની રૂપરેખા | ૮૪-૮૯ |
| ૧૧.ચતુર્થધ્યાય વિવેચન | ૮૯-૯૪ |
| ૧૨.અણુભાષ્યસંક્ષિપ્તાનુક્રમણિકાવિવેચનમ્ | ૯૫-૧૦૨ |

॥ श्रीकृष्णाय नमः ॥

॥ श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः ।

## ( अथ प्रथमाध्यायसंक्षिप्तानुक्रमणिका )

### [१] जन्माद्यधिकरणम्

१. जिज्ञासितस्य वेदवेदान्तादिशास्त्रप्रतिपाद्यस्य ब्रह्मणो लक्षण-प्रमाणाभ्यां निरूपणाय इदम् अधिकरणम् इति निरूपणम्.

२. **जन्माद्यस्य यतः शास्त्रयोनित्वात्** ( १।१।२ ) इति सूत्रम्.

३. ब्रह्म जगत्कर्तृ इति लक्षणं शक्यं न वा इति, शास्त्राणां ब्रह्मैकप्रतिपादकत्वं न वा इति **संशये** जगत्कर्तृतया ब्रह्मणः वेदादिशास्त्रैकवेद्यमिति शास्त्रमेव प्रमाणमिति च लक्षणप्रमाणे न सम्भवतः इति **पूर्वपक्षः**.

४. वेदादिशास्त्रे जगतः उत्पत्तिस्थितिनाशानां कर्तृत्वेन निरूपणाद् ब्रह्मैव जगत्कर्तृ इति लक्षणप्रमाणे तस्य सम्भवतएव इति **उत्तरपक्षः**.

५. कार्यलक्षणस्य जगत्कर्तृत्वपालकत्वोपसंहारकत्वरूपस्य **''सत्यज्ञानानन्दं ब्रह्म''** इति स्वरूपलक्षणेन साकं न विरोधः, नापि एतस्मिन् विषये अध्यारोपापवादन्यायस्य युक्तत्वम् इति निरूपणम्.

६. **'जन्माद्यस्य'** इत्येतस्य अंशस्य व्याख्या.

७. **'शास्त्रयोनित्वाद्'** इत्येतस्य अंशस्य व्याख्या.

८. रूप-नामात्मकप्रपञ्चकर्तृत्वं योगविभागेन प्रतिज्ञाय समन्वयादिसूत्रेषु केचित् तस्य हेतून् वर्णयन्ति इति तन्मतास्वीकारः.

९. निरंकुशजगत्कर्तृत्वेन शास्त्रप्रतिपाद्यत्वाद् ब्रह्म सर्वज्ञं सर्वशक्तिमद् इति स्थापनम्.

१०. ब्रह्मणो जगत्कर्तृत्वे सर्वोऽपि वेदः मानं भवति न वा इति, वेदस्य पूर्वोत्तरकाण्डयोः अन्यान्योपकारिता वर्तते न वा इति **शंकासमाधाने.**

**११.** 'जन्मादिसूत्रं लक्षणत्वाद् अनुमानम्' इति केषांचिन्मतस्य उल्लेखः.

१२. 'ब्रह्मणः सर्वज्ञत्वाय श्रुत्यनुसार्यनुमानं ब्रह्मणि प्रमाणम्' इति अपरेषां मतनिरूपणं तद्दूषणञ्च.

१३. वेदैकवेद्ये ब्रह्मणि वेदस्य अनधिगतार्थगन्तृत्वात् प्रामाण्यं, चिकीर्षतस्य वेदान्तविचारस्य वेदश्रवणांगभूतमनननिदिध्यासनरूपत्वात् सन्देहवारकत्वाच्चापि वेदांगत्वमेव इति निरूपणेन अधिकरणोपसंहारः.

## [२] समन्वयाधिकरणम्

१. ब्रह्मणः जगत्कारणत्वं किं जगतः समवायित्वरूपं, निमित्तत्वरूपं, कर्तृत्वरूपं वा? इति **संशये.** निमित्तकारणत्वमेव निःसंदिग्धं, कर्तृत्व-समवायित्वे तु सन्दिग्धे इति **पूर्वपक्षः**

**२. तत्तु समन्वयाद्** (१।१।३) इति सूत्रम्.

३. अस्ति-भाति-प्रियत्वेन समन्वयात् (सम्यग् अनुगतत्वाद्) ब्रह्मैव नाम-रूपात्मकस्य प्राकृतस्य जगतः उपादानं कारणं, त्रिगुणात्मिका प्रकृतिरपि सच्चिदानन्दस्य ब्रह्मणः सदंशरूपाएव, जड-जीव-अन्तर्यामिषु एकैकांशप्राकट-च्याद् दृश्यमानं नानात्वन्तु ऐच्छिकमेव **''स आत्मानं स्वयम् अकुरुत''**

( तैत्ति.उप.२।७ ) इति श्रुत्या, तस्माद् ब्रह्मणः समवायित्वं कर्तृत्वं निमित्तत्वञ्च इति **उत्तरपक्षः**.

४. **शास्त्रयोनित्वाद्** इति सूत्रे उत्थितस्य पूर्वपक्षस्य समाधानार्थं **तत्तुसमन्वयाद्** इति सूत्रस्य प्रवृत्तिः इति सूत्रव्याख्यायाः निरसनम्.

५. स्वपूर्वोत्तरकाण्डार्थरूपयोः कर्म-ब्रह्मणोः वेदस्य प्रामाण्यं सिद्धार्थत्वेनैव, उपाख्यानानामपि प्रामाण्यम् एतस्मादेव हेतोः, परस्परोपकारकत्वं च तस्मात् पूर्वोत्तरकाण्डयोः, क्रियातो ज्ञानतश्च स्वातन्त्र्येणापि पुरुषार्थसिद्धिः संभवति इति ज्ञापनाय भिन्नतया तत्तद्विचारशास्त्रयोः प्रवृत्तिः नतु पूर्वोत्तरकाण्डार्थयोः परस्पर सर्वथा निरपेक्षत्वप्रतिपादनार्थम्.

६. **तत्तु समन्वयाद्** इति सूत्रस्य ब्रह्मणि सर्ववेदान्तवचनानां समन्वयः इति व्याख्यानं न समञ्जसं तस्य इदानिम् असिद्धत्वेन हेतुतया उपन्यासस्य अशक्यत्वात्, तस्मात् समवायिकारणत्वमेव अनेन सूत्रेण ब्रह्मणः सिद्धयति इति प्रतिपादनम्.

७. ब्रह्मणः समवायिकारणत्वे केवलाद्वैतिनां विप्रतिपत्तयः तत्समाधानञ्च.

## [३] प्रकृत्यधिकरणम्

१. **प्रकृतिश्च प्रतिज्ञादृष्टान्तानुपरोधात्** ( १।४।२३ ) सूत्रं, भाष्ये : ब्रह्मणः केवलं निमित्तकारणत्वमेव उपादानकारणत्वन्तु प्रकृतेः कुतो न इति **संशये,** ब्रह्मणो निमित्तकारणत्वमेव इति **पूर्वपक्षः**. **उत्तरपक्षस्तु** ब्रह्मणो अभिन्ननिमित्तोपादानता इति न सांख्याभिमतप्रकृतेः जगदुपादानत्वम्.

२. **अभिध्योपदेशात् च, साक्षात् च उभयाम्नानात्, आत्मकृतेः परिणामात्, योनिश्च हि गीयते** ( १।४।२४-२७ ) सूत्राणि तद्भाष्यञ्च.

## ( अथ द्वितीयाध्यायसंक्षिप्तानुक्रमणिका )

### [१] तदनन्यत्वाधिकरणम्

**तदनन्यत्वम् 'आरम्भणा'दिशब्दादिभ्यः** ( २।१।१४ ) इति सूत्रम्.

१. भाष्ये **''वाचारम्भभणं 'विकारो' नामधेयं 'मृत्तिका' इत्येव सत्यम्''** ( छान्दो.उप.६।१४ ) इत्यत्र विकारः किं वाङ्मात्रेणैव आरभ्यते उत वस्तुतः इति **संशये** वाङ्मात्रेणैव इति **पूर्वपक्षः**. कार्यस्य कारणानन्यत्वं नतु मिथ्यात्वम् इति **उत्तरपक्षः**.

''**भावे च उपलब्धेः** ( २।१।१५ ). **सत्त्वाच्च अवरस्य** ( २।१।१६ ).

### [२] असद्व्यपदेशाधिकरणम्

**असद्व्यपदेशाद् न इति चेद्, न; धर्मान्तरेण वाक्यशेषाद्** ( २।१।१७ ) इति सूत्रम्.

१. भाष्ये **''असद् वा इदम् अग्रे आसीद्''** ( तैत्ति.उप.२।७ ) इति श्रुत्या प्राग् उत्पत्तेः जगतः सत्त्वं वा असत्त्वं वा बोध्यते इति **संशये** जगत् सद् न भवितुम् अर्हति **'असद्'**व्यपदेशाद् इति **पूर्वपक्षः**. सदेव इति **उत्तरपक्षः** **'असत्'**पदस्य अव्याकृतत्ववाचकत्वात्, **''तद् आत्मानं स्वयम् अकुरुत्''** ( तैत्ति.उप.२।७ ) इति स्वस्यैव क्रियमाणत्वात्, **'इदम्'**-**'आसीद्'**पदप्रयोगात् च.

**युक्तेः शब्दान्तरात् च** ( २।१।१८ ), **पटवत् च** ( २।१।१९ ), **यथाच प्राणादिः** ( २।१।२० ) इति सूत्राणि.

## [२] सर्वोपेताधिकरणम्

१. **सर्वोपेता च तद्दर्शनाद्, इति अधिकरणे ब्रह्मणो जगत्कर्तृत्वं सदोषं दोषरहितं वा इति संशये** सदोषमेव इति **पूर्वपक्षः**. निर्दोषमेव सर्वविधशक्त्युपेतत्वाद् इति **उत्तरपक्षः**. तत्र **विकरणत्वाद् न इति चेत् तद् उक्तम्**, इति शंकासमाधाने. तत्र शंका **न प्रयोजनवत्त्वाद्**, तत्समाधानं **लोकवत्तु लीलाकैवल्यम्, वैषम्यनैर्घृण्ये न सापेक्षत्वात् तथा हि दर्शयति, न कर्माविभागाद् इति चेद् न अनादित्वात्, उपपद्यते चापि उपलभ्यते च, सर्वधर्मोपपत्तेश्च** (२।१।३०-३७) इति सूत्रैः.

भाष्ये सर्वशक्तिमद् निरिन्द्रियमपि - कर्तृ, आप्तकामं, लीलाविहारि, शुभाशुभकारयितृ अनादि जीवरूपधारयितृ, वेदोक्तनिखिलधर्मवत् सर्वभवनसमर्थ ब्रह्म इति निरूपणेन प्रथमपादोपसंहारः.

## ( अथ तृतीयाध्यायसंक्षिप्तानुक्रमणिका )

### [१] प्रकाशाश्रयवद्वाधिकरणम्

**प्रकाशाश्रयवद् वा तेजस्त्वात्** ( ३।२।२८ ) इति सूत्रम्.

भाष्येतु निर्धर्मकं ब्रह्म पश्चाद् धर्मयुक्तं भवति इति **एकः पूर्वपक्षः. अपरश्च** विरुद्धधर्माधारमेव ब्रह्म एकं तत्तत्फलदित्सया तत्तत्कार्यार्थं तं-तं प्रति तथा-तथा आविर्भवति इति. अनयोः पक्षयोः ब्रह्मधर्माः किं ब्रह्मणः भिन्नाः तत्कार्यरूपाः आहोस्विद् ब्रह्मैव इति **संशये. भिन्नाः इति पूर्वपक्षः.** प्रकाश-तदाश्रय-सूर्यादिवद् उभयोः तादात्म्यांगीकाराद् सर्वं ब्रह्मैव इति **उत्तरपक्षः.**

**२.पूर्ववद् वा, प्रतिषेधाच्च** ( ३।२।२९-३० ) इति सूत्रभाष्ये उक्तार्थस्य एकदेशिमतेन पूर्वं निर्धर्मकं पश्चात् सधर्मकम् इति उपोद्बलनम्.

### [२] अन्तराभूतग्रामवदित्यधिकरणम्

**अन्तरा भूतग्रामवत् स्वात्मनः** ( ३।३।३५ ) इति सूत्रम्.

भाष्येतु **"यत् साक्षाद् अपरोक्षाद् ब्रह्म यः आत्मा सर्वान्तरः** ( बृह.उप.३।४।१ ) **"यः आत्मनि तिष्ठन् आत्मानम् अन्तरो यमयति..."** ( श.प.ब्रा.१४।५।३० ) इत्यत्र. यथा ज्ञानमार्गे ब्रह्मणः स्वात्मत्वेन ज्ञानं तथा भक्तिमार्गेऽपि पुरुषोत्तमस्य स्वात्मत्वेन ज्ञानं भवति न वा इति **संशयः. पूर्वपक्षस्तु** श्रुतौ ब्रह्मस्वरूपस्यैव सर्वान्तरत्वेन वर्णितत्वाद् भक्तावपि स्वात्मत्वेनैव ज्ञानम् इति. **सिद्धान्तस्तु** ब्रह्मणः सर्वान्तरत्वेऽपि **"सर्वस्य वशी सर्वस्य ईशानः"** ( बृह.उप.४।४।२२ ) इत्यादि श्रुत्युक्तसर्वेशितृत्वादिधर्मा-

णामपि सम्मतत्वाद् ईशत्वेनापि नतु स्वात्मत्वेनैव ज्ञानम् इति.

२. **अन्यथा अभेदानुपपत्तिः इति चेद् न उपदेशान्तरवत्, व्यतिहारो विशिंषन्ति हि इतरवत्** (३।३।३६-३७) इति सूत्रयोः : स्वात्मत्वेन पुरुषोत्तमज्ञानस्य भजनानन्दानुभवप्रतिबन्धकत्वे भक्तेषु उद्धवादिष्विव आत्मत्वोपदेशो अयुक्तः इति **शंकायां,** यथा कर्ममार्गे गायत्र्यादिमन्त्रोपदेशो लौकिकदेहाभिमानमूलकानर्थनिवृत्तिपूर्वकं स्वर्गापवर्गफलकाऽलौकिककर्माधिकारसम्पादकं, ज्ञानमार्गेऽपि शरीरादौ प्रियत्वादिबुद्धिनिवारणपूर्वकं निजात्मत्वोपदेशः तथा भक्तिमार्गेऽपि जीवात्मनि निरुपधिप्रियत्वबुद्धिनिवारणार्थं भगवतो निजात्मत्वोपदेशः. अतएव भक्तिमार्गस्य स्नेहमूलकतया स्थायिभावरूपस्य स्नेहस्य संयोगविप्रयोगात्मकतया विप्रयोगेएव अतिविगाढभावेन तत्सञ्चारिभावतया कदाचित् 'कृष्णो अहम्' इति व्यतिहारो विशेषणविशेष्यभावव्यत्ययः. इति **पूर्वोत्तरपक्षौ.**

## [२]सैव हि सत्यादयः इत्यधिकरणम्

**सैव हि सत्यादयः** (३।३।३८) इति सूत्रम्.

१. भाष्येतु **''सत्यं परं परं सत्यम्''** (महाना.उप.१६।१२) **''शान्तो दान्तः उपरतः तितिक्षुः... आत्मन्येव आत्मानं पश्येद्''** (बृह.उप.४।४।२३) इत्यत्र वर्णिताः सत्य-शम-दमादयः प्राप्तभक्तेः पुरुषस्य कृते साधनत्वेन अपेक्षिताः न वा इति **संशयः. पूर्वपक्षस्तु** भगवत्प्राप्तिरूपस्य फलस्य मुख्यं साधनं भगवदाविर्भावः तच्च शुद्धचित्तएव संभवतीति तदर्थं सत्य-शम-दमादयः प्राप्तभक्तेरपि पुरुषस्य अपेक्षिताः इति. स्वभावेनैव सत्यादिसर्वसाधनरूपतया भक्तेः प्रादुर्भावे सत्यादयः विहितत्वेन न अपेक्षिताः इति **उत्तरपक्षः.**

**कामादितरत्र तत्र च आयतनादिभ्यः** (३।३।३९) इति सूत्रम्.

## ( अथ चतुर्थाध्यायसंक्षिप्तानुक्रमणिका )

### [५] जगद्व्यापाराधिकरणम्

१. **जगद्व्यापारावर्जं प्रकरणाद् असंनिहितत्वात् च** ( ४।४।१७ ) इति सूत्रं, भाष्ये **''ब्रह्मविद् आप्नोति परं... यो वेद निहितां गुहायां परमे व्योमन् सो अश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चिता''** ( तैत्ति.उप.२।१ ) इति श्रुतिवाक्ये ब्रह्मणा सह भोगकरणं जीवस्य लौकिकव्यापारसहितं तद्रहितं वा इति **संशये** तत्सहितमेव इति **पूर्वपक्षः**. मुक्तिप्रकरणपठिते भोगे लौकिकव्यापारसाहित्ये मुक्त्युच्छेदः अन्यथा लौकिकव्यापारासम्भवः इति लौकिकव्यापाररहितमेव जीवस्य ब्रह्मणा सह भोगकरणम् इति **उत्तरपक्षः**

२. **प्रत्यक्षोपदेशाद् इति चेद् न आधिकारिकमण्डलस्थोक्तेः, विकारवर्ति च तथाहि स्थितिम् आह, दर्शयतश्च एवं प्रत्यक्षानुमाने, भोगमात्रसाम्यलिंगाच्च, अनावृत्तिः शब्दाद् अनावृत्तिः शब्दात्** ( ४।४।१८-२२ ) इति सूत्रेषु **''सर्वं हि पश्यः पश्यति''** ( छान्दो.उप.७।२६।२ ) इत्येवमादिवचने सर्वदर्शनात्मको लोकव्यापारप्रत्यक्षोपदेशः श्रावितः इति **शंकायां** स्वाधिकारिकं सर्वं पश्यति इति अर्थसंकोचे वैकारिकं सांसारिकं किमपि विषयं न पश्यति इति विवक्षितार्थाद् न दोषः. देशकालातीतनित्यलीलायां भगवतः विकारवर्तिदेशकालविषयिणी उक्तिस्थिती बाधिते न भवेताम् तादृशोक्तिः अलौकिकदेशकालविषयिणी इति **उत्तरपक्षः**. **''न एषा तर्केण मतिः आपनेया''** ( कठोप.१।२।९ ) इति प्रत्यक्षश्रुत्या तथा **''अलौकिकास्तु ये भावाः न तान् तर्केण योजयेद्''** ( महाभा. ) आनुमानिकस्मृत्या च सिद्ध्यति. पुरुषोत्तमेन भक्तसाम्यमपि भजनानन्दभोगौपयिकं न भगवत्स्वरूपेण भक्तौ. पुष्टिमार्गे भक्तानां भगवद्वादितवेणुशब्दात् तथा मर्यादामार्गे वेदोदितात् शब्दाद् न पुनरावृत्तिः इति.सिद्धान्तसंक्षेपः.

( एवम् अस्मिन् पादे पुष्टिमार्गीयाणां सपरिकरं फलं विचारितं, मर्यादामार्गीयाणाम् अनावृत्तिरूपञ्च, तेन अक्षरोपासकानाम् अक्षरे लयः, सविशेषोपासकानाम् अक्षरे साष्टिर्मुक्तिः, ज्ञानिभक्तानां भगवत्सेवनं, पुष्टिभक्तानान्तु स्वरूपानन्दानुभावः इति )

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

## બ્રહ્મસૂત્રભાષ્યનાં અધ્યાયોનાં પ્રારૂપ

કુલ દસ અધિકરણ છે. અધિકરણના પાંચ અંગો છે, વિષય સંશય પૂર્વપક્ષ ઉત્તરપક્ષ અને સંગતિ. વિષયાનુક્રમણિકામાં અહીં સંગતિ ઍવોઈડ્ કરવામાં આવી છે. કેમકે સંગતિ તો from first to last ચાલે. અહીં સિલેક્ટેડ્ પોર્શન્ લીધો છે તેથી સંગતિ મળવી મુશ્કેલ છે. એકનો સમ્બન્ધ બે સાથે હોય, ત્રણ સાથે તો ન હોય. એક અને ચાર વચ્ચે તો સંગતિ ન હોય. અને અહીં રૅન્ડમ્ સિલેક્ટ કર્યા છે. એટલે સંગતિ ડ્રોપ્ કરી છે. એ જ રીતે વિષય પણ ડ્રોપ્ કર્યો છે. કેમકે જે સંશય થઈ રહયો છે તેમાં વિષય પણ આવરી લેવાયો છે. એટલે સંશય પૂર્વપક્ષ ઉત્તરપક્ષ. ટૂંકમાં પ્રથમ મુદ્દો ખ્યાલમાં આવે.

બીજો, વલ્લભવેદાન્તને 'શુદ્ધાદ્વૈતવાદ' કહેવામાં આવે છે તે વલ્લભાલચાર્યએ આપેલું નામ નથી. એ મહાપ્રભુજીના ૨૦૦-૨૫૦ વર્ષ પછી નામ અપાયું. 'શુદ્ધાદ્વૈતવાદ' એ નામ માટે શંકા એટલી હતી કે 'ભેદાભેદસ્વરૂપનિર્ણય' એ શ્રીપુરુષોત્તમજીનો ગ્રન્થ છે એમાં જોકે 'શુદ્ધાદ્વૈત' શબ્દ નથી વાપર્યો પણ 'શુદ્ધાભેદ' શબ્દ વાપર્યો છે. ત્યાં શ્રીપુરુષોત્તમજી કહે છે કે શુદ્ધાભેદવાદ એ તો સૌથી વિરોધીવાદ છે એટલે ત્યાં સુધી વાત સૅટ્ નહોતી થઈ કે મહાપ્રભુજીના મતને 'શુદ્ધાદ્વૈત' કહેવો. સર્વોત્તમસ્તોત્રમાં ગુસાંઈજીએ **"સાકારબ્રહ્મવાદૈક સ્થાપકો વેદપારગઃ"** કહયું છે. આપણા મહાપ્રભુજીના સાહિત્યમાં દશમસ્કન્ધના જન્મપ્રકરણમાં 'શુદ્ધાદ્વૈત' શબ્દ વપરાયો છે, ત્યાં પોતાના મતના નહીં પણ અનુભવના એક પ્રકાર તરીકે કે બ્રહ્મનો આવો પણ અનુભવ હોઈ શકે છે! ત્યાં મહાપ્રભુજી કહી રહયા છે **"શુદ્ધાદ્વૈતં**

**ચ સ્ફુરતિ''** એટલે આપણે સમજી શકીએ છીએ કે મહાપ્રભુજી પોતાના મતને 'શુદ્ધાદ્વૈત' કહેવા નહોતા માંગતા. આ ટર્મ કોણે invent કરી તે ખ્યાલ નથી આવતો પણ શ્રીલાલુભટ્ટજી શ્રીપુરુષોત્તમજી આ બધા વિદ્વાનો જ્યારે કામ કરી રહ્યા હતા ત્યારે ઓચિન્તુ ક્લિક્ થયું કે આપણા મતનું નામ 'શુદ્ધાદ્વૈત' છે. જોકે સાવ ખોટી અક આ વાત છે કે મહાપ્રભુજીએ વિદ્યાનગરનો શાસ્ત્રાર્થ જીત્યો ત્યારે તેમને ટાઈટલ્ આપવામાં આવ્યું હતું તે 'શુદ્ધાદ્વૈતપ્રતિષ્ઠાપનાચાર્ય' કારણકે વિદ્યાનગરનો શાસ્ત્રાર્થ જ original નથી. આખી ફૅબ્રિકેટેડ્ સ્ટોરી છે. તેનાં કારણો જોઈએ.

વિદ્યાનગરના શાસ્ત્રાર્થથી મહાપ્રભુજીને આચાર્યપદ મળ્યું હોય તો ગુસાંઈજી ૧૦૮ નામોમાં એકાદ નામ તો વાપરત! ત્યાં લગ્નનો બાળકોના વંશ નો ઉલ્લેખ છે, મહાપ્રભુજીના ગમા-અણગમાનો ઉલ્લેખ છે, સાકાર-બ્રહ્મવાદનો ઉલ્લેખ છે, આટલા બધા ઉલ્લેખ છે અને વિદ્યાનગરના શાસ્ત્રાર્થનો ઉલ્લેખ નથી કે તે શાસ્ત્રાર્થ જીતવાથી આપશ્રીને તે બિરુદ/ટાઈટલ્ મળ્યું. પહેલાં કોઈ પણ આચાર્યને ક્યારે પણ 'આચાર્યત્વ'નું ટાઈટલ્ શાસ્ત્રાર્થ જીતવાથી મળતું તેમ માનવામાં આવતું ન હતું. કેમકે શાસ્ત્રાર્થો પ્રાચીનકાલમાં એટલા ઓપન્-માઈન્ડેડલી થતાં હતાં. શરૂઆતમાં શાસ્ત્રાર્થમાં હારેલો વ્યક્તિ તેના મતનો અનુગામી થઈ જાય. કોઈક વખતે આ ટ્રેન્ડ્ હતો પાછળથી આ ખતમ થઈ ગયું. તેનું કારણ કે કોઈ શાસ્ત્રાર્થ થયો, તેમાં એક વ્યક્તિ હારી ગયો હોય તો પણ પાછળથી તેણે બધો જવાબ લખી દીધો. કેમકે ડિબેટ્ તો સામ-સામે અને ટર્મ્સ ઍન્ડ્ કન્ડિશન્ થી થતી હતી એમાં કોઈ હારી જાય, કોઈ જીતી જાય. જેમકે જસુ પટેલની સ્પીન્ કરવાની પદ્ધતિથી ઑસ્ટ્રેલિયાએ નવ વિકેટ ખોઈ દીધી. શાસ્ત્રાર્થમાં કઈ વખતે શું છબરડો થઈ જાય એ ખબર નથી પડતી.

એના બે પ્રસિદ્ધ ઉદાહરણ, જૈનમતના વાદિરાજ સૂરિ બ્રાહ્મણ

વૈદિકમતના વિદ્વાન હતા. એમને શાસ્ત્રાર્થની બહુજ ચળ હતી. આ મુનિનો જંગલમાં કોઈ જૈનમુનિ સાથે મેળાપ થઈ ગયો. એમણે ચૅલેન્જ આપી કે જૈનમત સાચો કે વૈદિકમત સાચો. જૈનમુનિએ કહ્યું કે કોઈ મધ્યસ્થી તો છે નહીં તો હાર-જીતનો નિર્ણય કોણ આપશે? વાદિરાજ પોતાની ડિબેટ્ની સ્કિલ્ ઉપર over confident હતા. એમણે કહ્યું કે પેલો ગોવાળીયો ગાય ચરાવી રહ્યો છે તેને મધ્યસ્થ બનાવો. જૈનમુનિએ કબૂલ રાખ્યું. એમણે જૈન સામે જોરદાર પૂર્વપક્ષ માંડ્યો. એટલો ટૅક્નિકલ્ વિષય હતો કે ગોવાળિયાને ખબર ન પડી. જૈનમુનિએ ગોવાળિયાને સમજાય તેવી ભાષામાં ''ચોરી કરવી નહીં, કોઈને મારવું નહીં, કોઈકની સ્ત્રી તફડાવી લેવી નહીં'' ગોવાળિયાએ જૈનમુનિને વિજયી જાહેર કરી દીધા. ટર્મ્સ-કન્ડિશન્ પ્રમાણે તેમણે જૈનમત સ્વીકારવો પડ્યો.

શાસ્ત્રાર્થમાં એક 'કોટિક્રમ' હોય છે. એટલે આર્ગ્યુમૅન્ટ્નો ઑર્ડર કે આણે પહેલી આર્ગ્યુમૅન્ટ્ આ કરી તેનો જવાબ આ આપ્યો. ત્રીજી આર્ગ્યુમૅન્ટ્ આ કરી તો ચોથો જવાબ આ મલ્યો. આને 'કોટિક્રમ' કહેવાય. અદ્વૈત સંપ્રદાય અને દ્વૈત સંપ્રદાય ના કોટિક્રમોનો વિસ્તાર ૯૦૦ વરસમાં ૨૫૦-૩૦૦ સુધી થયો છે. હજુ પણ તેમાં ૧૦૦% સર્ટાનિટી તો આવી નથી. રામાનુજ મતના વેદાન્તદેશિક હતા એણે અદ્વૈતમતના ૧૦૦ વાદ ટૉપિક્સ્ને લઈને 'શતદૂષણી' નામનો ગ્રન્થ લખ્યો જેનો જવાબ ૮૦૦ વર્ષ સુધી અદ્વૈતીઓ આપી શક્યા ન હતાં.

હમણાં ૫૦ વર્ષ પહેલાં અદ્વૈત મતવાળાઓએ તેનો જવાબ આપ્યો. પ્રાચીનકાળમાં એવા પણ શાસ્ત્રાર્થ થયા છે જેમાં જે હારે તે બળીને મરી જાય, અને મરી પણ જતાં. વચનના એટલા પાક્કા હતાં. પાછળથી લોકોને ખ્યાલ આવ્યો અને તે વાતનું સૂત્ર હતું ''મતેઃ દોષઃ નતુ મતસ્ય દોષઃ'' શાસ્ત્રાર્થ હારવામાં મતિનો

દોષ છે મતનો દોષ નથી. કોઈ એકના શાસ્ત્રાર્થમાં હારી જવાથી મતમાં દોષ છે એવું સિદ્ધ નથી થતું.જે ડિબેટી પાર્ટીની મતિનો દોષ છે જેથી હારી ગયા. કોઈ પણ આચાર્યને શાસ્ત્રાર્થ જીતવાથી 'આચાર્ય' ટાઇટલ્ મળતું જ નથી. કનકાભિષેકનું ઐતિહાસિક પ્રૂફ ક્યાં છે? મહાપ્રભુજીના અષ્ટછાપ પૈકીના ચાર ભક્તોએ મહાપ્રભુજીના ઘણા કીર્તન લખ્યાં છે. એક પણ પદમાં નથી કે વિદ્યાનગરમાં શાસ્ત્રાર્થ થયો.

જ્યારે નાથદ્વારા માયગ્રેટ્ થયા ત્યારે આ પ્રોબ્લેમ્ ઉભી થઈ હશે. કેમકે industrial meghatownમાં જે ધર્મગુરુ મોટા જેના industrialist શિષ્ય હોય. તે જમાનામાં સવાલ થતો કે કયા રાજાએ તમને માન્ય રાખ્યા છે? ત્યારે કોઈએ વિદ્યાનગર બતાવી દીધું હશે. એટલે ખોટું હોવા છતાં ચાલ્યું તે ચાલ્યું.

કોઈ શાસ્ત્રાર્થ થયો નથી પણ તેની વિગતમાં એવું છપાયું છે કે ૨૭ દિવસ શાસ્ત્રાર્થ થયો અને તેમાં મહાપ્રભુજીએ બધાંને જીતી લીધાં. અને કૃષ્ણદેવરાયે કનકાભિષેક કરીને ટાઇટલ્ આપ્યું કે 'શુદ્ધાદ્વૈતમતપ્રતિષ્ઠાપનાચાર્ય'. મહાપ્રભુજીએ જ્યારે 'શુદ્ધાદ્વૈત' શબ્દ નથી વાપર્યો તો તમને કેવી રીતે ખબર પડી? આ વાત વાહિયાત છે. જે ઘરુવાર્તામાં લખ્યું છે કે કનકાભિષેક થયો અને ઓરછાના લોકો ખુશ થઈ ગયા. પણ કનકાભિષેક થયો વિદ્યાનગરમાં (કર્ણાટકમાં) અને ઓરછામાં શું ટેલીકાસ્ટ્ થઈ રહ્યો હતો કે ઓરછાના લોકો ખુશ થઈ ગયા!

બીજું, મહાપ્રભુજીના બાયોગ્રાફીના ત્રણ ગ્રન્થો મળે છે ૧.વલ્લભદિગ્વિજય જે યદુનાથજીના નામે લખાયો છે. ગુસાંઈજીના ૬ઠા લાલજી. તે વખતનાં પુષ્ટિમાર્ગી મૅગેજીન્માં છપાયો હતો તે વખતે પૂછ્યું કે આની મૅનિસ્ક્રિપ્ટ્(હસ્તાક્ષર) તો દેખાડો! આજ

સુધી આની મૅનિસ્ક્રિપ્ટ્ મળી નથી. એમાં વિગતો બહુ જ wonderfull છે તેમાં શંકા નથી. પણ તે details ને authenticate કરવા માટે કોઈક મૅનિસ્ક્રિપ્ટ્ તો જોઈએ. જેટલી પણ મૅનિસ્ક્રિપ્ટ્ મળે છે તે ૧૦૦-૧૫૦ વર્ષની છે અને શ્રીયદુનાથજી ૪૦૦ વર્ષ પૂર્વે થઈ ગયા છે. How to rely on such? એક મુરલીધરદાસનું ચરિત્ર મળે છે તેમાં વિદ્યાનગર કે વિજયનગર નથી પણ વિશાખાનગર (આજનું વિશાખાપટ્ટમ્)લખેલું છે. એક western cost ઉપર છે બીજો eastrn cost ઉપર છે. How to rely?

ગદાધરદાસજીનો (૨)'સમ્પ્રદાય પ્રદીપ' મળે છે એ કાંકરોલીવાળાઓએ તે વખતે છપાવ્યો હતો. તે ૧૪ મૅનિસ્ક્રિપ્ટના આધારે ટૅલી કરીને છપાયો હતો. એમાં ઍડિટર્ કહે છે કે ૧૫૦ વર્ષના પહેલાની કોઈ પણ મૅનિસ્ક્રિપ્ટ્માં કનકાભિષેકનું કોઈ વર્ણન નથી, તુલાદાનનું વર્ણન છે. અને ૧૫૦ વર્ષ પછી તુલાદાનનો કનકાભિષેક કરવામાં આવ્યો છે. એમાં સ્ટોરી એમ છે કે વિજયનગરના રાજાએ દાન આપવા માટે એક સોનાનું પૂતળુ બનાવ્યું હતું. તેની આંગળી (ઉભી) આમ હતી કે બ્રાહ્મણ છો તો એક સંધ્યા કરો છો? એમાં મહાપ્રજીએ આમ આંગળી(ત્રણ) બતાવી એટલે શાસ્ત્રાર્થમાટે ઍલિજીબલ્ થઈ ગયા. તમે એક સંધ્યાનું પૂછી રહ્યા છો અમે ત્રણે-ત્રણ સંધ્યા કરીએ છીએ. અત્યારે ત્રણ સંધ્યા કરનારા ઘણા બ્રાહ્મણો મળશે પણ તેથી કાંઈ 'આચાર્ય'ની પદવી મળતી નથી. એ સ્ટોરીમાં એમ કહેવામાં આવ્યું છે કે મહાપ્રભુજીએ ત્રણ સન્ધ્યા કરું છું એમ કહ્યું ત્યારે રાજાએ તુલાપુરુષનું દાન (સોનાની મૂર્તિનું) મહાપ્રભુજીને કર્યું. પાછળથી એ સ્ટોરીને ટ્વીસ્ટ્ કરવામાં આવી કનકાભિષેકમાં એ વાત તન્ત્રી લખે છે.

ગુસાંઈજી વખતનું (૩)વલ્લભાખ્યાન છે. ગુજરાતના રૂપાલ ગામના ગોપાલદાસ ગુસાંઈજીના સેવક હતા અને અસારવામાં તેમનું

સાસરું હતું. તેઓએ વલ્લભાખ્યાન લખ્યું છે જે પુષ્ટિમાર્ગીય ભાગવત છે. એમાં ગોપાલદાસજી કહે છે ''કનક સ્નાન શતમણ સુવર્ણે કરાવ્યું મહિપાલ તે મૂકી વેગે ચાલીયા રાય દૃષ્ટિ ન પાછી વાળી, ત્યાંથી દક્ષિણ પાઉંધારિયા પાંડુરંગ શ્રીવિઠલનાથ..''જ્યાં કનકાભિષેક થયો તેનાથી દક્ષિણ તરફ પાંડુરંગ શ્રીવિઠલનાથ છે. હમ્પીથી પંઢરપુર નોર્થમાં છે જે ટેલી નથી થતું.

જટાશંકર શાસ્ત્રીજીએ બીજુ એક પ્રૂફ આપેલું કે તિરુપતિ બાલાજીમાં કૃષ્ણદેવરાયની એક મૂર્તિ છે. કૃષ્ણદેવરાયે તે વખતે ઘણું બધું ડોનેશન્ આપ્યું હતું. એ મૂર્તિપર જે તિલક છે તે પુષ્ટિમાર્ગીય તિલક છે. તેથી કૃષ્ણદેવરાય મહાપ્રભુજીના શિષ્ય હતા. પરન્તુ ૮૦૦ વર્ષ જૂના જૈનોના શિલ્પ જુઓ તો બધાના માથા ઉપર તિલક છે. આ તિલક તે વખતે પૉપ્યુલર્ હતું એટલે ચિત્રકારો શિલ્પકારો કોઈના પણ માથા ઉપર તિલક લગાડી દેતા. તેથી કૃષ્ણદેવરાય મહાપ્રભુજીનો શિષ્ય હતો તે કેવી રીતે પ્રૂવ્(સાબિત) થાય? જે કાંઈ પ્રૂફ મળે તેના આધારે નિર્ણય કરવો અપ્રામાણિક છે. એટલે એકંદરે એ સમજી શકાય કે 'શુદ્ધાદ્વૈત' નામ મહાપ્રભુજીએ નથી આપ્યું. લાલુભટ્ટજીએ લગભગ ૩૦૦ વર્ષ પહેલાં આ નામ આપણા મતના નામ તરીકે વાપર્યું છે. પાછળથી વપરાયું છે પણ તે ખોટું છે તેમ નથી માનતાં. અને લાલુભટ્ટજીના સિનિયર્ કન્ટમ્પરરી એ નથી વાપરી રહ્યા. 'શુદ્ધાદ્વૈતવાદ' શબ્દ મહાપ્રભુજીનો નથી, પણ નામ વાપરી શકાય તેમ છે.

આના સૅલિયેન્ટ્ ફિચર્ (વિશેષતા) શું?

૧.**બ્રહ્મવાદ:** જેને ગુસાંઈજી 'સાકાર-બ્રહ્મવાદ' કહે છે.

૨.**વિરુદ્ધધર્માશ્રયતા:** બ્રહ્મની વિરુદ્ધધર્માશ્રયતા મહાપ્રભુજીના શુદ્ધાદ્વૈતવાદમાં અતિ મહત્ત્વની છે. બ્રહ્મની વિરુદ્ધધર્માશ્રયતાનો

શ્રીશંકરાચાર્યજી અસ્વીકાર નથી કરતાં. **''તસ્માત્ તાર્કિકતાચાટભટ્ટરાજાઅપ્રવેશ્યમ્ અભયં દુર્ગમ્ ઇદમ્, અલ્પબુદ્ધયગમ્યં શાસ્ત્રગુરુપ્રસાદરહિતૈઃ ચ 'તદ્ એજતિ તદ્ ન એજતિ તદ્દૂરે તદ્વન્તિકે' ઇત્યાદિ વિરુદ્ધધર્મસમવાયિત્વપ્રકાશકઃ મન્ત્રવર્ણેભ્યઃ ચ''** શ્રીશંકરાચાર્યજી બ્રહ્મની પ્રશંસા કરતાં કહે છે કે બ્રહ્મ એક એવો ગઢ છે કે તાર્કિક રાજાની ચાપલુસી કરવાવાળા ભાડૂતિ સૈનિકો જેવા વિચારક આ ગઢમાં પ્રવેશ કરી શકતાં નથી. બ્રહ્મના દુર્ગમાં કોઈ તર્ક થઈ શકતો નથી. બ્રહ્મ તર્કના વિચારથી ગમ્ય નથી. ઓછી બુદ્ધિવાળા પણ બ્રહ્મના ગઢમાં પ્રવેશ કરી શકતા નથી. જેના ઉપર શાસ્ત્રની કૃપા હોય, શાસ્ત્ર સમજવાની જેનામાં બુદ્ધિ હોય અને ગુરુએ તેને સરખી રીતે ભણાવ્યો હોય તેવો બુદ્ધિમાન હોય તે અહીં પ્રવેશ કરી શકે છે. **''તદેજતિ તન્નૈજતિ''** તે વાયબ્રન્ટ્ છે કે નૉન્-વાયબ્રન્ટ્ છે, એવા વિરુદ્ધવચનો શાસ્ત્ર કહેતો હોય તો તાર્કિકને કેવી રીતે ખબર પડે? એટલે વિરુદ્ધધર્માશ્રયનું વર્ણન કરનારા મન્ત્રવર્ણ શાસ્ત્રમાં મળે છે.

મહાપ્રભુજી આ જ વાત કહી રહ્યા છે **''વિરુદ્ધસર્વધર્માણામ્ આશ્રયં યુક્ત્યગોચરમ્''** (ત.દી.નિ.૧।૭૧) પણ તેથી મહાપ્રભુજીનો બ્રહ્મવાદ ફક્ત વિરુદ્ધધર્માશ્રય કહેવાથી શ્રીશંકરાચાર્યજીના મતથી ભિન્ન થતો નથી. કારણકે શ્રીશંકરાચાર્યજી સાકાર નથી માનતા, નિર્ગુણ-નિરાકાર માને છે. જોકે વિરુદ્ધધર્માશ્રયતાને માની રહ્યા છે.

૩. **સત્કારણવાદ:** એટલે જગત્ જે પેદા થયું છે તે અસત્માંથી પેદા નથી થયું પણ સત્માંથી પેદા થયું છે. શ્રીશંકરાચાર્ય પણ અસત્કારણવાદ કહેતાં નથી તેથી આપણને એવી ભ્રમણા થાય કે આ બાબતમાં મહાપ્રભુજી અને તેમની મતૈક્યતા છે પરન્તુ એવું નથી. કારણકે તેઓ સત્ના બે વિભાગ કરે છે. ૧. પારમાર્થિક સત્ ૨. વ્યાવહારિક સત્. શ્રીશંકરાચાર્યજીના હિસાબે બ્રહ્મ પારમાર્થિક સત્ છે અને માયા (અજ્ઞાન) એ વ્યાવહારિક સત્ છે. અજ્ઞાનની

વ્યાવહારિક સત્તા સ્વીકારવાને કારણે શ્રીશંકરાચાર્યજી સત્કારણવાદ કહી રહ્યા છે, બ્રહ્મને કારણ માનીને સત્કારણ નથી માની રહ્યા પણ માયા(અજ્ઞાન) છે અને તેનાથી જગત્ પેદા થયું છે. મહાપ્રભુજી આવા બે જાતના સત્‌ને સ્વીકારતાં નથી. હકીકતમાં તો શ્રીશંકરાચાર્યના હિસાબે પ્રાતિભાસિક (ઍપરેન્ટ્) સત્, વ્યાવહારિક (પ્રૅક્ટિકલ્) સત્ અને પારમાર્થિક (ઍબ્સલ્યૂટ) સત્ એમ ત્રણ વિભાગ કરે છે. બ્રહ્મ ઍબ્સલ્યૂટ્ ટ્રુથ્ છે, જગત્ પ્રૅક્ટિકલ્ ટ્રુથ્ છે. સ્વપ્ન અને ભ્રમ એ બધા પ્રાતિભાસિક છે. જેવી રીતે મૃગજળ અને રસ્સીપર સાપની ભ્રાન્તિ. આ અર્થમાં તેઓ સત્કારણવાદ કહી રહ્યા છે.

જેમ બુદ્ધાનુસાર કોઈ પણ કાર્ય nothingnessનું પ્રોડક્ટ્ છે. થોડાઘણા અંશમાં નૈયાયિકો આ વાતને સ્વીકારે છે કારણકે કાર્યની ઉત્પત્તિ અસત્કારણમાંથી પેદા થાય છે. તે દષ્ટિથી તેઓ પણ અસત્કારણવાદી છે. આની આલોચના કરતાં શ્રીશંકરાચાર્ય અસત્કારણવાદ નથી એવું કહી રહ્યા છે. જે ઉપરના શ્લોકમાં સમજાવ્યું છે. તેમણે માયિક સત્કારણનો સ્વીકાર કર્યો છે નહીંકે પારમાર્થિક સત્‌નો.

૪. **સત્કાર્યવાદ:** એટલે કાર્યની ઉત્પત્તિની પહેલાં કાર્ય, કારણરૂપે મોજુદ હતું તેનું નામ 'સત્કાર્યવાદ'. કારણનું કાર્યમાં રૂપાન્તર થાય છે. આ વાત શ્રીશંકરાચાર્યજી પણ સ્વીકારે છે પરન્તુ તેમનું વ્યાવહારિક સત્ છે તે દષ્ટિથી તેઓનો મત અલગ છે. સત્‌ની પરિભાષા બન્નેની ભિન્ન છે.

૫. **આવિર્ભાવ-તિરોભાવવાદ:** એટલે કોઈ પણ પ્રોડક્શન્ મૂળમાં તો રિવીલમૅન્ટ્ છે. રિવીલ્ (પ્રકટ) થાય છે અને કન્સીલ્ (અપ્રકટ) થાય છે. કોઈકને ત્યાં પ્રોડક્શન્ ઓરિજિનેશન્ (કાર્યની ઉત્પત્તિ) છે એટલે પહેલીવાર આવ્યું. આપણે ત્યાં ઓરિજિનેશન્ નથી. કારણકે આપણે સત્કારણવાદ અને સત્કાર્યવાદ માની રહ્યા છે. જે કારણરૂપમાં

ઢંકાયેલો હતો તે કાર્યરૂપમાં આવિર્ભૂત થયો. આવિર્ભાવને પ્રાદુર્ભાવ પણ કહી શકાય. પ્રભુમાટે આચાર્યોમાટે 'પ્રાદુર્ભાવ' એવો શબ્દ વપરાય છે અને જડવસ્તુ માટે 'આવિર્ભાવ' એવો પ્રયોગ કરીએ છીએ. હવે સત્નો કૅરેક્ટર્ જો હોમોજિનિયસ્ (સજાતીય, વિચાતીય, સ્વગત ભેદરહિત) ન હોય અને કમ્પાર્ટમૅન્ટ્ હોય, જેવાકે ઍબ્સલ્યૂટ્ પ્રૅક્ટિકલ્ અને ઍપરેન્ટ્. તો શ્રીશંકરાચાર્યજી પણ આવિર્ભાવ-તિરોભાવ કહી શકે. પણ તેમના મતે આવિર્ભાવ ઍબ્સલ્યૂટ્ ટ્રુથ્નો નહીં પરન્તુ પ્રૅક્ટિકલ્ અને ઍપરેન્ટ્ ટ્રુથનો થઈ રહ્યો છે. આપણે આવિર્ભાવ-તિરોભાવ ઍબ્સલ્યૂટનો કહી રહ્યા છે. અહીં આપણો અને તેમનો મતભેદ છે. ઍબ્સલ્યૂટ્ આવિર્ભાવ-તિરોભાવ એટલે પારમાર્થિક બ્રહ્મ જગતરૂપે આવિર્ભૂત થયો છે અને જગત્ જે નામરૂપકર્માત્મક છે એ પ્રકટ થયા પહેલાં બ્રહ્મમાં હતાં અને એ એટલા જ પારમાર્થિક હતાં કે જેટલો પારમાર્થિક બ્રહ્મ છે.

શ્રીશંકરાચાર્યજીના મતમાં **''અસ્તિ ભાતિ પ્રિયં રૂપં નામ જ ઈતિ અંશ પઞ્ચકમ્ આદ્યત્રયં બ્રહ્મરૂપં દ્વિતીયં માયિકં મતમ્''** ( સિ.લે.૨૮ ) 'અસ્તિ' = છે 'ભાતિ' = ભાન થવું. 'પ્રિયં' = જેનું ભાન થાય છે તે પ્રિય પણ છે આ ત્રણ ક્વોલિટી જે દેખાઈ રહી છે તે બ્રહ્મની છે પણ નામ-રૂપ એ બ્રહ્મનું નથી, એ માયાથી આવેલા છે. Apparent and practical world is consisted of nam and roop, means concept and percept. what you conceive is nam and what you perceive is roop. નામ-રૂપ માયિક છે. સત્ ન હોવા છતાં સત્ જેવાં ભાસે છે. મહાપ્રભુજી **''નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાદ્ભુતકર્મણે રૂપનામવિભેદેન જગત્ ક્રીડતિ યો યતઃ''** ( ત.દી.નિ.૧૧ ) આપણે નામ-રૂપ બ્રહ્માત્મક માનીએ છીએ. સૃષ્ટિ પહેલાં નામ-રૂપ બ્રહ્મમાં બ્રહ્મરૂપે મોજુદ હતાં. સૃષ્ટિમાં નામ-રૂપની બ્રહ્મતા ઢંકાઈ ગઈ અને જગદ્રૂપે પ્રકટ થયાં. આને 'આવિર્ભાવ' કહેવાય.

૬. **કાર્ય-કારણ તાદાત્મ્યવાદ અને અંશાશી તાદાત્મ્યવાદ:** જગત્ બ્રહ્મનું કાર્ય છે, બ્રહ્મ જગતનું ઉપાદાન કારણ છે. ઉપાદાન કારણ અને કાર્ય માં સુવર્ણ અને ઘરેણાં ની જેમ તાદાત્મ્ય છે. એટલે ઘરેણાં બન્યાં પછી સોનું ઘરેણાંનું રૂપ લઈ લે છે અને ઘરેણાં સુવર્ણાત્મક હોય છે. After formation of ornament gold acquired form of ornament and ornament retains form of substance of gold. so there is a relation of identity betwen ornament and gold and causal identity. તે પ્રમાણે જીવ અને બ્રહ્મ માં કાર્ય-કારણનું તાદાત્મ્ય નથી પણ અંશાશીનું તાદાત્મ્ય છે. જીવ બ્રહ્મનો અંશ છે, બ્રહ્મ અંશી છે. શ્રીશંકરાચાર્યજીમાં કાર્ય-કારણનું તાદાત્મ્ય નથી પણ અંશાશીતાદાત્મ્યને માને છે કારણકે **"બ્રહ્મ સત્યં જગન્મિથ્યા જીવો બ્રહ્મૈવ નાપરઃ"** બ્રહ્મ સત્ય છે જગત્ મિથ્યા છે એટલે બ્રહ્મ અને જગત્ નું તાદાત્મ્ય સંભવ નથી. જીવ બ્રહ્મ જ છે અને અંશ છે પણ અંશી નથી. બ્રહ્મ અંશી છે. આ તાદાત્મ્યની વાત તેઓ પણ સ્વીકારે છે. આમાં એક વાત સમજવા જેવી છે કે હકીકતમાં જીવ અંશી જ છે પરન્તુ અજ્ઞાનને કારણે જીવ પોતાને અંશ માને છે. તેનું ઉદાહરણ આપતાં કહે છે કે ૬-૭ ઘડામાં પાણી ભરીને મેદાનમાં મૂકી દો, તો તેમાં સૂર્યપ્રકાશનું રિફ્લેક્શન્ આવે છે તે સૂર્ય જેટલો મોટો નથી હોતો પણ ઘડા જેટલો હશે. તેમાં સૂર્યની ચમક તો હશે પણ તેમાં અંશત્વ ઘડાને કારણે ખોટું દેખાય છે. આપણા મત પ્રમાણે જેવી રીતે પારાની એક ગોળી જમીન પર પડે તો દસ પારાની નાની-નાની ગોળી થઈ જાય અને બધી પારાની ગોળી સત્ય છે. શ્રીશંકરાચાર્યજીના પ્રમાણે Consiousness of brahman and jiv is one. They are not two concept as light is one but the light which emit from sun is much wider then light which reflect from pot but light is real.

**૭. લીલયા સૃષ્ટિવાદ:** જગત્‌ને બ્રહ્મનું ક્રિયેશન્ માનવાથી બ્રહ્મનું જ્ઞાન તો થઈ શકે છે પણ ભક્તિ થઈ શકતી નથી પણ જગત્‌ને જો બ્રહ્મની લીલા માનશો (ક્રિયેશન્ નહિં) તો બ્રહ્મ ગમવા લાગશે અને ભક્તિ થશે. કોઈ પણ વસ્તુને આપણે લીલા માનીએ તો અણગમો ન થાય અને ઍક્શન્ માનીએ તો ગમા-અણગમાની પ્રતિક્રિયા થાય. જેવી રીતે આજ-કાલ કૉલેજિયન્ વિદ્યાર્થી જન્મદિવસની રાત્રે માથામાં જૂતા મારે છે એને જો કૃતિ માનીએ તો મારા-મારી થઈ જાય. પણ લીલા છે એટલે આનન્દ આવે છે. અને તે પ્રમાણે તેઓ તેને ઉજવે છે. If you understand world as a sport of brahman then you may have devotion for him.

શ્રીશંકરાચાર્યજીના મતે પરન્તુ ભક્તિ પણ મિથ્યા (ભ્રમ) છે. એમના પ્રમાણે ભ્રમની નિવૃત્તિ જ્ઞાનથી થાય છે. ભ્રમના બે પ્રકાર ૧.નિરૂપાધિક અને ૨.સોપાધિક. 'નિરૂપાધિક ભ્રમ' એટલે જ્યારે કોઈ સબ્સ્ટ્રેટમ્‌ની (આધાર) આપણને અવેયર્‌નેસ્ નથી તો તમને ગેરસમજ અથવા ભ્રમ થાય છે તેને 'નિરૂપાધિક ભ્રમ' કહે છે જેમ ઝાંઝવાનું જળ(મિરાજ્). Any illusion that occurs due to misunderstanding of reality is 'Nirupadhik bram'. Like wise there are certain condition of illusion also. (સોપાધિક ભ્રમ) જેમ પીળીયો થાય તો બધું પીળું દેખાય અથવા લીલા ચશ્મા પહેર્યા હોય તો બધું લીલું દેખાય આ સોપાધિક ભ્રમ છે. નિરૂપાધિક ભ્રમ જ્ઞાનથી નિવૃત્ત થાય છે. પણ સોપાધિક ભ્રમને દૂર કરવામાટે તે ઉપાધિ અથવા કન્ડિશન્ દૂર કરવી પડશે એટલે ચશ્મા ઉતારવા પડશે. અથવા બ્રાઉન્ ચશ્મા પહેરીએ તો સમજમાં આવશે કે આ તકલીફ રિયાલિટીની નથી પણ ચશ્માની છે, એવી રીતે સંસારના ચશ્મા ઉતારી ભક્તિના ચશ્મા પહેરાવવા માટે **"ભજ ગોવિન્દં ભજ ગોવિન્દં મૂઢમતે"** એ શ્રીશંકરાચાર્ય કહે છે તેથી સંસારનો ભ્રમ દૂર થઈ જશે.

'ભજ ગોવિન્દં'માં ન ભજન સત્ય છે ન ગોવિન્દ સત્ય છે ન ભક્ત સત્ય છે, ત્રણે મિથ્યા છે. તે ભ્રમ પેદા કરવાને કારણે ખરાબ ભ્રમ = સંસારનો ભ્રમ દૂર થઈ જાય છે. જેમકે એક આફ્રિકન્‌ને પેટમાં ઍસિડિટી થઈ ગઈ હતી. તેને એવો ભ્રમ થયો કે મારા પેટમાં વીંછી ઘૂસી ગયો છે. ત્યાંના પાદરીએ બધા ઉપાય કર્યા પરન્તુ તેનો ભ્રમ નિવૃત્ત થયો નહીં. અન્તે પાદરીએ એક વીંછીને મારીને રાખ્યો અને તે આફ્રિકનનું ખોટું ઑપરેશન્ કરી અને પેટમાંથી વીંછી કાઢ્યો છે તેવું તેને બતાવ્યું ત્યારે તેને ઍસિડિટી દૂર થઈ ગઈ. સમજવાની વાત એ કે પહેલાં વીંછી ઘૂસવાનો ભ્રમ હતો અને બીજો ભ્રમ વીંછી નિકળવાનો હતો તેથી દર્દ મટી ગયું. એટલે ભ્રમ પણ કામ કરતો હોય છે. ઈલ્યુજન્ બાય્ ઈટ્ સૅલ્ફ્ અન્‌રિયલ્ હોવા છતાં તેની અસર રિયલ્ થતી હોય છે આપણા વર્તનમાં સમજમાં અને ભાવમાં. એ પ્રમાણે ભક્તિનો ભ્રમ પેદા કરી સંસારનો ભ્રમ દૂર કરવો એ એમનો મત છે. તેમના પ્રમાણે નામ-રૂપ બધુંજ મિથ્યા છે. Reality can not have any form and conception. whatever you conceive can not be real, where ever there is a form it can not be a real. એ કહી રહ્યા છે કે **"નચ ત્વં નચ અહં નચ અયં પ્રપંચ:"** ન તમે છો, ન હું છું, ન આ જગત્ છે. હવે તેમનો મત અને બુદ્ધનો મત સમાન થઈ જાય છે તેવી શંકાના સમાધાનમાં એમ કહી શકાય કે બુદ્ધ બ્રહ્મને નથી માનતા જ્યારે શ્રીશંકરાચાર્યજી બ્રહ્મને માને છે. **"નેશિતવ્યમ્ અનપેક્ષ્ય ઈશ્વરો નેશિતવ્યમ્ અનપેક્ષ્ય ઈશ્વરમ્"** ઈશ્વર ન હોય તો ઈશિતવ્ય નથી હોતો. ઈશિતવ્ય ન હોય તો ઈશ્વર નથી હોતો. બન્ને એક-બીજા વિના થઈ શકતા નથી એટલે બન્ને મિથ્યા છે. **"તતો ઉભયં મૃષા"** બન્ને એક-બીજા પર નિર્ભર છે એટલે બન્ને મિથ્યા છે. હવે જો શંકરાચાર્યજી તેમના આ મત પ્રમાણે લીલાને માને તો તે પણ મિથ્યા હશે. આ શુદ્ધાદ્વૈત અને કેવલાદ્વૈત નું તુલનાત્મક વિવેચન છે.

આપણે અધિકરણનો વિચાર પણ આ(શુદ્ધાદ્વૈત દર્શનના) આધારે કર્યો છે જેમ **''અથાતો બ્રહ્મજિજ્ઞાસા''**માં બ્રહ્મવાદ આવી જાય, પછી વિરુદ્ધધર્માશ્રયતા, સત્કારણવાદ, સત્કાર્યવાદ આવિર્ભાવ-તિરોભાવવાદ, અવિકૃત પરિણામવાદ, કાર્ય-કારણ તાદાત્મ્યવાદ, અંશાશી તાદાત્મ્યવાદ, અભિન્નનિમિત્તોપાદાનતાવાદ અને છેલ્લે લીલાત્મસૃષ્ટિવાદ આવે તો શુદ્ધાદ્વૈતવાદની પૂરી રૅસીપી આવી ગઇ જેને કારણે કેવલાદ્વૈતથી પૃથકતા સમજમાં આવે. આ બન્ને થિયરી અદ્વૈતના સિદ્ધાન્તમાં માનતી હોવા છતાં શ્રીશંકરાચાર્યજીનો કેવલાદ્વૈતવાદ નૅગેટિવ્ અદ્વૈતવાદ છે જ્યારે આપણો શુદ્ધાદ્વૈતવાદ પૉજિટિવ્ અદ્વૈતવાદ છે. એ પ્રમાણે અહીંયા પ્રથમાધ્યાય (પ્રમાણ) અને દ્વિતીયાધ્યાય (પ્રમેય) નો વિચાર કર્યો છે.

શ્રીશંકરાચાર્યજી અને મહાપ્રભુજી બન્ને એક વાતમાં સહમત છે કે બ્રહ્મ સ્વપ્રકાશ છે. જેમ લાઈટ્ સ્વપ્રકાશ છે પણ ભીંત પર પડતી લાઈટ્ પરપ્રકાશિત છે. દુનિયાની કોઈ પણ વસ્તુ યા ઑબ્જેક્ટ્ સ્વપ્રકાશિત નથી. આપણી ચેતનાને કારણે (કૉન્શિયસનેસ્) વસ્તુ પ્રકાશિત થાય છે. આપણી ચેતના સ્વપ્રકાશિત છે કારણકે આપણને કોઈને પૂછવાની જરૂર નથી રહેતી કે હું ચેતન છું કે અચેતન. એટલે જે શુદ્ધ ચેતના છે તે સ્વપ્રકાશિત છે. આ બાબતમાં પણ બન્નેનો એકમત છે.

શ્રીશંકરાચાર્યજી ઉપરની વાતનો નિષ્કર્ષ એમ આપી રહ્યા છે કે જો બ્રહ્મ સ્વપ્રકાશ હોય તો જે પણ વસ્તુથી બ્રહ્મ પ્રકાશિત થઈ રહ્યો હોય તે વસ્તુ ખોટી છે, અરીસાની જેમ. બ્રહ્મ પણ માયાના રિફ્લેક્શન્ની સામે ઉભો છે. આપણી સ્વપ્રકાશિતતા અરીસાના રિફ્લેક્શન્માં ખોટી છે તે રીતે કોઈ પણ પ્રૂફ્ બ્રહ્મના અસ્તિત્વની બાબતમાં સાચું હોઈ શકતું નથી. એટલે બધાં પ્રમાણો જે બ્રહ્મના અસ્તિત્વને સિદ્ધ કરતાં હોય તે બધાં ખોટાં છે. વેદ પણ બ્રહ્મનું ખોટું રિફ્લેક્શન્ આપી રહ્યા છે. Perception does not give

you even falls reflections. Logic will never give you any reflection because logic would like to destroy the reflection. In that sense Ved has some utility like mirror to do shave etc. As per their theory existence of brahman can be proved by our self-awareness because our self-awareness can not be different then self-awreness of brahman. Therefore brahman exist. But if you give any proof other then self-awareness that's a falls reflection. As far as the validity of self-awareness is concerned it can not come either in the frame of co-herence theory or correspondence theory or utilitarian theory.

શ્રીશંકરાચાર્યજી આજ્ઞા કરે છે **''ન ચૈકં તદન્યદ્ દ્વિતીયં કુતઃ સ્યાદ્ ન વા કેવલત્વં ન ચાકેવલત્વં ન શૂન્યં ન ચાશૂન્યમ્ અદ્વૈતકત્વાત્ કથં સર્વવેદાન્તસિદ્ધં બ્રવીમિ''** (દશશ્લોકી-૧૦) બ્રહ્મમાં એક હોવાના ગુણ નથી તો બીજો ક્યાંથી હોઈ શકે? તેથી કેવલ છે કે અકેવલ છે તે કહી શકાતું નથી. જો બુદ્ધ કહે કે શૂન્ય છે તો શ્રીશંકરાચાર્યજી કહે કે શૂન્ય પણ નથી અને અશૂન્ય પણ નથી. કેમકે જે કાંઈ કહી રહ્યા છો તે નથી. સૅલ્ફ-અવૅર્ ફિનોમિના છે. તમે મારાથી કહેવડાવવા માંગો છો પણ હું કેવી રીતે કહું? કારણકે બ્રહ્મ કહી શકાતો નથી. કહેવાથી પાછું મિથ્યાત્વ પ્રકટ થશે. કહેવાને કારણે જ મિથ્યાત્વ પ્રકટ થઈ રહ્યું છે. બ્રહ્મ પોતાના સ્વાનુભવથી સમજમાં આવશે. એટલે પોતાની સૅલ્ફ-અવૅયર્નેસ્માં બ્રહ્મ જણાતો હોય તો સાચું જણાય છે.

મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે બ્રહ્મ સૅલ્ફ-અવૅયર્ છે તેથી જે કાંઈ આપણે પ્રૂફ આપી રહ્યા છે તે ટૅન્ટેટિવલી બ્રહ્મ જ છે. Brahman can be proved on the bases of brahman like proof and ved is a brahman like proof. We can see the wall with help of light but light can be seen directly.

Light does not require assistance of any other phenomena. બ્રહ્મ કેમકે સ્વપ્રકાશ છે તેથી જે પણ વસ્તુથી બ્રહ્મ સિદ્ધ થતો હોય તો તે પણ બ્રહ્મ છે. અને બ્રહ્મ સિદ્ધ નથી થઈ રહ્યો તો સમજી લો કે બ્રહ્મ નથી. જો perception ના આધારે બ્રહ્મ સિદ્ધ થતો હોય તો perception બ્રાહ્મિક છે. જો અનુમાનના આધારે બ્રહ્મ સિદ્ધ થતો હોય તો અનુમાન પણ બ્રાહ્મિક છે. જો શબ્દના આધારે બ્રહ્મ સિદ્ધ થતો હોય તો શાબ્દિક જ્ઞાન પણ બ્રાહ્મિક છે. બ્રહ્મને બ્રહ્મથી જ સમજી શકશું.

બ્રહ્મની પ્રાપ્તિ બ્રાહ્મિક સાધનોથી જ થશે દુન્યવી સાધનોથી નહીં. શું કોઈ સાધન બ્રહ્મની પ્રાપ્તિ માટે શક્ય કે ઉપદિષ્ટ છે? જો 'હા' હોય તો તે બ્રહ્મ સાથે આઈડેન્ટિકલ્ હોવું જોઈએ. આના માટે મહાપ્રભુજી કહે છે કે જ્યારે રામ-કૃષ્ણના અવતારમાં પ્રત્યક્ષદર્શન થયાં તે પ્રત્યક્ષદર્શન બ્રહ્મની લીલા હતી. લૉજીકલી જો બ્રહ્મ સિદ્ધ થતો હોય તો તે આપણી બુદ્ધિમાં બ્રાહ્મિક ફંક્શન્ છે. વર્બલ્ ઈન્ફોર્મેશન્ જે મળી રહી છે તેનો સાઉન્ડ્ બ્રાહ્મિક સાઉન્ડ્ છે. એટલે ઉપનિષદ્માં ગીતામાં કહે છે **"'ૐ'ઇતિ એકાક્ષરં બ્રહ્મ"** (ભગ.ગીતા ૮।૧૩) 'ૐ' બ્રહ્મના ત્રણ રૂપોને રિવિલ્ કરે છે. 'અ''ઉ''મ' એ ઉત્પત્તિ સ્થિતિ અને લય બતાવે છે. એ બ્રહ્મનો **"યતો વા ઈમાનિ ભૂતાનિ જાયન્તે યેન જાતાનિ જીવન્તિ"** (તૈત્તિ.ઉપ.૩।૧) તો વેદ 'ૐ'ને બ્રહ્મ કહે છે. બ્રહ્મને જાણવા માટે બ્રાહ્મિક સાધનો જ કામ લાગશે. બ્રહ્મની પ્રાપ્તિ બ્રહ્મદ્વારા થશે. અને ફલ બ્રહ્મ પોતે છે. તેથી સાધન અને ફલાધ્યાય માં જેટલા પણ સાધનો છે એ બ્રહ્મ કરતાં નોખાં નથી, બ્રાહ્મિક જ છે. એ સાધન-ફલાધ્યાયનો મહાપ્રભુજીનો કન્ટેન્શન્ છે.

શ્રીશંકરાચાર્યજીના હિસાબે જે કોઈ સાધન છે તે બ્રહ્મની પ્રાપ્તિના સાધન નથી. કેમકે બ્રહ્મ પારમાર્થિક સત્ય હોવાથી તે કોઈ સાધનથી

મળતો નથી. તે સૅલ્ફ-રિવિલેશન્માં જ પ્રૂવ્ થાય છે. જેમ **"અહં બ્રહ્માસ્મિ"**થી બ્રહ્મ મળે છે તેવું સમજાતું હોય તો **"અહં બ્રહ્માસ્મિ"** તમારો ભ્રમ છે બ્રહ્મ નહિં. પણ જ્યારે હું બ્રહ્મ છું એ તમારો સૅલ્ફ-રિવિલેશન્નો લાચાર ઍક્સપ્રેશન્ હોય તો તે સૅલ્ફ-રિવિલેશન્ જ છે. જેમકે કતકરેણુ=ફટકડી. જલમાં રહેલા કચરાને બેસાડવા માટે ફટકડી ફેરવતાં તે પોતેજ ઓગળી જતી હોય છે. એમ **"અહં બ્રહ્માસ્મિ"** ફટકડી જેવી છે. એ આપણા મનમાં રહેલા કચરાને સાફ કરી દે છે કે બ્રહ્મ સિવાય તમે કાંઈ નથી અને પોતે પણ ઓગળી જાય છે. અને જલ શુદ્ધ થઈ જાય છે નિર્ગુણ નિરાકાર નિર્ધર્મક.

તેથી સાધન-ફલાધ્યાયથી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જે સાધનથી બ્રહ્મ મળે છે તે સાધન બ્રહ્માત્મક જ હશે. અને એની સંગતિમાં આપણે કહી રહ્યા છીએ કે ભગવાન્ જો ભક્તિથી મળતો હોય તો તે ભક્તિ આપણી નથી ભગવાન્ની પુષ્ટિ છે. જો ભક્તિથી ભગવાન્ મળતા હોય તો આપણે આપણા પૈસાને ઘરને કારને માન-મર્તબાને પ્રેમ કરી રહ્યા છીએ તો એનાથી ભગવાન્ કેમ નથી મળતા? કેમકે એ પ્રેમમાં ભગવાન્ની પુષ્ટિ નથી. અને જો તમારા આ પ્રેમથી ભગવાન્ મળી જતાં હોય તો તેમાં ભગવાન્ની પુષ્ટિ પ્રકટ થઈ ગઈ. દા.ત. વાર્તામાં આવે છે કે માનસી સેવા કરતાં લોભવૃત્તિને કારણે માનસીમાં પધરાવેલી સાકર વધારે નખાઈ ગઈ તો માનસીમાં જ તેને પાછી લેવા જતાં ભગવાને તેનો હાથ પકડ્યો કે આમાં તારા બાપનું શું જાય છે? એની સિન્સિયારિટીથી ભગવાન્ ખુશ થઈ ગયા. તેથી તેનો લોભ પણ ભગવાન્ને મેળવવાનું સાધન થઈ ગયું. તે ભગવાન્ની પુષ્ટિનો લોભ હતો અને આપણે જે લોભ કરી રહ્યા છીએ તે ષડ્વિકારોનો છે. ભગવાન્ની પુષ્ટિનો લોભ ભગવાન્ને પ્રાપ્ત કરાવી શકે છે. ભગવાન્ના પુષ્ટિના દ્વેષથી ભગવાન્ પ્રાપ્ત થાય છે. જેમ શિશુપાલે ૧૦૦ ગાળો આપી, ભગવાન્

ખુશ થઈ ગયા. **"ગોપ્ય: કામાદ્ ભયાત્ કંસો, દ્વેષાત્ ચૈદ્યાદયો નૃપા:, સમ્બન્ધાદ્ વૃષ્ણય:, સ્નેહાદ્ યૂયં, ભક્ત્યા વયં વિભો:"** (ભાગ.પુરા.૭૧૧-૩૦) એ પુષ્ટિ કરે છે તો કોઈ પણ ચીજથી મળી શકે છે. અને પ્રભુની પુષ્ટિ ન હોય તો કોઈ પણ ચીજથી પ્રભુ મળતાં નથી. ભગવાન્ મળે છે પોતાની મળવાની ઈચ્છાથી. એ આપણો મત છે. પ્રમાણ પ્રમેય સાધન ફલ ચારે બ્રહ્મ છે એ આપણી સિનૉપ્સિસ્ છે અને શ્રીશંકરાચાર્યને ત્યાં કેવલ પ્રમેય બ્રહ્મ છે બાકી પ્રમાણ સાધન બ્રહ્મ નથી. અને ફલ પણ પૉસિબલી બ્રહ્મ છે જો તમને આ વાત સમજમાં આવે તો. નહિં તો ભક્તિના સાધનથી થતાં ભગવાન્નાં દર્શન પણ ખોટાં છે. જેમ સૅલ્ફ-હિપ્નોટાઈજ્ કરીએ તેવી રીતે ભગવાન્ દેખાય.

ચારે અધ્યાયની સ્કીમ્ સમજાવી. એમાં પ્રમાણ-પ્રમેયની સ્કીમ્માં શુદ્ધાદ્વૈતવાદની રૅસીપી છે અને સાધન-ફલમાં લીલાનું ઍક્સટૅન્શન્ સોપાન છે કે બ્રહ્મ સાધન તરીકે અને ફલ તરીકે પણ લીલા કરી રહ્યો છે. અણુભાષ્યનું કમ્પાઈલેશન્ આ પૉલિસીથી કરવામાં આવ્યું છે.

ચારે અધ્યાયોની સિનોપ્સિસ્ જોઈ. સૌથી પહેલાં જન્માદિ અધિકરણ લીધું છે. 'અથાતો બ્રહ્મજિજ્ઞાસા' પહેલાં જિજ્ઞાસાધિકરણ કેમ નહીં લીધું તે બતાવી દીધું. કેમકે સીધું બ્રહ્મ પર આવવું છે. જિજ્ઞાસાધિકરણ ઍપિસ્ટોમોલોજીકલ્ છે, મૅટાફિઝિકલ્ પ્રોબ્લેમ્ નથી અને જન્માદિ અધિકરણ ઍપિસ્ટોમોલોજીકલ્ પ્રોબ્લેમ્ નથી, મૅટાફિઝિકલ્ પ્રોબ્લેમ્ છે.

## પ્રથમાધ્યાય

### જન્માદ્યધિકરણમ્

**૧. જિજ્ઞાસિતસ્ય વેદવેદાન્તાદિશાસ્ત્રપ્રતિપાદ્યસ્ય બ્રહ્મણો લક્ષણ-**

**પ્રમાણાભ્યાં નિરૂપણાય ઇદમ્ અધિકરણમ્ ઇતિ નિરૂપણમ્** =સૌથી પહેલાં જે બ્રહ્મની જિજ્ઞાસા થઈ રહી છે, જે બ્રહ્મ વેદ-વેદાન્તાદિ શાસ્ત્રોથી પ્રતિપાદ્ય છે એવા બ્રહ્મને લક્ષણ અને પ્રમાણ થી નિરૂપણ કરવા માટે આ અધિકાણ આવી રહ્યું છે. કેમકે પહેલું સૂત્ર છે એટલે સંગતિને લીધી છે.

**૨. જન્માદ્યસ્ય યતઃ શાસ્ત્રયોનિત્વાત્ ઇતિ સૂત્રમ્.**

**૩. બ્રહ્મ જગત્કર્તૃ ઇતિ લક્ષણં શક્યં ન વા ઇતિ શાસ્ત્રાણાં બ્રહ્મૈકપ્રતિપાદકત્વં ન વા ઇતિ સંશયે જગત્કર્તૃતયા બ્રહ્મણઃ વેદાદિશાસ્ત્રૈકવેદ્ય-ત્વમિતિ શાસ્ત્રમેવ પ્રમાણમિતિ ચ લક્ષણપ્રમાણે ન સમ્ભવતઃ ઇતિ પૂર્વપક્ષઃ** વેદમાં કર્મકાંડ, વેદાન્તમાં જ્ઞાનકાંડ છે. વેદનો કન્કલુડિંગ્ પાર્ટ છે તે 'વેદાન્ત' કહેવાય. તેથી મહાપ્રભુજી કહે છે કે બ્રહ્મમાં જ્ઞાનશક્તિ-ક્રિયાશક્તિ છે કે નહીં? તેથી બ્રહ્મજિજ્ઞાસા થઈ રહી છે. 'આદિ'પદ વાપર્યું છે.

**વેદવેદાન્તાદિશાસ્ત્રપ્રતિપાદ્યસ્ય બ્રહ્મણો લક્ષણ-પ્રમાણાભ્યાં નિરૂપ-ણાય ઇદમ્ અધિકરણમ્ ઇતિ નિરૂપણમ્** બ્રહ્મનું નિરૂપણ લક્ષણ અને પ્રમાણ થી કર્યું છે તેથી આ અધિકરણ છે.

બીજા આચાર્યોના મતે **જન્માદ્યસ્ય યતઃ** એ બીજું સૂત્ર છે અને **શાસ્ત્રયોનિત્વાત્** ત્રીજું સૂત્ર છે. મહાપ્રભુજી આને ક્લબ્ કરીને માની રહ્યા છે.

એમાં **બ્રહ્મ જગત્કર્તૃ ઇતિ લક્ષણં શક્યં ન વા** બ્રહ્મ જગત્નો કર્તા છે તે લક્ષણ પૉસિબલ્ છે કે નહીં? **શાસ્ત્રાણાં બ્રહ્મૈકપ્રતિપાદકત્વં ન વા ઇતિ સંશયે** અને વેદનો પૂર્વકાંડ છે તે કર્મકાંડ છે, અને વેદનો ઉત્તરકાંડ=વેદાન્ત એટલે જ્ઞાનકાંડ છે. એમાં બ્રહ્મ વચ્ચે ક્યાંથી આવ્યો? ત્યાં મહાપ્રભુજીનો સ્ટૅન્ડ્ એવો છે કે જેવી રીતે બ્રહ્મ

જગત્કર્તા છે તેવી રીતે શાસ્ત્ર બ્રહ્મનું જ પ્રતિપાદન કરે છે. વેદમાં કર્મકાંડમાં બ્રહ્મની ક્રિયાશક્તિનું પ્રતિપાદન કરે છે તો વેદાન્તમાં જ્ઞાનકાંડ તરીકે બ્રહ્મનું જ પ્રતિપાદન છે. જેમ વેદના ઉત્તરકાંડમાં પ્રૉમિનૅન્ટ્ આચાર્ય શ્રીશંકરાચાર્ય છે તેમ પૂર્વકાંડમાં શબરાચાર્ય પ્રોમિનૅન્ટ્ આચાર્ય છે, જેમણે ભાષ્ય લખ્યું છે. શબરાચાર્ય એમ કહે છે કે ઉત્તરકાંડમાં જેમ બ્રહ્મનું નિરૂપણ છે તે મિનિંગ્લેસ્ છે. શા માટે? કેમકે વેદનું પ્રયોજન છે તમને તમારો ધર્મ સમજાવવો. એમાં બ્રહ્મનો શું ઉપયોગ? એ આર્ગ્યુમૅન્ટ્ મૂળમાં બુદ્ધધર્મથી આવી છે. તેમની આર્ગ્યુમૅન્ટ્ એ છે કે ધારોકે વેદના કહ્યા મુજબ બ્રહ્મ હોય, તો બ્રહ્મ તમારો ઉદ્ધાર તમારા સારા કર્મ કે સારું જ્ઞાન જોઈને કરશે. તો બ્રહ્મને માનવાની શું જરૂર છે? સારા કર્મ અને સારા જ્ઞાન પર ભાર આપો. અને ધારોકે બ્રહ્મ સારા કર્મ કે સારા જ્ઞાન વગર ઉદ્ધાર કરતો હોય તો બ્રહ્મ ડિક્ટેટર્ થઈ ગયો. એ ડિક્ટેટર્ને જાણવાની શું જરૂર હોય, તેને તો ડિસ્ટ્રોય્ કરવો જોઈએ. તેને ડિવોશન્ કરવાની શું જરૂર? ડિવોટી કોના થઈ શકો કે જે સારા કર્મના સારા ફલ આપે. જો સારા કર્મથી ફલ મળી જતું હોય તો બ્રહ્મને માનવાની શું જરૂર છે? આ આર્ગ્યુમૅન્ટ્ વેદવિરુદ્ધ હતી. (against the ved) પણ શ્રીશંકરાચાર્ય અને શ્રીશબરાચાર્ય માં પાર્ટિશન્ થઈને આવી. શ્રીશંકરાચાર્ય કહે છે કર્મની જરૂર નથી, કેમકે કર્મ તો મિથ્યા છે બ્રહ્મ જ રિયાલિટી છે. તેથી બ્રહ્મને જાણો. કર્મ તો તમે તમારા અજ્ઞાનને કારણે કરી રહ્યા છો. શ્રીશબરાચાર્ય કહે છે કે બ્રહ્મને જાણવાની શું જરૂર છે? જરૂર તો સારા કર્મની છે, તો કર્મ જ કરો. બ્રહ્મ હશે તો પણ સારું કર્મ કર્યું હશે તો ખરાબ ફલ તો નહીં આપે. અને નહીં પણ હોય તો સારા કર્મનું સારું ફલ મળશે. so karm is sufficient no need of brahman. એટલે શ્રીશબરાચાર્યના મતમાં બ્રહ્મ Good for nothing થઈ ગયો. આવા વિભાગ થઈ ગયા.

સંશય અહીં એવો થાય છે કે બધાં શાસ્ત્રોમાં પ્રતિપાદ્ય આવો ડિવાઈડેડ્ છે કે એક બ્રહ્મ છે? એટલે શ્રીશંકરાચાર્યજી ના હિસાબે શાસ્ત્ર ડિવાઈડેડ્ છે. કર્મકાંડની વૅલિડિટી એટલી નથી જેટલી વૅલિડિટી જ્ઞાનકાંડની છે. શ્રીશબરાચાર્યના હિસાબે જ્ઞાનકાંડની વૅલિડિટી નથી જેટલી કર્મકાંડની છે. એમાં બહુ સારો રુલ્ બતાવ્યો છે. **''આમ્નાયસ્ય ક્રિયાર્થત્વાદ્ આનર્થક્યમ્ અતદર્થાનામ્''** (જૈ.મી.સૂ.૧।૨।૧) વેદનું મુખ્ય પ્રયોજન તમને ધર્મમાં પ્રવૃત્ત કરવાનો છે. ધર્મમાં પ્રવૃત્ત કરવા માટે વેદના જે વચનો છે એ તો વૅલિડ્ છે. પણ જ્યાં છે તેનો ધર્મ સાથે શું લાગે-વળગે? બ્રહ્મે જગત્ બનાવ્યું તો મારે શું કરવાનું? મને એ જાણવાની જરૂર નથી કે જગત્ કોણે બનાવ્યું પણ શું કરું તો મારી તકલીફ દૂર થઈને મુક્તિની પ્રાપ્તિ થાય. (શબરાચાર્ય)

શ્રીશંકરાચાર્યજી કહે છે કે **''આમ્નાયસ્ય જ્ઞાનાર્થત્વાદ્ આનર્થક્યં તદર્થાનામ્''** ક્રિયાનું આનર્થક્ય છે કેમકે ક્રિયાથી કોઈ દિવસ બ્રહ્મ તો મળતો નથી. **''નહિ કૃતકમ્ અકૃતકેન લભ્યતે''** રિયાલિટી ઍક્શન્થી નથી મળતી, સમજથી મળે છે. ઍક્શન્થી તો રિઍક્શન્ મળે. રિયાલિટી અન્ડર્સ્ટૅન્ડિંગ્થી મળે. સમજ્યા વગર ક્રિયા કરવાથી રિયાલિટી ખ્યાલ નહીં આવે. તમને જે મળશે તે ઍક્શન્નું રિઍક્શન્ મળશે.

બન્નેના મત મુજબ નૅટ્ રિઝલ્ટ્, સમગ્ર વેદ કાંતો જ્ઞાનનો પ્રતિપાદક છે કાંતો ક્રિયાનો પ્રતિપાદક છે, બ્રહ્મ આમાંથી બાદ થઈ ગયો.

મહાપ્રભુજી સંશયમાં એ વાત કરે છે કે બ્રહ્મનું શાસ્ત્રે જે લક્ષણ બતાવ્યું છે તે પૉસિબલ્ છે કે નહીં કે અનર્થક નિરર્થક લક્ષણ બતાવવામાં આવ્યું છે! દા.ત. કોઈ ફિક્શન્ નોવેલ્ના પાત્રનું લક્ષણ આપવા જાઓ તો તેમાં પર્પજ્ (હેતુ) શું સર્વ્ થશે?

કોઈ રિયલ્ પરસન્‌ને ડિફાઈન્ કરો તો પર્પજ્ સર્વ્ થાય. ફિક્શન્‌માં તો કોઈ પાત્રને ઉભુ કરવામાં આવે. એને ડિફાઈન્ કરવું એ તો વેસ્ટ્ ઑફ્ ટાઈમ્ છે. આ ઍપ્રોચ્‌માં બ્રહ્મનું લક્ષણ પૉસિબલ્ રહી નથી જતું. કારણકે જે ક્રિયામાં માને છે તેને માટે બ્રહ્મ Good for nothing છે. જે જ્ઞાનને માને છે તેના માટે ક્રિયા નકામી (futile ફ્યુટાઈલ્)છે. તે સ્થિતિમાં શાસ્ત્રનો અર્થ બ્રહ્મ છે કે નહીં એ શંકા થઈ રહી છે.

**શાસ્ત્રાણાં બ્રહ્મૈકપ્રતિપાદકત્વં ન વા ઈતિ સંશયે** શાસ્ત્ર બ્રહ્મનું પ્રતિપાદક છે કે નહીં? જો પ્રતિપાદક હોય તો બ્રહ્મના કાર્યનું પ્રતિપાદક હોય તો તે બ્રહ્મનું જ પ્રતિપાદક છે. બ્રહ્મની જ્ઞાનશક્તિના પ્રતિપાદક વચનો પણ બ્રહ્મના જ પ્રતિપાદક છે.

**જગત્કર્તૃતયા બ્રહ્મણ: વેદાદિશાસ્ત્રૈકવેદ્યત્વમિતિ શાસ્ત્રમેવ પ્રમાણમ્** બ્રહ્મ જગત્ કર્તા છે એ રીતે શાસ્ત્ર એને વર્ણવે છે તેથી બ્રહ્મ વેદાદિ શાસ્ત્રથી જ જણાય છે. હવે બ્રહ્મ ફક્ત વેદાદિ શાસ્ત્રથી જ જણાય છે. તે વર્બલ્ કન્સેપ્ટ્ છે. તેથી વેદાદિ શાસ્ત્ર એવ પ્રમાણમ્ આપણી ઈમ્પિરિકલ્ (ઐન્દ્રિયક) અનુભૂતિ પ્રમાણ નથી.

**ઈતિ લક્ષણપ્રમાણે ન સમ્ભવત: ઈતિ પૂર્વપક્ષ:** તેથી લક્ષણ પણ સંભવ નથી કેમકે સંશય થઈ રહ્યો છે કે બ્રહ્મ જગત્કર્તા છે કે નહીં અને વેદાદિ શાસ્ત્રો બ્રહ્મના જ પ્રમાણ છે કે નહીં તેનો પણ સંશય થઈ રહયો છે.

બ્રહ્મનું લક્ષણ કે પ્રમાણ સંભવ નથી એ પૂર્વપક્ષ છે.

૪. તેમાં સિદ્ધાન્તપક્ષ **વેદાદિશાસ્ત્રૈ જગત: ઉત્પત્તિસ્થિતિનાશાનાં કર્તૃત્વેન નિરૂપણાદ્ બ્રહ્મૈવ જગત્કર્તૃ ઈતિ લક્ષણપ્રમાણે તસ્ય સંભવતએવ**

**ઈતિ ઉત્તરપક્ષઃ.** વેદાદિ શાસ્ત્રમાં જગત્‌ની ઉત્પત્તિ સ્થિતિ અને નાશ ના કર્તા તરીકે બ્રહ્મનું નિરૂપણ કરાયેલું હોવાથી બ્રહ્મ જ જગત્‌નો કર્તા છે. એ રીતે ડિફાઈન્ કરીએ તો વેદ બ્રહ્મનો પ્રતિપાદક અને બ્રહ્મ વેદથી પ્રતિપાદ્ય થઈ ગયો. એક જ સ્ટેટ્‌મૅન્ટ્‌થી બધી વાત સિદ્ધ થઈ ગઈ. એટલે લક્ષણ અને પ્રમાણ બ્રન્ને જસ્ટિફાઈડ્ છે. ઈતિ ઉત્તરપક્ષ.

૫. **કાર્યલક્ષણસ્ય જગત્કર્તૃત્વ પાલકત્વોપસંહારકત્વરૂપસ્ય 'સત્યજ્ઞાનાનન્દં બ્રહ્મ' ઈતિ સ્વરૂપલક્ષણેન સાકં ન વિરોધઃ** કોઈ પણ વસ્તુને ડિફાઈન્ કરવા માટે કારણલક્ષણ સ્વરૂપલક્ષણ કાર્યલક્ષણ પ્રયોજનલક્ષણ ઉપાધિલક્ષણ વિ. ઘણા બધા લક્ષણોની વૅરાયટી હોય છે. કોઈ વસ્તુને તેના કારણ આપીને ડિફાઈન્ કરો (કારણલક્ષણ). કોઈને તેના ઍસેન્સ્‌ને મૅન્શન્ કરીને ડિફાઈન્ કરો (સ્વરૂપલક્ષણ), રિઝલ્ટ્‌ને ડિફાઈન કરો કે ફન્કશન્‌ને ડિફાઈન્ કરો (કાર્યલક્ષણ), તેનો પર્પઝ્ શું છે તે ડિફાઈન્ કરો (પ્રયોજનલક્ષણ). જેમ જે ગાયને ખાતા હોય તેને માટે ગાય એક સ્વાદિષ્ટ ખાદ્યપદાર્થ છે તેવું પ્રયોજનથી લક્ષણ થઈ ગયું. આપણા માટે ગાય દૂધ આપનારી છે. કોઈના માટે સર્વદેવમય હોય છે. કોઈ સ્વરૂપથી કોઈ કારણથી ડિફાઈન્ કરે છે. બળદ ગાયને માતા નથી માનતો. એક વસ્તુના કેટલા ડૅફિનેશન્ થઈ શકે છે! જેને જે રીતે સમજમાં આવે તે રીતે.

હવે કાર્યલક્ષણ = બ્રહ્મ જગત્‌નો કર્તા પાલક સંહારક છે. સ્વરૂપલક્ષણ = સત્યજ્ઞાનઆનન્દ બ્રહ્મ. એમાં પરસ્પર વિરોધ છે કે નહીં? શા માટે વિરોધ? કેમકે સત્ય જ્ઞાન આનન્ત્ય હોય તો કાર્ય-કારણ નથી હોઈ શકતો. કેમકે કાર્ય કારણ વગર પેદા નથી થતું એટલે કાર્ય પેદા થયા પહેલાં ન હતું એટલે કાર્ય અસત્ય હતું. અને કાર્ય જો અસત્ય હોય તો તેનું જે કારણ હોય તે પણ અસત્ય થઈ જશે તેથી બ્રહ્મ પણ સત્ય નહીં રહે. જગત્

જો બ્રહ્મનું કાર્ય હોય તો જગત્ તો જડ છે. જગત્માં ચેતના કેટલી અને જડતા કેટલી? ૮૦% જડ છે અને ૨૦% ચેતન છે તો બ્રહ્મ પણ ૮૦% જડ હોવો જોઈએ. તો જ્ઞાનરૂપ નહીં રહી જાય. બ્રહ્મને સત્યં જ્ઞાનમ્ અનન્તં કહી રહ્યા છે પણ જગત્ની બધી વસ્તુઓ તો ખતમ થાય છે. તો બ્રહ્મ જગત્નું કારણ હોય તો તે પણ ખતમ થવો જોઈએ.

જૈન અને બૌદ્ધ ની એક આર્ગ્યુમૅન્ટ્ છે કે બ્રહ્મ શા માટે નથી? ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક (ઉત્પત્તિ સ્થિતિ લય) વિશ્વને તમે માનો છો તેથી બ્રહ્મને ઉત્પાદન-પાલક-સંહારક માનો છો? ના નથી માનતા, સત્યં જ્ઞાનમ્ અનન્તં માનો છો તેથી બ્રહ્મ નથી. કેમકે જે છે તે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક જ છે. તેથી તમે જે કહી રહ્યા છો તે સ્વરૂપલક્ષણ કોન્ટ્રાડિક્શન્માં જઈ રહ્યું છે. કાર્યલક્ષણમાં તમે કહી રહ્યા છો કે બ્રહ્મ જગત્નો ઉત્પાદક સ્થાપક અને વિલાપક છે. સ્વરૂપલક્ષણમાં સત્યં જ્ઞાનમ્ અનન્ત છે. નથી ઉત્પાદ, નથી વ્યય, નથી ધ્રૌવ્ય. બન્ને લક્ષણો જો આપસમાં કૉન્ટ્રાડિક્ટરી હોય તો બન્ને લક્ષણો સાચા નથી હોઈ શકતા. કોઈ એક લક્ષણ સાચું હોવું જોઈએ અને ટૅન્ટેટિવલી સ્વરૂપલક્ષણ સાચું હોવું જોઈએ. કારણલક્ષણ તમારી કલ્પના હોઈ શકે છે.

તો એમાં કહે છે કે **સ્વરૂપલક્ષણેન સાકં ન વિરોધઃ નાપિ એતસ્મિન્ વિષયે અધ્યારોપાપવાદન્યાયસ્ય યુક્તત્વમ્ ઈતિ નિરૂપણમ્** એટલે શ્રીશંકરાચાર્યજી કહે છે કે બ્રહ્મ ખરેખર સ્વરૂપલક્ષણના વિચારથી તો જગત્નું કારણ નથી હોઈ શકતો પણ સ્વરૂપ સમજમાં ન આવતું હોય તો કારણ તરીકે ટ્રીટ્ કરીને એક વખતે સમજી જાઓ. પછી ડ્રોપ્ કરી દેજો કે નથી કારણ, નથી કાર્ય. જેવી રીતે ગણિતમાં દાખલો સમજાવે. માની લો કે તમારી પાસે ૪ સફરજન છે. ચારમાંથી તમે કોઈને બે આપ્યા, તો બચ્યા કેટલા એથી તમને સમજમાં

આવી ગયું. સફરજનને છોડો અને ગણિતના સિદ્ધાન્તને સમજી લો. આ અધ્યારોપ અને અપવાદ ન્યાય એટલે પહેલાં ચાર સફરજનનો અધ્યારોપ કરવો પછી બાદબાકી કરીને સિદ્ધાન્તને સમજાવી દીધો. સિદ્ધાન્ત સમજમાં આવી ગયા પછી સફરજનને ભૂલી જાઓ. આ સિદ્ધાન્ત સર્વત્ર લાગુ કરી શકાય. એને મહાપ્રભુજી સ્વીકારતાં નથી.

૬-૭. **'જન્માદ્યસ્ય'** એ લક્ષણ છે તેની વ્યાખ્યા અને **'શાસ્ત્રયોનિત્વાદ્'** જે પ્રમાણ છે તેની વ્યાખ્યા. એ બે વ્યાખ્યા કરવાથી શું સિદ્ધ થાય છે?

૮. **રૂપ-નામાત્મકપ્રપંચકર્તૃત્વં યોગવિભાગેન પ્રતિજ્ઞાય સમન્વયાદિસૂત્રેષુ કેચિત્ તસ્ય હેતૂન્ વર્ણયન્તિ ઈતિ તન્મતાસ્વીકાર:** એટલે કેટલાક લોકો એમ કહે છે કે **જન્માદ્યસ્ય યત:** માં રૂપાત્મકપ્રપંચની કર્તૃતા છે એટલે પર્સેપ્ટિબલ્ વર્લ્ડ અથવા ઈમ્પિરિકલ્ વર્લ્ડ નો કર્તા છે અને નામાત્મક પ્રપંચમાં કન્સૅપ્ચ્યુઅલ્ વર્લ્ડનો ક્રિયેટર્ છે. એક સૂત્રમાં જડ-જગત્નો કર્તા છે અને એક સૂત્રમાં જીવ-જગત્નો કર્તા છે **'શાસ્ત્રયોનિત્વાદ્'** કેમકે શાસ્ત્ર તો કૉન્શિયસ્ પ્રિન્સિપલ્થી પેદા થાય છે. વસ્તુ, વસ્તુની રીતે પેદા થઈ શકે છે. શાસ્ત્ર તો કૉન્શિયસ્થી પેદા થાય. શાસ્ત્ર=શાસ્તિ ઈતિ શાસ્ત્રમ્. જે તમને ઑર્ડર્ કરતો હોય. ઑર્ડર તો કૉન્શિયસ્ ફિનોમિના કરે, નેચર્ ન કરે. આપણે એને ભેગા કર્યા છે, બીજા આચાર્યો યોગવિભાગ કરે છે. અને સમન્વયાદિસૂત્રમાં તેના કારણો આપવામાં આવ્યાં છે જે મત આપણે ત્યાં સ્વીકાર્ય નથી. રૂપ-નામને આપણે સ્વીકારીએ છીએ, સમન્વયાદિસૂત્રોમાં હેતુ આપવામાં આવ્યાં તે પણ આપણે સ્વીકારીએ છીએ પણ તે હેતુ આનો હેતુ નથી પણ બીજી કોઈ વસ્તુનો હેતુ છે.

૯. **નિરંકુશજગત્કર્તૃત્વેન શાસ્ત્રપ્રતિપાદ્યત્વાદ્ બ્રહ્મ સર્વજ્ઞં સર્વશક્તિમદ્**

ઈતિ **સ્થાપનમ્** જગત્નો એ નિરંકુશ કર્તા છે. નિરંકુશકર્તા = એના ઉપર કોઈ સુપરસીડ્ કરતો નથી. બ્રહ્મે જગત્ પ્રકટ કર્યું છે એ કોઈના ઑર્ડરને કારણે નહીં. જેમ કુંભારને ઘડો બનાવવાનો ઑર્ડર પ્લેસ્ કરીએ તેમ. તે પ્રકારે બ્રહ્મે જગત્ને બનાવ્યું નથી. બ્રહ્મે જગત્ પોતે બનાવ્યું છે એવું શાસ્ત્ર પ્રતિપાદન કરતો હોવાથી બ્રહ્મ સર્વજ્ઞ(Omnicient) અને સર્વશક્તિમાન (Omnipotent) છે.

**૧૦. બ્રહ્મણો જગત્કર્તૃત્વે સર્વોઽપિ વેદ: માનં ભવતિ ન વા** ઈતિ બ્રહ્મ જગત્કર્તા છે એમાં બધો જ વેદ પ્રમાણ છે કે નહીં? **વેદસ્ય પૂર્વોત્તરકાંડયો: અન્યાન્યોપકારિતા વર્તતે ન વા ઈતિ શંકાસમાધાને** વેદનો પૂર્વકાંડ અને ઉત્તરકાંડ એક-બીજાના અન્યાન્યોપકારક (કૉમ્પ્લીમૅન્ટ્રી) છે કે નહીં? ઘણી બધી ક્રિયા જે આપણા શરીરમાં ઈન્વૉલેન્ટરી (અનિચ્છા) ચાલતી હોય છે તે ક્રિયાને કરવા માટે જ્ઞાનની જરૂર નથી. તેવીરીતે જ્ઞાનમાં ક્રિયાની જરૂર છે કે નહીં? શ્રીશંકરાચાર્યજી કહે છે કે જ્ઞાનમાં ક્રિયાની જરૂર નથી, આંખ કાન ખુલ્લા હશે તો જે સામે હશે તે દેખાશે, સંભળાશે. પણ એવું નથી. જેમ આંખ ખુલ્લી છે તો તેમાં જ્ઞાન થાય છે પણ તેમાં ક્રિયા પણ છે. જેમ કોઈનું આખું શરીર ન જોવું હોય અને એનું માત્ર મોઢું જોવું હોય તો વૉલેન્ટરીલી ફેસ્ પર કૉન્સન્ટ્રેટ્ કરી શકાય. તો જ્ઞાનમાં ક્રિયા છે કે નહીં! ક્રિયામાં જ્ઞાન પાર્ટી બને છે અને જ્ઞાનમાં ક્રિયા. ક્રિયા અને જ્ઞાન અન્યાન્યોપકારક છે.

**૧૧. 'જન્માદિસૂત્રં લક્ષણત્વાદ્ અનુમાનમ્' ઈતિ કેષાઞ્ચિન્મતસ્ય ઉલ્લેખ:** યુરોપમાં સૅન્ટ્ થોમસ્ ઍક્વિના અને આપણે ત્યાં ઉદયનાચાર્યે જગત્ની ઉત્પત્તિ-સ્થિતિ-લયનો કર્તા ગૉડ્ છે તે Logical argument થી સિદ્ધ કરે છે. વેદાન્તની દૃષ્ટિએ આ લૉજીક ખોટું છે કારણકે બ્રહ્મ લૉજીકલ્ કન્સેપ્ટ્ નથી, બ્રહ્મ વર્બલ્ કન્સૅપ્ટ્ છે. આપણે તેને As a defination તરીકે લઈ રહ્યા છે નહીંકે બ્રહ્મના

પ્રૂફ઼ તરીકે. એ શ્રીશંકરાચાર્યજીથી લઈ મહાપ્રભુજી સુધી બધાંનો કૉમન્ મત છે. આ લૉજીક઼માં ડ્રૉબૅક઼ એ છે કે જે-જે કાર્યનો કોઈ કર્તા હોય છે. એ જે કૉન્કૉમિટેન્સ્ છે તેના ઉદાહરણ ઓછા છે. દા.ત. ઘડો અને કુંભાર, દાગીના અને સોની. અને કર્તા વગર કાર્ય ઉત્પન્ન થવાના ઉદાહરણો અનેક છે. જેમ ઘાસ જંગલ પહાડોના ઘાટ. જો મોટાભાગનું કાર્ય કર્તા વગર ઉત્પન્ન થતું હોય તો આ લૉજીક઼ના આધારે બ્રહ્મ સિદ્ધ થતો નથી. એટલે લૉજીકને આપણે as a defination of God સ્વીકારીએ છીએ પણ We do not accept it as a logical proof of god. અહીં આપણે લૉજીક઼થી ભિન્ન થઈ રહ્યા છીએ. સૅન્ટ્ થૉમસ્ ઍક્વિના થિસ્ટિક઼ હતા. એમને ગૉડ્‌ના અસ્તિત્વને લૉજીકના આધારે પ્રૂવ્ કર્યો. એવી રીતે ઉદયનાચાર્યે પણ બ્રહ્મના અસ્તિત્વને લૉજીકના આધારે પ્રૂવ્ કર્યો. એમની આર્ગ્યુમૅન્ટ્ એ હતી કે જો ગૉડ્ ન હોય તો આ જગત્‌ને કોણ બનાવી શકે? કોણ આની સ્થિતિ અને વિનાશ કરી શકે? માટે ગૉડ્‌નું અસ્તિત્વ છે.

પરન્તુ આપણે આને લૉજીકલ્ પ્રૂફ઼ તરીકે સ્વીકારતાં નથી. આપણે જોકે ડૅફ઼િનેશન્ તરીકે સ્વીકારીએ છીએ પરન્તુ તે ડૅફ઼િનેશન્ શાસ્ત્રને આધારે હોવી જોઈએ.

**૧૨. 'બ્રહ્મણ: સર્વજ્ઞત્વાય શ્રુત્યનુસાર્યનુમાનં બ્રહ્મણિ પ્રમાણં' ઇતિ અપરેષાં મતનિરૂપણં તદ્દૂષણઞ્ચ.** અને શ્રીશંકરાચાર્યજીના મત મુજબ બ્રહ્મ જે સર્વજ્ઞ છે એના માટે આ જોકે લૉજીક઼ છે, પણ આ લૉજીક઼ શાસ્ત્રના આધારે છે. કારણકે શાસ્ત્ર બ્રહ્મને આ રીતે ડિફ઼ાઈન્ કરે છે. એટલે તે ડૅફ઼િનેશન્‌ને લૉજીકલ્ પ્રૂફ઼ બ્રહ્મ માટે સ્વીકારે છે.

મહાપ્રભુજી આ વાતને સ્વીકારતાં નથી. કારણકે શ્રુત્યનુસારી

અનુમાનથી પણ જો બ્રહ્મ સિદ્ધ થતો હોય તો બ્રહ્મ વર્બલ્ કન્સૅપ્ટ્ રહી જતો નથી. બ્રહ્મ લૉજીકલ્ કન્સૅપ્ટ્ થઈ જશે. બ્રહ્મને લૉજીકલ્ કન્સૅપ્ટ્ તરીકે સ્વીકારતાં તે બ્રહ્મની તરફેણમાં અથવા તેની વિરુદ્ધમાં જશે. ફિલૉસૉફીના ઈતિહાસમાં આવું બને છે. કારણકે સૌથી પહેલાં જ્ઞાન ન હતું ત્યારે જેમ બાઈબલ્માં કહ્યું છે કે Let there be light and there was light, let there be sky and there was sky...જગત્ તો માત્ર પૃથ્વી જ છે બાકી બધું પૃથ્વીને આપવા માટે લાઈટ્ છે. God was prooved on the bases of creation of earth. પણ ગૅલેલિયોએ એ વાતનો અસ્વીકાર કર્યો. જ્યારે નિલ્સ્ ભોર્ને સ્વીડન્માં કોઈકે પૂછ્યું કે તમે ન્યૂક્લિયર્ ઍનર્જી ક્રિયેટ્ કરી તેની પ્રતિક્રિયા શું થશે? એમણે કહ્યું Just don't worry! A partical of dust will be lost into infinity of universe. પૃથ્વી રહે કે ન રહે આકાશને શું ફરક પડવાનો છે? જો એવા નજીવા (negligible) કણનો કર્તા બ્રહ્મ હોય તો બ્રહ્મનું કર્તાપણું પણ નજીવું ગણાશે. હવે જ્યારે આ વાત સમજમાં આવી ત્યારે લોકો એમ કહેવા લાગ્યા કે બ્રહ્મ સોલાર્ સિસ્ટમ્નો કર્તા છે. સોલાર્ સિસ્ટમ્ પણ બ્રહ્માંડમાં નગણ્ય છે. હવે લોકો કહે છે કે ગૅલેક્સિનો કર્તા બ્રહ્મ છે.

બાઈબલ્માં ગૉડ્ જ્યુનો રાજા છે, દુનિયાનો રાજા નથી. તો બીજા લોકો કે પ્રજાતિ ના ગૉડ્નું શું? જેમ-જેમ યુનિવર્સની બાબતમાં સમજતાં ગયાં તેમ-તેમ ગૉડ્ની પરિભાષા બદલવી પડી. સાયન્સ્ને પોતાના સ્ટેટમૅન્ટ્ને મૉડિફાય્ નથી કરવો પડ્યો. તેઓ કૅન્સલ્ કરે છે. જ્યારે ડાર્વિને કહ્યું કે ઍપ્માંથી મનુષ્યની ઉત્ક્રાન્તિ થઈ ત્યારે શરૂઆતમાં ઘણો વિરોધ થયો. કારણકે ભગવાને મનુષ્યને બનાવ્યા છે. એવું માનવાને કારણે ડાર્વિન્ની વાત સ્વીકારી શકતાં ન હતાં. પણ અન્તે ડાર્વિન્ની વાત સિદ્ધ નહોતી થઈ ત્યારે પાદરીઓએ કહ્યું કે ભગવાન્ બહુ ચાલાક છે કારણકે ભગવાન્ તેવું ઈચ્છતા

ન હતા કે તમે તેના ભક્ત થાવ, એટલે ભગવાને જમીનની નીચે બધા હાડકાને ગોઠવી દીધાં જેથી તમને તેવી સમજ આવી કે ઍપમાંથી મનુષ્યની ઉત્ક્રાન્તિ થઈ અને તમે નાસ્તિક થઈ જાવ. આવા તર્ક બ્રહ્મની સિદ્ધિને માટે નિરર્થક થઈ જતાં હોય છે.

વેદાન્તના સિદ્ધાન્ત પ્રમાણે બ્રહ્મ તર્કથી સિદ્ધ થઈ શકતો નથી. તર્કથી બ્રહ્મને સિદ્ધ કરવો એ નિરર્થક કસરત છે. અહીં શ્રીશંકરાચાર્યજી શ્રુત્યનુસારી જો અનુમાન હોય તો તે અનુમાનને સ્વીકારે છે.

**૧૩. વેદૈકવેદ્યે બ્રહ્મણિ વેદસ્ય અનધિગતાર્થગન્તૃત્વાત્ પ્રામાણ્યં** બ્રહ્મ વેદૈકવેદ્ય છે. તેમાં વેદનું પ્રમાણ અનધિગતાર્થ જ્ઞાપક હોવાના અર્થમાં છે. કૉરસ્પૉન્ડન્સ્ના અર્થમાં નહીં. It provides such information not available through any other sources than the ved. જેવી રીતે અતિસૂક્ષ્મ વસ્તુની માહિતી માઈક્રોસ્કોપ્થી જ મળે ટૅલીસ્કોપ્થી નહીં. તે કેમ પ્રમાણ છે? કારણકે વસ્તુ અતિસૂક્ષ્મગ્રાહી છે. દૂરની વસ્તુ માઈક્રોસ્કોપ્થી જોઈ નહીં શકીએ. જે જેનો સોર્સ ઑફ્ ઈન્ફોર્મેશન્ હોય તે તેની બાબતમાં અનધિગતાર્થજ્ઞાપિત પ્રમાણ છે.

**ચિકીર્ષિતસ્ય વેદાન્તવિચારસ્ય વેદશ્રવણાંગભૂતમનનનિદિધ્યાસનરૂપત્વાત્ સન્દેહવારકત્વાચ્ચાપિ વેદાંગત્વમેવ ઇતિ નિરૂપણેન અધિકરણોપસંહાર:** જે વેદાન્તનો વિચાર કરવા માંગે છે એ વેદનું શ્રવણ પછી એનું મનન અને મનન કર્યા પછી એનું ધ્યાન, એ અર્થમાં આ વેદાન્તસૂત્રો ઉપકારક છે. આ વેદાન્તથી બ્રહ્મ પ્રૂવ્ નથી થતો. પ્રૂવ્ તો વેદ અને ઉપનિષદ્ થી થાય છે. વેદાન્તસૂત્રથી તો વેદ શું કહેવા માંગે છે તેનું વિશ્લેષણ કરીએ છીએ. આવા અલગ-અલગ મતને કારણે જે સંદેહ પેદા થાય તે સન્દેહને દૂર કરવા માટે વ્યાસજીએ આ બધા સંદેહો દૂર કર્યા છે. એના પછી સંદેહનાં જે કારણો થયાં

તે ભાષ્યકારે દૂર કર્યા, એના પછી જે સંદેહના કારણો થયાં તો આપણી ફરજ છે. એને આપણે દૂર કરવાં જોઇએ. એકંદરે શ્રીશંકરાચાર્યજી ઉપર છેલ્લા ૯૦૦ વર્ષમાં શાંકરભાષ્ય ઉપર ૨૬ કૉમેન્ટ્રી લખાઈ છે. આપણી ફિલૉસૉફી લિવિંગ્ છે એટલે સમયાન્તરે અનુયાયીઓ સંદેહનું વારણ કરતાં આવ્યાં છે.

## (૨)સમન્વયાધિકરણમ્

**૧. બ્રહ્મણઃ જગત્કારણત્વં કિં જગતઃ સમવાયિત્વરૂપં, નિમિત્તત્વરૂપં, કર્તૃત્વરૂપં વા? ઇતિ સંશયે.** બ્રહ્મની કારણતા સમવાયરૂપ છે નિમિત્તરૂપ છે કે ફક્ત કર્તૃત્વરૂપ કારણ છે? બાઈબ્લિકલ્ દેવતાવાદમાં ફક્ત કર્તા છે. નિમિત્ત(ઍફિસિયૅન્ટ્) અને સમવાયી(મટેરિયલ્) નથી. એ એમ કહી રહ્યા છે God has created this universe out of nothing. આપણા પ્રમાણે બ્રહ્મે આ જગત્‌ને પોતાનામાંથી પ્રકટ કર્યું છે તેથી તે સમવાયી કારણ છે અને પોતાની ઇચ્છાથી પ્રકટ કર્યું હોવાથી નિમિત્ત કારણ પણ છે.

**નિમિત્તકારણત્વમેવ નિઃસંદિગ્ધં, કર્તૃત્વ-સમવાયિત્વે તુ સંદિગ્ધે ઇતિ પૂર્વપક્ષઃ** ગૉડ્‌ને નિમિત્તકારણ માનવામાં સંદિગ્ધતા નથી પણ ગૉડ્‌ને કર્તા અને સમવાયી માનવો સંદિગ્ધ (ડાઉટ્ફુલ્) છે. કર્તૃત્વ માનવાને કારણે આવતા ભિન્ન સંશયોની ચર્ચા કરી લીધી. સમવાયી કારણ માટે શ્રીરામાનુજાચાર્ય કહે છે કે જો સમવાયી કારણ બ્રહ્મ હોય તો જગત્‌માં જે ખરાબી રહેલી છે તેનાં બીજ બ્રહ્મમાં પણ સ્વીકારવા પડશે. તેથી બ્રહ્મને જગત્‌નું સમવાયી કારણ માની શકાતું નથી.

**૨. તત્તુ સમન્વયાદ્ (૧।૧।૩) ઇતિ સૂત્રમ્.** ઘણા બધાં આચાર્યો એવું પ્રતિપાદન કરે છે કે બધી શ્રુતિઓના સમન્વયથી બ્રહ્મનું પ્રતિપાદન થાય છે, તેથી બધી શ્રુતિવાક્યોમાં કો-રિલેશન્, ઇન્ટરકનેક્શન્ છે. મહાપ્રભુજી આને સ્વીકારતાં નથી. સમન્વય = કો-ઑર્ડિનેશન્. બધા

શ્રુતિવાક્યો કો-ઑર્ડિનેટેડલી બ્રહ્મનું પ્રતિપાદન કરે છે તેવો અર્થ સમન્વયનો નહીં કરીને મહાપ્રભુજી સમન્વયનો વર્બલ્ અર્થ નહીં કરીને ફૅક્ચ્યુઅલ્ સમન્વય, એવો અર્થ કરે છે. જગત્‌ની જે વસ્તુ હોય તેમાં 'છે' તેવું ભાન થાય તો તેમાં બ્રહ્મના સદંશનો સમન્વય છે. જગત્‌માં કૉન્શિયસ્‌નેસ્ દેખાય તેમાં સચ્ચિદાનન્દના ચિત્‌નો સમન્વય છે. અને જગત્‌માં જે પ્રિય લાગે છે તેમાં બ્રહ્મનો આનન્દ કામ કરી રહ્યો છે. કારણકે આનન્દ જ પ્રિય હોય છે, વસ્તુ પ્રિય નથી હોતી. જેમાં આનન્દ નથી મળતો તે વસ્તુ પ્રિય લાગતી નથી. જેમ શેરડીના સાંઠામાંથી જ્યાં સુધી રસ આવે ત્યાં સુધી જ આનન્દ આવે. છૂંછામાંથી આનન્દ આવતો નથી એટલે આપણે તેને ફેંકી દઈએ છીએ. જગત્‌માં પ્રિયતા આનન્દને કારણે છે તેથી ત્યાં બ્રહ્મનો સમન્વય છે. સમન્વય = બ્રહ્મ તેમાં ઇન્‌હિયરૅન્ટ્ છે. કેટલાક લોકો બ્રહ્મને ટ્રાન્સન્ડેન્ટલ્ માને છે. કેટલાક ઈમનન્ટ્ માને છે. પરન્તુ મહાપ્રભુજી બ્રહ્મને ટ્રાન્સન્ડેન્ટલ્(વ્યતિરેક) અને ઈમનન્ટ્(અન્વય) બન્ને માને છે. ઈમનન્ટ્ એટલે એમાં છે. જેમ દહીંમાં દૂધ છે, દાગીનામાં સોનું છે પણ બધું સોનું દાગીનામાં વાપરી શકાતું નથી એટલે સોનું પણ ટ્રાન્સન્ડેન્ટલ્ છે. એવી રીતે બ્રહ્મ આખું જગત્ નથી બન્યો, જગત્ બન્યા પછી પણ બાકી રહે છે. એટલે બ્રહ્મનો જગત્‌માં અન્વય પણ છે અને વ્યતિરેક પણ છે. તે સમન્વયનો અર્થ કરી રહ્યા છે. **સમ્યગ્ અનુગતત્વાત્** એટલે જગત્‌ના નામ-રૂપ-કર્મમાં બ્રહ્મની સત્તા-ચેતના-આનન્દ હોય છે.

**૩. અસ્તિ-ભાતિ-પ્રિયત્વેન સમન્વયાત્ (સમ્યગ્ અનુગતત્વાદ્) બ્રહ્મૈવ નામ-રૂપાત્મકસ્ય પ્રાકૃતસ્ય જગતઃ ઉપાદાનં કારણં, ત્રિગુણાત્મિકા પ્રકૃતિરપિ સચ્ચિદાનન્દસ્ય બ્રહ્મણઃ સદંશરૂપાએવ, જડ-જીવ-અન્તર્યામિષુ એકૈકાંશપ્રાકટ્યાદ્ દશ્યમાનં નાનાત્વન્તુ ઐચ્છિકમેવ "સ આત્માનં સ્વયમ્ અકુરુત" (તૈત્તિ.ઉપ.૨.૭) ઇતિ શ્રુત્યા, તસ્માદ્ બ્રહ્મણઃ સમવાયિત્વં કર્તૃત્વં નિમિત્તત્વઞ્ચ ઇતિ ઉત્તરપક્ષઃ.** નામ-રૂપાત્મક પ્રાકૃત જગત્ છે

તેનો બ્રહ્મ ઉપાદાન કારણ છે. ત્રિગુણાત્મિકા પ્રકૃતિ બ્રહ્મની સદંશરૂપ છે. જડમાં સદંશ પ્રકટ છે. જીવમાં ચિદંશ પ્રકટ છે. અન્તર્યામીમાં આનન્દાંશ પ્રકટ છે. અને જે અનેકતા દેખાઈ રહી છે, એકતા નથી દેખાતી તેનું કારણ એ છે કે બ્રહ્મે તેવી ઈચ્છા કરી **"એકો અહં બહુ સ્યાં પ્રજાયેય"** તેથી અનેકતા by default નથી પણ by action છે અને યુનિટી by default છે. એણે પોતાની જાતને આ રીતે ઘડ્યો છે. તેથી બ્રહ્મ સમવાયી નિમિત્ત અને કર્તા પણ છે.

**૪. શાસ્ત્રયોનિત્વાદ્ ઈતિ સૂત્રે ઉત્થિતસ્ય પૂર્વપક્ષસ્ય સમાધાનાર્થં તત્તુ સમન્વયાદ્ ઈતિ સૂત્રસ્ય પ્રવૃત્તિ: ઈતિ સૂત્રવ્યાખ્યાયા: નિરસનમ્.** શ્રીશંકરાચાર્યજી અને અન્ય આચાર્યો ના મતે **"જન્માદ્યસ્ય યત:"** માં શંકા થઈ રહી છે કે તે બ્રહ્મનું લક્ષણ સાચું કેવી રીતે હોઈ શકે? તે શંકાનું સમાધાનરૂપે **"શાસ્ત્રયોનિત્વાત્"** છે. મહાપ્રભુજી કહે છે કે તે બે સૂત્રો હોય તો શંકાનું સમાધાન આવેને! તે શંકાનું સમાધાન આમાં નથી. તેમાં લક્ષણ આપવામાં આવી રહ્યું છે આમાં પ્રમાણ આપવામાં આવી રહ્યું છે. એટલે બન્ને મળીને એક જ સૂત્ર છે. એ વ્યાખ્યાનું નિરસન કર્યું.

**૫. સ્વપૂર્વોત્તરકાંડાર્થરૂપયો: કર્મ-બ્રહ્મણો: વેદસ્ય પ્રામાણ્યં સિદ્ધાર્થત્વેનૈવ ઉપાખ્યાનાનામપિ પ્રામાણ્યમ્ એતસ્માદેવ હેતો:, પરસ્પરોપકાત્વઞ્ચ તસ્માત્ પૂર્વોત્તરકાંડયો: ક્રિયાતો જ્ઞાનતશ્ચ સ્વાતન્ત્ર્યેણાપિ પુરુષાર્થસિદ્ધિ: સમ્ભવતિ ઈતિ જ્ઞાપનાય ભિન્નતયા તત્તદ્વિચારશાસ્ત્રયો: પ્રવૃત્તિ: નતુ પૂર્વોત્તરકાંડાર્થયો: સર્વથા પરસ્પર નિરપેક્ષત્વપ્રતિપાદનાર્થમ્.**

વેદના પૂર્વકાંડમાં કર્મ છે અને ઉત્તરકાંડમાં જ્ઞાન છે. કર્મ અને જ્ઞાન છે એમાં વેદનું પ્રામાણ્ય સિદ્ધાર્થ તરીકે છે. અર્થ બે રીતે હોય. જ્ઞાનમીમાંસાનો એક સિદ્ધાન્ત છે કે પર્પજફુલ્ સ્ટેટમૅન્ટ્(સાધ્યાર્થ વાક્ય) ઑથેન્ટિક્ હોય છે પર્પજ્લેસ્ સ્ટેટમૅન્ટ્(સિદ્ધાર્થ વાક્ય) ઑથેન્ટિક્

નથી હોતા. પર્પજ્ જો આપણી રીતે ઘડી લઇએ તો ઑથેન્ટિક્ સ્ટેટમૅન્ટ્ પણ અન્ઑથેન્ટિક્ લાગે. કારણકે તે કોઇ પર્પજ્ સર્વ્ કરતું નથી. તમારો કોઇ પર્પજ્ સર્વ્ નથી થતો તેથી તે પર્પજ્લેસ્ હોય છે તેથી મિનિંગલેસ્ કહેવું યોગ્ય નથી. શબરાચાર્ય કહી રહ્યા છે કે પર્પજ્ના પહેલાં વાક્યનો મિનિંગ સમજવો જોઇએ. પર્પજ્લેસ્ વાક્ય પણ મિનિંગફુલ્ હોઇ શકે છે. કર્મકાંડના વિષયમાં કોઇ પર્પજ્ છે. નરકથી બચાવવા માંગે છે, સ્વર્ગમાં લઇ જવા માંગે છે વિ. શબરાચાર્યના હિસાબે બ્રહ્મે જગત્ને બનાવ્યું તેમાં આપણો શું પર્પજ્ સર્વ્ થયો? તેથી પર્પજ્લેસ્ હોવાથી મિનિંગલેસ્ છે.

આપણે આ વિચારને માનતા નથી. જગત્માં આપણા હોવાનો કે ન હોવાનો જો પર્પજ્ ન હોય તો પણ આપણે આપણા અસ્તિત્વને સ્વીકારતાં હોઇએ તો બ્રહ્મનો પર્પજ્ જગત્ બનાવવા માટે ન હોય તો પણ તેના અસ્તિત્વનો અસ્વીકાર કેવી રીતે કરી શકીએ? પર્પજ્ફુલ્ સ્ટેટમૅન્ટ્ મિનિંગફૂલ્ હોય છે એ જ્ઞાનમીમાંસાના વચનને સ્વીકારતાં નથી. ટ્રુથ્ પર્પજ્લેસ્ હોઇ શકે છે. સિદ્ધાર્થ=statement of fact. જેમાં પર્પજ્ સર્વ્ નથી થતો. અને સાધ્યાર્થ=જેમાં પર્પજ્ હોય. આપણે એવા વિભાગ નથી કરતાં કે પર્પજ્લેસ્ સ્ટેટમૅન્ટ્ પ્રમાણ છે કે પર્પજ્ફુલ્ સ્ટેટમૅન્ટ્ પ્રમાણ છે. એટલે સાધ્યાર્થવાક્ય પ્રમાણ છે કે સિદ્ધાર્થવાક્ય પ્રમાણ છે એવો ભેદ આપણે કરતાં નથી. જે પણ વાક્ય છે તે પ્રમાણ છે.

**વેદસ્ય પ્રામાણ્યં સિદ્ધાર્થત્વેનૈવ** શ્રીશબરાચાર્યજી એમ કહે છે કે પર્પજ્લેસ્ સ્ટેટમૅન્ટ્ મિનિંગ્લેસ્ હોય છે. તેની સામે મહાપ્રભુજી કહે છે જેટલો કર્મનો સિદ્ધાન્ત છે તે પણ પર્પજ્લેસ્ છે. કારણકે શ્રીશબરાચાર્ય એમ કહે છે કે કર્મ કરવાને કારણે મુક્તિ સ્વર્ગ વિ. મળશે ત્યાં મહાપ્રભુજી કહે છે કે આ આજ્ઞાર્થ(imperative) કે વિધિવાક્ય નથી પરન્તુ નિરૂપણાત્મક(descriptive) વાક્ય છે. વેદ

એમ નથી કહેતો કે તમે ધર્મ કરો. તે તો માત્ર descriptive statement આપે છે કે આ કામ કરશો તો આ ફલ મળશે. કરવું કે ન કરવું તે તમારા પર નિર્ભર છે. વેદવચન જો ખરેખર આજ્ઞાર્થ હોય અને વેદ જો ઈશ્વરની આજ્ઞા હોય તો આપણે તેની અવજ્ઞા કેવી રીતે કરી શકીએ! આજે મોટાભાગના બધા ધર્મો એમ કહે છે જેમ કુરાન અલ્લાહની આજ્ઞા છે, બાઈબલ ગૉડ્ની આજ્ઞા છે એમ વેદ એ કૃષ્ણની આજ્ઞા છે. કૃષ્ણ જો પરમાત્મા ભગવાન્ હોય અને તે આજ્ઞા આપતાં હોય તો તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારા આપણે કોણ? પણ આપણે આજ્ઞાનું ઉલ્લંઘન કરી શકીએ છીએ તેથી મહાપ્રભુજી કહે છે કે વેદના વચનો ડિસ્ક્રિપ્ટિવ્ સ્ટેટમૅન્ટ્ છે. એ શ્રીશબરાચાર્યથી ભિન્ન મત મહાપ્રભુજીએ લીધો છે. વૈદિક કર્મકાંડ ઈમ્પેરૅટિવ્ નથી એ તો ડિસ્ક્રિપ્ટિવ્ છે **સિદ્ધાર્થત્વેન પ્રામાણ્યં "શ્રુતિસ્મૃતી મમૈવાજ્ઞે"** જેવા વચનો **"મદ્ભયાદ્ વાતિ વાતોઽયં"** વચન માફક સાધનફલભાવ યોજક ભગવદાજ્ઞાનાં ડિસ્ક્રિપ્ટિવ સ્ટેટ્મેન્ટ્ છે.

**ઉપાખ્યાનાનામપિ પ્રામાણ્યમ્**—ઉપાખ્યાન એટલે સ્ટોરી. શ્રીશબરાચાર્ય કહે છે કે આતો ઉપાખ્યાન છે કે બ્રહ્મે જગત્ પેદા કર્યું પાલન કરે છે વિ. સ્ટોરી પર નિર્ભર થવાનું કારણ નથી.

મહાપ્રભુજી કહે છે કે સ્ટોરીનું પણ પ્રામાણ્ય છે. હવે કોઈ કહે કે સ્ટોરી તો ફિક્સન્ પણ હોઈ શકે તેના જવાબમાં મહાપ્રભુજી કહે છે કે કોઈક ફિક્સન્ હોઈ શકે તેથી બધી સ્ટોરીનું અપ્રામાણ્ય હોય તો તમે (શબરાચાર્ય) બુદ્ધિમાન હતાં એની આજે તો સ્ટોરી જ છે ને! આપણે જોઈ પણ શકીએ છીએ કે તેઓ કેટલા બુદ્ધિમાન હતાં. હવે સ્ટોરી છે તો એ અપ્રમાણ છે? બર્ટ્રેન્ડ્ રસેલે મજાક કરી છે. કૉમ્યુનિસ્ટો માઈન્ડ્ના અસ્તિત્વનો સ્વીકાર નથી કરતાં. મૅટર્ના જ અસ્તિત્વનો સ્વીકાર કરે છે. રસેલ્ જ્યારે રશિયા ગયા ત્યારે આ બાબતમાં ચર્ચા થઈ તે વખતે તેમણે કૉમ્યુનિસ્ટોને

કહ્યું "I think human being is not simply made of brain but there is something like mind also in brain." તો કૉમ્યુનિસ્ટોએ કહ્યું "We don't belive in mind" ત્યારે રસેલે કહ્યું "My politeness forbids me to accept your proposal that you are mindless" હકીકતમાં બ્રેઈનનું ફંક્શન્ માઈન્ડ્ છે પણ તેઓ માઈન્ડ્ને માનતા ન હતાં એટલે કહ્યું કે "We have brain but not mind" હવે આ વાક્ય માનવું કે ન માનવું ?

તેથી મહાપ્રભુજી કહે છે કે જો સ્ટોરી બધી ખોટી હોય તો શ્રીશબરાચાર્યજીની સ્ટોરી પણ ખોટી થશે અને તેમની સ્ટોરી ખોટી ન હોય તો બ્રહ્મે જગત્ બનાવ્યું તે સ્ટોરી શા માટે ખોટી હોય ? તેથી ઉપાખ્યાનનું પ્રામાણ્ય પણ સ્વીકારવું પડશે.

**પરસ્પરોપકારત્વઞ્ચ તસ્માત્ પૂર્વોત્તરકાંડયો:** = તેથી પૂર્વકાંડમાં ઉત્તરકાંડ ઉપકારક (કૉમ્લીમૅન્ટ્રી) છે, ઉત્તરકાંડમાં પૂર્વકાંડ ઉપકારક છે.

**ક્રિયાતો જ્ઞાનતશ્ચ સ્વાતન્ત્ર્યેણાપિ પુરુષાર્થસિદ્ધિ: સમ્ભવતિ** = અને ક્રિયા પણ જ્ઞાનના સહકાર વિના અને જ્ઞાન ક્રિયાના સહકાર વિના પુરુષાર્થ તો સિદ્ધ કરે છે.

**ઇતિ જ્ઞાપનાય ભિન્નતયા તત્તદ્વિચારશાસ્ત્રયો: પ્રવૃત્તિ:** = અને તે જણાવવા માટે કર્મમીમાંસા અને બ્રહ્મમીમાંસા લખી. મીમાંસા અલગ હોવાથી કર્મ-જ્ઞાન અલગ થતાં નથી. એક જ કાર્યમાં જ્ઞાન અને કર્મ બન્ને છે જેમ હાથનો ઉપયોગ કર્મ માટે હોવા છતાં હાથમાં ઉપાડેલી વસ્તુનું વજન જાણી શકીએ છીએ. એટલે કર્મમાં જ્ઞાન અને જ્ઞાનમાં કર્મ અન્તર્નિહિત (ઈન્ટરકન્સિલ્) છે.

**નતુ પૂર્વોત્તરકાંડાર્થયો: સર્વથા પરસ્પર નિરપેક્ષત્વપ્રતિપાદનાર્થમ્** = પૂર્વોત્તરકાંડ એક-બીજાથી સર્વથા નિરપેક્ષ હોઈ શકતા નથી.

૬. **તત્તુ સમન્વયાદ્ ઈતિ સૂત્રસ્ય બ્રહ્મણિ સર્વવેદાન્તવચનાનાં સમન્વય: ઈતિ વ્યાખ્યાનં ન સમઞ્જસં તસ્ય ઈદાનિમ્ અસિદ્ધત્વેન હેતુતયા ઉપન્યાસસ્ય અશક્યત્વાત્, તસ્માત્ સમવાયિકારણત્વમેવ અનેન સૂત્રેણ બ્રહ્મણ: સિદ્ધયતિ ઈતિ પ્રતિપાદનમ્.**

**તત્તુ સમન્વયાદ્ ઈતિ** = તેથી જે લોકો એમ કહે છે કે આ સૂત્રનો અર્થ એમ થાય કે શ્રુતિનાં જેટલા વચનો છે તે બ્રહ્મમાં કો-ઑર્ડિનેટ્ (સમન્વિત) થાય છે. મહાપ્રભુજી કહે છે કો-ઑર્ડિનેટ્ થતાં હશે પણ હજી તમે પ્રૂવ્ નથી કર્યું ત્યાં સુધી કારણ તરીકે કેવી રીતે વાપરી શકો? બ્રહ્મવિચાર થઈ જવા દો પછી સમજમાં આવશે કે સમન્વિત છે કે નહીં.

ગ્રન્થની શરૂઆતમાં તમે કેવી રીતે કારણ તરીકે ગણી શકો કે બધાનો સમન્વય છે? કારણ ક્યારે આપી શકાય જ્યારે બન્ને પાર્ટીને સ્વીકાર્ય હોય ત્યારે. એકતરફા કારણનો સ્વીકાર હોતો નથી તેથી તેવું વાક્ય પણ કારણ ન કહી શકાય.

**બ્રહ્મણિ સર્વવેદાન્તવચનાનાં સમન્વય: ઈતિ વ્યાખ્યાનં ન સમઞ્જસં તસ્ય ઈદાનિમ્ અસિદ્ધત્વેન હેતુતયા ઉપન્યાસસ્ય અશક્યત્વાત્** = તેથી મહાપ્રભુજી કહે છે કે બ્રહ્મ કારણ તરીકે અથવા તો બધીજ શ્રુતિઓની સમન્વિતતયા અભિપ્રેત હોવાના રૂપમાં હજુ સિદ્ધ જ નથી થયો તો આપણા કહેવાથી સમન્વય સિદ્ધ નહીં થાય. અહીં ટૅક્સ્ચ્યુઅલ્ કો-ઑર્ડિનેશન્નો ઈશ્યુ નથી. અહીં સમન્વય બ્રહ્મ જગતનું કારણ હોવાથી કાર્યમાં કો-ઑર્ડિનેટ્ છે.

**તસ્માત્ સમવાયિકારણત્વમેવ અનેન સૂત્રેણ બ્રહ્મણ: સિદ્ધયતિ ઈતિ પ્રતિપાદનમ્** = બ્રહ્મ સમવાયી કારણ છે એમ સૂત્રથી સિદ્ધ છે.

૭. **બ્રહ્મણ: સમવાયિકારણત્વે કેવલાદ્વૈતિનાં વિપ્રતિપત્તય: તત્સમાધાનઞ્ચ.** = એમાં કેવલાદ્વૈતીઓની જે આપત્તિ છે તેનો પણ મહાપ્રભુજીએ વિચાર કર્યો છે.

## (૩) પ્રકૃત્યધિકરણમ્

**૧. પ્રકૃતિશ્ચ પ્રતિજ્ઞાદષ્ટાન્તાનુપરોધાત્ (૧।૪।૨૩) સૂત્રં, ભાષ્યે : બ્રહ્મણ: કેવલં નિમિત્તકારણત્વમેવ ઉપાદાનકારણત્વન્તુ પ્રકૃતે: કુતો ન ઈતિ સંશયે, બ્રહ્મણો નિમિત્તકારણત્વમેવ ઈતિ પૂર્વપક્ષ:. ઉત્તરપક્ષસ્તુ બ્રહ્મણો અભિન્નનિમિત્તોપાદાનતા ઈતિ ન સાંખ્યાભિમતપ્રકૃતે: જગદુપાદાન-ત્વમ્.**

**પ્રકૃતિશ્ચ પ્રતિજ્ઞાદષ્ટાન્તાનુપરોધાત્ સૂત્રં, ભાષ્યે : બ્રહ્મણ: કેવલં નિમિત્તકારણત્વમેવ ઉપાદાનકારણત્વન્તુ પ્રકૃતે: કુતો ન ઈતિ સંશયે** = સાંખ્ય પણ ઉપનિષદ્‌ની વ્યાખ્યા કરે છે. સાંખ્ય બ્રહ્મસૂત્રની વ્યાખ્યા નથી કરતું. વ્યાસજીએ જેવી રીતે બ્રહ્મસૂત્રમાં ઉપનિષદોની વ્યાખ્યા કરી તેમ સાંખ્યાચાર્યો પણ ઉપનિષદ્‌ની વ્યાસજીના ઉપર નિર્ભર થયા વગર સ્વતન્ત્ર વ્યાખ્યા કરી છે. તેમાં તેઓ કહે છે જગત્‌નું ઉપાદાન કારણ પ્રકૃતિ છે અને બ્રહ્મ તો ફક્ત નિમિત્તકારણ છે. દા.ત. પંખો ચાલી રહ્યો છે તો ઉપાદાન કારણ પંખાનું મૅકેનિજમ્ છે અને નિમિત્ત કારણ ઈલેક્ટ્રિસિટી છે. તેવી રીતે જગત્‌નું ઉપાદાન કારણ પ્રકૃતિ છે બ્રહ્મ તો નિમિત્ત કારણ છે. તે માત્ર ઈન્સ્ટિગેટ્ કરે છે, પોતે કાંઈ કરતો નથી.

**બ્રહ્મણો નિમિત્તકારણત્વમેવ ઈતિ પૂર્વપક્ષ:** = તેથી બ્રહ્મને નિમિત્તકારણ જ માનવો તેવો પૂર્વપક્ષ છે.

**ઉત્તરપક્ષસ્તુ બ્રહ્મણો અભિન્નનિમિત્તોપાદાનતા ઈતિ ન સાંખ્યાભિમતપ્રકૃતેઃ જગદુપાદાનત્વમ્** = બ્રહ્મ જગતનું અભિન્નનિમિત્તોપાદાન કારણ છે. પ્રકૃતિ પણ કારણ છે કારણકે બ્રહ્મ પ્રકૃતિરૂપે થયો છે. પ્રકૃતિ પોતાના સામર્થ્યથી કારણ નથી.

**૨. અભિધ્યોપદેશાત્ ચ, સાક્ષાત્ ચ ઉભયામ્નાનાત્, આત્મકૃતેઃ પરિણામાત્, યોનિશ્ચ હિ ગીયતે ( ૧।૪।૨૪-૨૭ ) સૂત્રાણિ તદ્ભાષ્યઞ્ચ.**

**અભિધ્યોપદેશાત્ ચ** = શ્રુતિમાં એમ કહેવામાં આવ્યું છે કે બ્રહ્મે ધ્યાન કર્યું કે મારે જગત્ બનાવવું છે. પ્રકૃતિ જો અચેતન હોય તો ધ્યાન કેવી રીતે કરી શકશે? શ્રુતિના આ વચનને કારણે પ્રકૃતિ કારણ થઈ શકતી નથી. (By itself prakruti can not be a cause because nature can't create this world after planning)

**સાક્ષાત્ ચ ઉભયામ્નાનાત્** = સાક્ષાત્ પણ કહ્યું છે **પ્રકૃતિપુરુષશ્ચેતિ પરમાત્મા અભવત્ પુરા** પ્રકૃતિ અને પુરુષ બન્નેનાં રૂપો પરમાત્માએ ધારણ કરેલાં છે. તેથી પ્રકૃતિને કારણ કેવી રીતે મનાશે?

**આત્મકૃતેઃ પરિણામાત્''** = વેદમાં સ્પષ્ટ કહ્યું છે, **''તદ્ આત્માનં સ્વયમ્ અકુરુત''** પોતાની જાતને જગદ્રૂપે બનાવ્યો તેથી ઉપાદાન કારણ અને કર્તા પણ પોતે થયો.

**યોનિશ્ચ હિ ગીયતે** = **''મમ યોનિઃ મહદ્ બ્રહ્મ''** બ્રહ્મને યોનિ પણ કહેવામાં આવે છે. **ઈતિ સૂત્રાણિ તદ્ભાષ્યઞ્ચ.**

પ્રશ્ન : શ્રીશંકરાચાર્યજી 'આનન્દ'નો અર્થ શું કરી રહયા છે?

જવાબ : શ્રીશંકરાચાર્યજીને ત્યાં આનન્દનો અર્થ એ નથી જે આપણે કરી રહ્યા છીએ. એમને ત્યાં 'આનન્દ'નો અર્થ દુઃખ નથી,

'સત્ય'નો અર્થ અસત્ય નથી, 'ચિત્'નો અર્થ જડ નથી. આપણે જે અર્થ કરી રહ્યા છીએ તે રીતમાં તો આ વાત સાચી પડે. પણ એમને ત્યાં ત્રણેનો અર્થ નથી-નથી એટલે નૅગેટિવલી થાય છે. હવે તમે નૅગેટિવલી લેતાં હોય તો ત્રણ લેવાની શું જરૂર છે? દા.ત. અહીં ઘોડો નથી, હાથી નથી, ગાય નથી. જ્યાં સુધી નથી ત્યાં આ જે છે તે એક જ છે. પણ ત્રણ અલગ ન હોય તો આત્રણે અહીં નથી એવું કેવી રીતે કહી શકાય? એટલે તમારે ત્રણ કહેવા પડશે. દા.ત. હાથી ઘોડા અને ગાય ક્યાંક હોય તો જગ્યા તેટલી ઑક્યુપાઇડ્ ગણાશે તેટલી જગ્યા ત્રણનાં અભાવમાં ઑક્યુપાઇડ્ નથી હોતી.

પ્રશ્ન: ઉપાદાન અને સમવાયી માં શું અન્તર છે?

જવાબ: ઉપાદાન એટલે કાર્યને ઉત્પન્ન કરવા માટે જે વસ્તુને લેવી પડે તે ઉપાદાન કારણ. ઘડો બનાવવા માટે માટી લાવવી પડે, તો માટી ઉપાદાન. પણ સમવાયી હંમેશા કારણ નથી હોતો. તે કોઈ વખતે ધર્મી હોઈ શકે, અકારણ પણ હોઈ શકે છે. દા.ત. મનુષ્યતા મનુષ્યમાં સમવેત છે તેથી મનુષ્ય તેનો સમવાયી થયો પણ મનુષ્ય મનુષ્યતાનો કારણ નથી કારણકે ત્યાં ધર્મ-ધર્મી ભાવ છે. આ ન્યાયની દષ્ટિથી ઉપાદાન અને સમવાયીમાં ફરક છે.

આપણે સમવાયને તાદાત્મ્યથી ભિન્ન નથી માનતાં. (ન્યાયમતમાં) સમવાયી એ નિત્ય સમ્બન્ધ છે. એ કારણ અને કાર્ય, સામાન્ય અને વિશેષ વચ્ચેનો સમ્બન્ધ છે. ન્યાયમતમાં તાદાત્મ્ય સમ્બન્ધ ડાયડિક્ રિલેશન્ (દ્વિનિષ્ઠ) નથી, મોનોડિક રિલેશન્ (સ્વનિષ્ઠ) છે. એટલે તમે તમારી સાથે તાદાત્મ્ય સમ્બન્ધથી જોડાયેલાં છો. પણ તમારા ગુણો, આકૃતિ રૂપ, પરિમાણ એ આપણી સાથે તાદાત્મ્ય સમ્બન્ધથી નથી જોડાયાં. પણ સમવાય સમ્બન્ધથી (ઈન્સૅપરેબલ્)

છે. સમવાય એ ડાયડિક્ રિલેશન્ છે. **જાતિવ્યક્ત્યોઃ ગુણ-ગુણિનો ક્રિયા-ક્રિયાવતો ચ સમ્બન્ધઃ સમવાયસમ્બન્ધઃ** અહીં તેઓ દ્વૈતને સ્વીકારે છે કે જાતિ એ વ્યક્તિથી ભિન્ન છે. ક્રિયા કર્તાથી ભિન્ન છે. ગુણ દ્રવ્યથી ભિન્ન છે. જ્યારે તેઓ સમવાય કહી રહ્યા છે ત્યારે દ્વૈત સમ્બન્ધ કહે છે. આપણે તાદાત્મ્યને સમવાયની ઉપર ઈમ્પોજ્ કરીએ છીએ. જ્યાં સમવાય છે ત્યાં તાદાત્મ્ય છે. તાદાત્મ્ય એ એવો સમ્બન્ધ છે ન તો તે અદ્વૈત ન તે દ્વૈત છે. તેથી તાદાત્મ્યનું વર્તુળ મોટું છે. તેથી તેમાં સમવાય સમાઈ જાય છે.

**અથાતો બ્રહ્મ જિજ્ઞાસા, જન્માદ્યસ્ય યતઃ, શાસ્ત્રયોનિત્વાત્** એ ત્રણ સૂત્ર મળીને બ્રહ્મવાદ આવી ગયો. બ્રહ્મવાદની પરિભાષા ''બધું જ બ્રહ્મ છે'' તો જગત્માં જે-જે વિરુદ્ધતા દેખાઈ રહી છે એની ઘણીબધી વૅરાઈટી છે. ઉપનિષદ્ કહે છે **''દ્વે વાવ બ્રહ્મણો રૂપે મૂર્તં ચૈવ અમૂર્તઞ્ચ મર્ત્યઞ્ચ અમૃતઞ્ચ સ્થિતઞ્ચ યચ્ચ સચ્ચ ત્યચ્ચ''** (બૃહ.ઉપ.૨ા૩ા૧) બ્રહ્મના બે રૂપો છે વિથ્ ફૉર્મ (મૂર્ત) અને વિધાઉટ્ ફૉર્મ (અમૂર્ત) પણ છે. એ મૉર્ટલ્ (મર્ત્ય) પણ છે અને ઈમ્મૉર્ટલ્ (અમૃત) પણ છે. સ્ટેબલ્ (સ્થિત) અને મૂવિંગ્ (યત્) છે. મૅનિફેસ્ટેડ્ (પ્રકટ) અને અન્મૅનિફેસ્ટેડ્ (અપ્રકટ) છે. બીજા ઉપનિષદ્માં એમ કહે છે **''તત્ સૃષ્ટ્વા તદેવ અનુપ્રાવિશત્, તદવનુપ્રવિશ્ય, સત્ ચ ત્યત્ ચ અભવત્, નિરુક્તં ચ અનિરુક્તં ચ, નિલયનં ચ અનિલયઞ્ચ, વિજ્ઞાનં ચ અવિજ્ઞાનઞ્ચ, સત્યં ચ અનૃતઞ્ચ સત્યમ્ અભવત્''** (તૈત્તિ.ઉપ.૨ા૬) એટલે બ્રહ્મે આ જગત્નું સૃજન કર્યું અને તેમાં પોતે પ્રવેશી ગયો. પ્રવેશ કર્યા પછી તે પ્રકટ-અપ્રકટ થયો, નિલય (આધાર) અને અનિલય (નિરાધાર) થયો, નિરુક્ત એટલે That which can be defined and that which can not be define. વિજ્ઞાન (અન્ડરસ્ટૅન્ડિંગ્) અને અવિજ્ઞાન (નોન્-અન્ડર્સ્ટૅન્ડિન્ગ્) થયો, સત્ય (ટ્રુથ) અને અનૃત (ફૉલ્સ્) થયો. આ બધા વિરુદ્ધધર્મરૂપે બ્રહ્મ થયો.

જગત્‌માં કૉન્ટ્રાડિક્શન્ દેખાતા હોય અને જગત્ બ્રહ્મથી થયો હોય તો જગત્‌ના ગુણો કોઈક રીતે બ્રહ્મમાં હોવા જોઈએ. એ અર્થમાં બ્રહ્મ 'વિરુદ્ધધર્માશ્રય' છે. તેથી બ્રહ્મવાદમાં બીજો વાદ વિરુદ્ધશ્રયતાવાદ છે. ઉપનિષદ્‌માં વર્ણવેલા વિરોધી જ ફક્ત ધર્મો બ્રહ્મમાં છે તેવું નથી પરન્તુ બીજા પણ અનેક વિરોધી ધર્મો જેવાંકે સુખ-દુઃખ, દેવ-અસુર, સ્વર્ગ-નરક વિગેરે બધાં વિરોધી ધર્મો આવી જાય છે. જે કોઈ વિરુદ્ધતા છે તે તેનાં રૂપો છે. જેમ પૃથ્વી ગુલાબ-કાંટો બન્નેને ઉગાડે છે. દુર્ગંધ-સુગંધ બન્ને પૃથ્વી આપે છે. આપણા શરીરમાં પણ કૉન્ટ્રાડિક્શન્ ફંક્શન્ ચાલી રહ્યા છે. બ્લડ્-કૅન્સર્‌માં વાઈટ્-સેલ્ રૅડ્-સેલ્‌ને ખાઈ જાય છે તે પણ વિરોધી ફન્કશન્ છે. હવે બ્રહ્મમાં આ વિરોધી ધર્મો કેવી રીતે હોય એવી શંકા કરીએ તો અને બ્રહ્મ નથી એમ માની લઈએ તો પણ જે કોઈ કારણ માનશો તેમાં કૉન્ટ્રાડિક્શન્ તો માનવું જ પડશે. જીવતા માણસમાં જાગરણ અને નિદ્રા પણ વિરોધી જ છે.

તેથી બ્રહ્મ વિરુદ્ધધર્માશ્રય હોવાને કારણે પોતાને કાર્ય-કારણરૂપે વિભાજિત કર્યો તે બન્નેમાં તેની સત્તા છે. એવું ન હોય તો આપણા ગમા-અણગમાને કારણે સાચું કે ખોટું કરીએ. એટલે ગમતું હોય તે સાચું અને ન ગમતું હોય તે ખોટું. શ્રીશંકરાચાર્યજી ને કાર્ય નથી ગમતું તેથી તે ખોટું, કારણ સાચું. બુદ્ધને કારણ નથી ગમતું એટલે કાર્ય સાચું અને કારણ ખોટું. ઉપનિષદ્ કહે છે કે કારણ પણ સાચું અને કાર્ય પણ સાચું. તેથી સત્કારણવાદ અને સત્કાર્યવાદ આવ્યો.

સત્કારણવાદ અને સત્કાર્યવાદ ના પરિણામરૂપે અભિન્નનિમિત્તોપાદાન-કારણતાવાદ આવી રહ્યો છે. જે કાર્ય ઉત્પન્ન થયું છે તેનું નિમિત્તકારણ પણ તે જ છે અને ઉપાદાનકારણ પણ તે જ છે. સામાન્ય રીતે કુંભાર નિમિત્તકારણ છે અને માટી ઉપાદાનકારણ

છે. પણ બ્રહ્મ બન્ને એટલે નિમિત્ત અને ઉપાદાન પોતે જ થયો છે.

અભિન્નનિમિત્તોપાદાન પછી હવે અવિકૃતપરિણામવાદ આવ્યો. અવિકૃતપરિણામવાદ એટલે ઈમ્મૅક્યુલૅટ્ (અવિકૃત) રૂપાન્તર છે. જેમ સોનામાંથી ઘરેણું બને તેમાં સોનું ઈમ્મૅક્યુલૅટ્ રહે છે. દૂધમાંથી દહીં એ મૅક્યુલેટ્ (વિકૃત) ટ્રાન્સફૉર્મેશન્ છે.

હવે અવિકૃતપરિણામવાદ પછી આવિર્ભાવ-તિરોભાવવાદ આવ્યો. એટલે જેને આપણે ઉત્પત્તિ-નાશ સમજીએ છીએ તે આપણી ઓછી સમજને કારણે. હકીકતમાં તો આવિર્ભાવ (રિવીલમૅન્ટ્) અને તિરોભાવ (કન્સીલમૅન્ટ્) છે. જેમ થિયેટર્માં પડદો ઉઠે અને ઍક્ટર્ દેખાય તેમ ઍક્ટર્ પેદા નથી થતા આવિર્ભૂત થાય છે. પડદો આવી ગયા પછી તે તિરોહિત થઈ જાય છે.

કાર્ય-કારણતાદાત્મ્યવાદ એટલે કાર્ય-કારણ વચ્ચે realation of identity છે. એટલે A=B અહીં એ અને બી બન્ને છે અને બન્ને આઈડૅન્ટિકલ્ ટુ ઈચ્ અધર્ છે. આ તાદાત્મ્ય છે અને ફક્ત એ હોય અને બી ન હોય તો કેવલાદ્વૈતવાદ થઈ ગયો. આપણે ત્યાં કાર્ય-કારણનો તાદાત્મ્યવાદ છે. જેમ સોનું અને ઘરેણાં વચ્ચે તાદાત્મ્ય છે. એટલે After transformation gold become ornamentary and ornament is golden.

અંશાશિતાદાત્મ્યવાદ એટલે પાર્ટ (અંશ) અને હોલ્ (અંશી) વચ્ચે તાદાત્મ્ય હોય છે. જેવી રીતે કાર્ય-કારણમાં Realtion of identity હોય છે તેવી રીતે અંશાશીમાં પણ હોય છે.

પછી લીલાવાદ આવ્યો. પડદો ઉઠવાની પ્રક્રિયા (આવિર્ભાવ)

અને પડદો પાડવાની પ્રક્રિયા (તિરોભાવ) પર ધ્યાન આપીએ તો લીલાભાવ આવે. સિરીયસલી લઈએ તો ન આવે. આપણને આપણા અને પરાયા નો ભેદ હોવાને કારણે લીલા દેખાતી નથી પણ બ્રહ્મના માટે જે મારી રહ્યો છે, જે મરાઈ રહ્યો છે, જે તારી રહ્યો છે, જે તરી રહ્યો છે, જે પેદા કરી રહ્યો છે, જે પેદા થઈ રહ્યો છે એ બધું બ્રહ્મ જ છે. એ વાત સમજમાં આવે તો લીલા સમજમાં આવે. જે પૃથ્વી જલ તેજ વાયુ આકાશ તત્ત્વો આપણા શરીરને ઘડે છે તે જ મારવાનો હેતુ બને છે. કોઈ પણ નાટકમાં ડાયરૅક્ટર્ કોઈકને વિલન્ બનાવે છે અને કોઈકને હિરો બનાવે છે. તે ડાયરૅક્ટર્ કરાવે છે એવું આપણે સમજીએ તો લીલાબોધ થાય. તકલીફ ન થાય.

લીલાવાદ એ બ્રહ્મવાદનું કન્કલુજન્ છે. શુદ્ધાદ્વૈતવાદના આ નવવાદો કૉન્સ્ટિટ્યુઍન્ટ્ (બંધારણીય) વાદો છે. આ રૅસિપી છે જેનાથી 'શુદ્ધાદ્વૈતવાદ' ઘડાયો છે.

**''અથાતો બ્રહ્મજિજ્ઞાસા, જન્માદ્યસ્ય યત: શાસ્ત્રયોનિત્વાત્''** થી બ્રહ્મવાદ જોઈ લીધો. **''જન્માદ્યસ્ય યત:''**માં કર્તૃત્વવાદ પણ છે અને **''તત્તુ સમન્વયાદ્''** માં ઉપાદાન પણ છે. એટલે અભિન્નનિમિત્તોપાદાન પણ થઈ ગયું.

પ્રકૃત્યધિકરણમાં **પ્રકૃતિશ્ચ પ્રતિજ્ઞાદષ્ટાન્તાનુપરોધાત્** એ સૂત્ર છે. અહીં શબ્દશ: શું કહેવાયું છે તેની પાછળનો લૉજીકલ્ કન્સૅપ્ટ્ શું છે તે સમજવું જરૂરી છે. વર્બૅટમ્માં એમ કહેવાઈ રહ્યું છે કે દુનિયાની પેદાઈશમાં સ્પર્મ અને ઓવમ્ છે. સામાન્ય રીતે સ્પર્મ કોઈકનું હોય અને ઓવમ્ કોઈકનું હોય પણ જગત્ પેદા થવામાં સ્પર્મ અને ઓવમ્ તે બન્ને બ્રહ્મ છે. સાંખ્ય કહે છે કે પ્રકૃતિ ઓવમ્ અને પુરુષ સ્પર્મ છે. શ્રીશંકરાચાર્યજી કહે છે કે કૉન્શિયસનેસ્

સ્પર્મ છે અને માયા ઓવમ્ છે. પણ બ્રહ્મસૂત્રકાર કહે છે **''પ્રકૃતિશ્ચ પ્રતિજ્ઞાદષ્ટાન્તાનુપરોધાત્''** એટલે પ્રકૃતિ પણ તે છે અને યોનિ પણ તે છે. પ્રતિજ્ઞાદષ્ટાન્તાનુપરોધાત્ એટલે પ્રતિજ્ઞા એ કરી હતી **''એકવિજ્ઞાનેન સર્વમ્ ઈદં વિજ્ઞાતં ભવતિ''** એકને જાણવાથી બધું જાણી શકાય છે. હવે સ્મર્પ અને ઓવમ્ ભિન્ન હોય તો એકને જાણવાથી બધું નથી જાણી શકતાં પણ બ્રહ્મ પોતે સ્પર્મ અને ઓવમ્ હોય તો એક બ્રહ્મને જાણો તો બધું જાણી લીધું.

લૉજિકલી અહીં અશક્ય લાગતું હોય પણ એક વાત સમજવી જોઈએ કે બાય્-સૅક્સ્યુઅલ્ રિપ્રોડક્શન્ બહુ પછીનું ડૅવલપમૅન્ટ્ છે. ઓરિજીનલ્ બાય્-સૅક્સ્યુઅલ્ પ્રોડક્શન્ નથી. જેમ વૃક્ષ પોતાની મેળે સ્પર્મ અને ઓવમ્ નું કામ કરે છે. સેલ્ પણ સ્પર્મ અને ઓવમ્નું કામ કરે છે. ઓરિજીનલી પ્રાણીમાં બાય્-સૅક્સ્યુઅલ્ સિસ્ટમ્ નથી. જો પ્રાણીમાં ન હોય તો સેલ્માં પણ ન હોય. તે પોતે પોતાની જાતે રિપ્રોડ્યુસ્ કરી શકતા હોય તો બ્રહ્મ કેવી રીતે પોતાની જાતે મલ્ટીપ્લાય્ ન થઈ શકે! તેથી આ સિદ્ધાન્ત અતાર્કિક નથી, વૈજ્ઞાનિક સિદ્ધાન્ત છે. બાય્-સૅક્સ્યુઅલ્ પ્રોડક્શન્ તો પાછળથી પ્રકટ થયું. કામ વધે એટલે ડિવિજન્ ઑફ્ જૉબ્ થઈ જાય. જૂના જમાનામાં એક ટિચર્ અનેક વિષયોને ભણાવતાં હતાં પરન્તુ હવે માસ્-પ્રોડક્શન્ થઈ જવાને કારણે સિસ્ટમ્ કરવી પડે જેમાં પ્રિન્સિપાલ્ પ્યુન્ વિગેરે હોય છે. પહેલાં જૂતા, મોચી આપણા પગના માપ પ્રમાણે બનાવતો. આજે મોટી કંપનીઓ આપણા પગના માપ પ્રમાણે નથી બનાવતી, માસ્-પ્રોડક્શન્માં વિવિધ સાઈજ બનાવી દે છે. તેવી રીતે પહેલાના દરજી સોની વિગેરે ઉદાહરણોથી પણ આપણે સમજી શકીએ છીએ કે માસ્ પ્રોડક્શન્ થઈ જવાને કારણે સિસ્ટમ્ આવી ગઈ એટલે ડિસ્ટ્રબ્યુશન્ ઑફ જોબ્ થઈ ગયું.

તેથી પ્રકૃત્યધિકરણમાં જ્યારે એમ કહ્યું **''અભિધ્યોપદેશાત્''** એટલે

જે જગતરૂપે થયો છે તે ઍક્સડૅન્ટલી નથી થયો, સંકલ્પ/અભિધ્યાનપૂર્વક થયો છે. પ્લાન્‌પૂર્વક જગત્ પેદા થયું છે.

**''સાક્ષાત્ ચ ઉભયામ્નાનાત્''** અને **''સ આત્માનં દ્વેધા પાતયત્''** એણે પોતાની જાતે વિભક્ત કર્યો. પ્રકૃતિ-પુરુષ એટલે ઓવમ્-સ્પર્મ બન્ને પોતે થયો, કોઈની પણ સહાય વગર.

**''આત્મકૃતેઃ પરિણામાત્'', ''સ આત્માનં સ્વયમ્ અકુરુત''** પોતાની જાતને જગતરૂપે ઘડ્યો છે એટલે જ્યાં સુધી એની અવૅયર્નેસ્‌નો સવાલ છે ત્યાં સુધી તેની લીલા છે. આપણી પરિચ્છિન્નતાને કારણે લીલા ન લાગી સુખ-દુઃખ લાગે છે. જેમ આપણા શરીરના કોશ, એક રૅડ્-સેલ્ બને છે અને એક વાઈટ્-સેલ્ બને છે. રેડ્-સેલ્ શરીરના દરેક અંગને પોષણ આપે છે જ્યારે વાઈટ્-સેલ્ શરીરમાં નિરંતર હિંસા કરે છે કારણકે શરીરમાં બાહ્ય કોઈ પણ પદાર્થ આવે તો તેને મારી નાખે છે. તેથી આપણા શરીરમાં રેડ્-સેલ્ પોષણનું (પ્રેમ) કાર્ય કરે છે અને વાઈટ્-સેલ્ હિંસાનું કાર્ય કરે છે. જ્યારે બ્લડ્-રિલેશન્ છે એમ કહીએ ત્યારે વિશેષ અનુરાગ બતાવીએ છીએ. સંસ્કૃતમાં 'રક્ત' એટલે લાલ, 'અનુરાગ'નો મતલબ પણ લાલ છે. આપણા લોહીમાં અનુરાગ અને દ્વેષ વહી રહ્યા છે. બન્નેનો પોજિટિવ્ રોલ્ છે શરીરના કોઈ પણ ભાગને જીવિત રાખવામાં.

## દ્વિતીયાધ્યાય

### તદનન્યત્વાધિકરણમ્

**તદનન્યત્વમ્ 'આરમ્ભણા'દિશબ્દાદિભ્યઃ (૨।૧।૧૪) ઈતિ સૂત્રમ્.**

**૧. ભાષ્યે ''વાચારમ્ભણં 'વિકારો' નામધેયં 'મૃત્તિકા' ઈત્યેવ સત્યમ્'' (છાન્દો.ઉપ.૬।૧૪) ઈત્યત્ર વિકારઃ કિં વાઙ્માત્રેણૈવ આરભ્યતે ઉત વસ્તુતઃ ઈતિ સંશયે વાઙ્માત્રેણૈવ ઈતિ પૂર્વપક્ષઃ. કાર્યસ્ય કારણાનન્યત્વં**

**નતુ મિથ્યાત્વમ્ ઈતિ ઉત્તરપક્ષ:.**

જ્યારે શ્વેતકેતુ ભણીને ગયો પછી પિતા તરફનો તેનો વ્યવહાર ઘમંડી હતો ત્યારે પિતાએ પૂછ્યું કે તેં એ વિદ્યા જાણી છે **"એકવિજ્ઞાનેન સર્વમ્ ઈદં વિજ્ઞાતં ભવતિ"** ત્યારે શ્વેતકેતુએ ના પાડી ત્યારે તેમણે કહ્યું **"યથા સૌમ્યકેન મૃત્પિણ્ડેન સર્વં મૃણ્મયં સર્વં વિજ્ઞાતં ભવતિ"** જેમ માટીનો પિંડ લો તો માટીથી બનેલી બધી વસ્તુને જાણી શકીએ છીએ. એવો એક સત્ (બીઈંગ્) જેને જાણવાથી બધાનું જ્ઞાન (રૅકગ્નાઈજેશન્) થઈ શકે છે. ત્યાં આ વાત કરી **"વાચારમ્ભણં 'વિકારો' નામધેયં 'મૃત્તિકા' ઈત્યેવ સત્યમ્"** માટીના ઘડાને માટીનો ઘડો એટલે 'વિકાર' કહેવું એ તો બોલવા પૂરતી વાત છે. હકીકતમાં તો સાચુ નામ 'માટી' જ છે. આપણી ભાષાને કારણે આપણે એક વસ્તુને એક નહીં કહીને બે કહી રહ્યા છીએ. એક માટી અને તેનાથી બનેલો ઘડો. એ બે વાત જે આવી રહી છે તે બોલવા માટે આવી રહી છે. કારણ નહીં તો આપણું કામ ચાલે નહીં. પણ હકીકતમાં માટીનો ઘડો માટી જ છે. એ 'અવિકૃતપરિણામ'નો સિદ્ધાન્ત છે. માટી પોતાનું માટીપણું ખોયાવગર ઘડો બન્યો છે.

**"ભાવે ચ ઉપલબ્ધે:"** (૨।૧।૧૫), **"સત્ત્વાચ્ચ અવરસ્ય"** (૨।૧।૧૬).

માટીમાં માટીનો ઘડો બનાવવાની જો શક્તિ ન હોય તો ઘડો અનુભવાઈ શકતો નથી. કેમકે કોઈ એવી વસ્તુ વિચારી શકાતી નથી કે જે કોઈનામાંથી બની ન હોય. એવી કોઈ વસ્તુ છે કે જે મેઈડ્ આઉટ્ ઑફ્ નથિંગ્ હોય? Nothing can be made out of nothing. અને જો કોઈક વસ્તુમાંથી કોઈક વસ્તુ બની હોય તો તે મૂલતત્ત્વ અહીં ઉપલબ્ધ છે. **"ભાવે ચ ઉપલબ્ધે:"** ભાવ હશે તો ઉપલબ્ધ થશે. ભાવ નહીં હોય તો ઉપલબ્ધ કેવી રીતે

થશે. ''**સત્ત્વાત્ ચ અવરસ્ય**'' અને જે અવર કાર્ય છે તેને પણ સત્ય માનો મિથ્યા નહીં. એટલે અવિકૃતપરિણામવાદ આવ્યો.

**અસદ્વ્યપદેશાધિકારણમ્**

**અસદ્વ્યપદેશાદ્ ન ઈતિ ચેદ્, ન; ધર્માન્તરેણ વાક્યશેષાદ્ (૨।૧।૧૭) ઈતિ સૂત્રમ્.**

**૧. ભાષ્યે ''અસદ્ વા ઈદમ્ અગ્રે આસીદ્'' (તૈત્તિ.ઉપ.૨।૭) ઈતિ શ્રુત્યા પ્રાગ્ ઉત્પત્તે: જગત: સત્ત્વં વા અસત્ત્વં વા બોધ્યતે ઈતિ સંશયે જગત્ સદ્ ન ભવિતુમ્ અર્હતિ 'અસદ્' વ્યપદેશાદ્ ઈતિ પૂર્વપક્ષ:. સદેવ ઈતિ ઉત્તરપક્ષ: 'અસત્' પદસ્ય અવ્યાકૃત્વવાચકત્વાત્, ''તદ્ આત્માનં સ્વયમ્ અકુરુત'' (તૈત્તિ.ઉપ.૨।૭) ઈતિ સ્વસ્યૈવ ક્રિયમાણત્વાદ્, 'ઈદમ્'-'આસીદ્' પદપ્રયોગાત્ ચ.**

ઉપનિષદ્ કહે છે ''**અસદ્ વા ઈદમ્ અગ્રે આસીદ્ તતો વૈ સદ્ અજાયત**'' પહેલાં આ એવું હતું કે જાણેકે તે ન હોય અને પાછળથી એવું થયું કે જાણે તે હોય.

હવે ''જાણે કે તે ન હોય'' અને ''જાણે કે તે હોય'' અને 'ન હોવું'-'હોવું' આ બન્નેમાં અન્તર છે. તમે આને આવી રીતે સમજી શકો.

મથુરામાં ૧૦૦-૧૫૦ વર્ષ પહેલાં એક મહારાશ્રી હતાં. તે વખતે વીજળી ન હતી દીવા હતા. તેમને ત્યાં રોજ રાત્રે મહેફીલ જામતી અને તેમાં પહેલેથી નક્કી કર્યું હોય તે પ્રમાણે કોઈ એક વ્યક્તિ ફરમાઈશ કરે કે ''હવે દીપક રાગ ગાઓ'' તેના માટે બધા દીવા બુઝવવા પડતાં. જેવા દીવા બુઝાઈ જાય ત્યારે ઑડિયન્સ્માં એક-બીજાને મારવા લાગતા પણ એ મારા-મારીમાં મહારાજ ક્યારે પણ પીટાતા ન હતાં. એક વખત એવું થયું કે એક ચોબાજીને

થયું કે બધાં માર ખાય છે પણ મહારાજ માર કેમ નથી ખાતા. એટલે ચોબાજીએ મહેફીલ શરૂ થાય તેના પહેલાં મહારાજ પાસે આવીને બેસી ગયા. દીપક રાગ ગાવાની શરૂઆત થઈ ત્યારે મહારાજ તેમના તકિયાની પાછળ એક બખોલ હતી તેમાં જઈને બેસી જતાં. હવે ચોબાજીએ એવું કર્યું કે જેવા દીવા ઓલવાઈ ગયા અને દીપક રાગ ગાવાનું શરૂ થયું એટલે તરત જ તેમણે મહારાજશ્રીને પકડીને મારવાનું શરૂ કર્યું. તે દિવસથી દીપક રાગની મહેફીલ બંધ થઈ ગઈ.

સમજવાની વાત એ કે દીપક રાગ ગવાય તેમાં મહારાજ ''જાણે ન હોય તેવું'' દેખાડતા હતા પણ કોઈકને હાથ પકડતાં આવડવું જોઈએ. તે આવડે તો મહારાજ પકડાઈ જાય. એમ **''અસદ્વ્યપદેશ** 'એટલે ''ન હોય તેવું''. જગત્ હતું પછીથી ''થઈ ગયું હોય તેવું'' થયું. બન્ને સ્થિતિમાં ''ન હોય તેવું'' અને ''થઈ ગયું હોય તેવું'' તેવું નથી. કારણ જ કાર્યરૂપે થયું છે **''તદ્ આત્માનં સ્વયમ્ અકુરુત''** કેમકે **''અસદ્ વા ઇદમ્ અગ્રે આસીદ્''**. 'ઇદમ્' એટલે આ દેખાઈ રહેલું ''જગત્ ન હોય તેવું'' હતું. ''ન હતું'' તેમ નથી. એટલે અનુભવાતુ ન હતું.

**યુક્તેઃ શબ્દાન્તરાત્ ચ** (૨|૧|૧૮) જે જ્યાં નથી હોતું તે ત્યાંથી પ્રકટ થઈ શકતું નથી. જે જ્યાં હોય છે તે ત્યાંથી પ્રકટ થાય છે. ઈંડામાં મુરઘી હોય તોજ પ્રકટ થાય. એટલે યુક્તિ પણ છે અને **''શબ્દાન્તરાત્''** એટલે વેદમાં કહ્યું છે **''હન્ત ઈદં તર્હિ અવ્યાકૃતમ્ આસીત્''** આ આખું જગત્ પહેલા અવ્યાકૃત હતું એટલે અનઍક્સ્પાન્ડેડ્ હતું. પછી બ્રહ્મે નામ-રૂપથી વ્યાકૃત (ઍક્સ્પાન્ડ્) કર્યું. ઍક્સપાન્ડ્ થવું તે પેદા થવું નથી. જે હોય તેનું ઍક્સપાન્સન્ થાય. બ્રહ્મે જગત્ને પોતાનામાંથી વ્યાકૃત કર્યું એનું ઉદાહરણ આપે છે **''પટવત્ ચ''** એટલે નેપકીન્ને મુઠ્ઠીમાં મૂકી દો તો ન દેખાય

પણ ખોલી નાખો તો દેખાય તેમ જગત્ નામ-રૂપ-કર્મ એ પટવત્ છે. ઍક્સપાન્ડ્ થાય તો દેખાય અને સંકેલી લે તો ન દેખાય.

હવે કોઈ એવી શંકા કરે કે અહીં ઉત્ક્રાન્તિવાદ કેમ ન સ્વીકારવો? તો એ સમજવું પડશે કે ઈવૉલ્યુશન્ થિયરી બે રીતે થાય છે. ૧. જેવી રીતે વાંદરામાંથી માણસ થયો અને ૨. અમીબામાંથી અલગ-અલગ સ્ટેજીસ્માંથી ઈવૉલ્વ થયો. શું વાંદરો પોતાનામાંથી માણસને બનાવી શકે? ના. શું અમીબા પોતાનામાંથી આટલા કૉમ્પ્લૅક્સ્ ઑર્ગેનિજમ્ બનાવી શકે? ના. તેથી કર્તા છે. જેટલા સુમો થાય છે તે માંના પેટમાંથી ઈવૉલ્વ નથી થતા. તે કસરત અને વિશેષ ખોરાક લે છે ત્યારે સુમો થાય છે. આપણે તેવું કરતાં નથી એટલે સુમો નથી થતા. તેથી ફક્ત ઉત્ક્રાન્તિવાદ નથી. વલ્લભવેદાન્ત ભણશું તો બુદ્ધિમાં બ્રાહ્મિક થિયરી ઈવૉલ્વ થશે નહીંતો નહીં થાય. આપણે તેવી સ્થિતિમાં કર્તા ગણાશું ને!

**યથા ચ પ્રાણાદિ:** એટલે જ્યારે શ્વાસ લઈએ ત્યારે પ્રાણ અંદર આવી જાય અને શ્વાસ બહાર કાઢીએ ત્યારે પ્રાણ બહાર જાય છે એ જે સિદ્ધાન્ત છે ઍક્સ્પાન્સન્ (પ્રસારણ) અને કૉન્ટ્રાક્સન્ (આકુચન) તેવી રીતે આખું વિશ્વ છે આનાથી સત્કારણવાદ અને સત્કાર્યવાદ સિદ્ધ થયો.

## સર્વોપેતાધિકરણમ્

**૧. સર્વોપેતા ચ તદ્દર્શનાત્ ઈતિ અધિકરણે બ્રહ્મણો જગત્કર્તૃત્વં સદોષં દોષરહિતં વા ઈતિ સંશયે સદોષમેવ ઈતિ પૂર્વપક્ષ:. નિર્દોષમેવ સર્વવિધશક્ત્યુપેતત્વાદ્ ઈતિ ઉત્તરપક્ષ:.** જો બ્રહ્મ જ બધું હોય અને તેના સિવાય બીજું કાંઈ પણ ન હોય તો જગત્માં જે કાંઈ ચાલી રહ્યું છે, જે કાંઈ જોવાઈ રહ્યું છે, અનુભવાઈ રહ્યું છે તેની પોટેન્શ્યાલિટી બ્રહ્મમાં માન્યા વગર છૂટકો નથી, એને સર્વોપેતા

માનવો પડશે. બ્રહ્મમાં વાઘ-બકરી પાપ-પુણ્ય દેવ-દાનવ બધુંજ છે. જેમ એક જ બીજમાંથી વૃક્ષ થાય તેમાં થડ પાંદડા ફૂલ ફલ વિગેરેનો સ્વાદ રંગ વિગેરે જુદા હોય છે જેમ થડની કઠોરતા જુદી જાતની હોય, પાંદડા-ફૂલની સુકોમલતા અલગ હોય છે. આ બધી વાત બીજમાં ન માનો તો આવી ક્યાંથી? તેથી બીજને સર્વોપેત માનવું પડશે.

જ્યારે સર્વોપેત માનશો ત્યારે આપણી દૃષ્ટિથી જે દોષ છે તે આપણને દોષ લાગશે પણ તેની દૃષ્ટિથી દોષ નથી. જેવી રીતે બ્લડ્ના ઍન્ગલ્થી વાઇટ્સેલ્ દ્વારા કરાતી હિંસા દોષ નથી. જેમ ક્રિમિનલ્ માણસને સજા આપવી તે સરકારની દૃષ્ટિથી દોષ નથી પરન્તુ હ્યુમેનેટેરિયમ્ દૃષ્ટિથી દોષ છે. તેથી અહીં વિરુદ્ધધર્માશ્રયતા જોઇ શકાય છે.

તેવીજ વાત અહીં આવી રહી છે. **તત્ર વિકરણત્વાદ્. 'વિકરણત્વાદ્ ન ઇતિ ચેદ્'** (એટલે ઇન્દ્રિયરહિત) એટલે કોઇ, કોઇ વસ્તુને પેદા કરે તો પેદા થયેલી વસ્તુ ઇન્દ્રિયવાન્ હોય છે. હવે બ્રહ્મે જગત્ને પેદા કર્યું તા બ્રહ્મને પણ ઇન્દ્રિયવાન્ માનવો પડશે અને બ્રહ્મ ઇન્દ્રિયવાન્ નથી. તો બ્રહ્મે જગત્ પેદા કર્યું છે તે કેવી રીતે માની શકો? તેના જવાબમાં કહી રહ્યા છે.

**ન તદ્ ઉક્તમ્.** ઉપનિષદ્માં કહ્યું છે **"અપાણિપાદો જવનો ગ્રહીતા પશ્યતિ અચક્ષુ: શૃણોતિ અકર્ણ:"** (શ્વેતા.ઉપ.૩।૧૯) He mooves and he catches without hand. He sees you without eyes, he listen you without ear. એ વિકરણ છે છતાં પણ કરે છે. હવે આપણને લાગે કે વિકરણ છે તો કર્તા નથી હોઇ શકતો. લોકમાં અનેક ઉદાહરણ આપણે જોઇ શકીએ છીએ કે ઇન્દ્રિય વગરની વ્યક્તિ પણ બધું જ કામ કરી શકે છે. દા.ત. પાણીનાં

ટબમાં લીલ જે દિશાથી પ્રકાશ આવે તે તરફ ભેગી થઈ જતી હોય છે. તેથી આ આર્ગુમૅન્ટ્ પ્રમાણિક નથી કે વિકરણ હોવાથી ન કરી શકે.

બીજી વાત જો ભગવાન્ જગત્ બનાવે છે તો કાંઈ તેમનામાં ખામી હશે, નહીંતો એમણે જરૂર જ શું હતી જગત્ બનાવવાની? પ્રયોજન શું હતું? તો કહે છે કે પ્રયોજન ત્યાં હોય છે જ્યાં રમત નથી હોતી. રમતમાં પ્રયોજન નથી હોતું. તેથી ભગવાન્‌ની કૃતિ પ્રયોજનવાળી હોય તેવું જરૂરી નથી.

જૈનો એમ કહે છે કે પ્રયોજન વિના કામ કરનારો વ્યક્તિ ગાંડો હોય છે. If god has created world without any purpose then god must be mad. પણ ત્યાં એ પ્રશ્ન થાય છે કે મહાવીર સ્વામી જેમ કૈવલ્યને પામ્યા ત્યારે ઉપદેશ આપવાનો રહેતો નથી તો ઉપદેશ શા માટે આપ્યો? એટલે **"લોકવત્તુ લીલાકૈવલ્યમ્"** એટલે પ્રયોજન વિના જ ઉપદેશ કર્યો ને! શું આપણે એમ કહીશું કે મહાવીર સ્વામીને બુદ્ધ સાથે ઈર્ષા હતી? તેવું હોય તો કૈવલ્યને નહોતા પામ્યા. કૈવલ્ય પામ્યા હોય તો ઈર્ષા ન હોવી જોઈએ. તેથી લીલાકૈવલ્યમ્ છે એને સ્પોર્ટ્‌ની જેમ જાણો.

**વૈષમ્યનૈર્ઘૃણ્યે ન સાપેક્ષત્વાત્ તથા હિ દર્શયતિ** ત્યાં કહે છે જો લીલાકૈવલ્ય હશે તો વૈષમ્યનૈર્ઘૃણ્ય આવશે એટલે કાંતો ગૉડ્ પાર્શીયલ્ (પક્ષપાતી) અથવા ક્રૂઅલ્ (નિષ્ઠુર) છે કેમકે જેને સજા આપી રહ્યો છે તેના પ્રત્યે તે નિષ્ઠુર છે અને જેને રિવૉર્ડ આપી રહ્યો છે તેના પ્રત્યે તે પક્ષપાતી છે તેવો પ્રશ્ન આવે છે.

તેના જવાબમાં શ્રીવ્યાસજી કહી રહ્યા છે **ન સાપેક્ષત્વાત્ તથા હિ દર્શયતિ.** જે સ્ફીયર્ (સ્તર)માં તમે પક્ષપાત અને નિષ્ઠુરતા જોઈ રહ્યા છો તે સ્ફીયર્‌માં ભગવાન્ નથી આવી રહ્યો. તમારું

કર્મ આવી રહ્યું છે. અને જે સ્ફીયર્માં તમે ભગવાન્ને જોઇ રહ્યા છો તેમાં ભગવાન્ પોતે પાતાની સાથે રમી રહ્યો છે તો પક્ષપાતી કે નિષ્ઠુર કેવી રીતે થયો? આ બે સ્તર થી વિચાર કરવો પડશે. એક સ્તરમાં પક્ષપાતપણું અને નિષ્ઠુરતા દેખાય છે તેમાં ભગવાન્ નથી આવતા પણ આપણા કર્મનો દંડ આવે છે અને જે સ્તરમાં ભગવાન્ કરાવી રહ્યો છે તેમાં ભગવાન્ જ છે તેથી ત્યાં પક્ષપાતપણું કે નિષ્ઠુરતા નથી.

જેમ દરેક ડ્રામામાં એક સ્ફીયર્ સ્ટેજ્નો હોય છે અને એક સ્ફીયર્ ગ્રીનરૂમનો હોય છે. ગ્રીનરૂમમાં નથી કોઇ વિલન્ કે નથી કોઇ હીરો. સ્ટેજ્ ઉપર વિલન્ને વિલન્ગીરીને કારણે માર પડે છે અને હિરોને હિરોગીરીને કારણે જીતી રહ્યો છે. સ્ટેજ્ ઉપર ડાયરેક્ટર્ નથી આવતા પણ ક્યારેક પોતાનો નગણ્ય રોલ્ અદા કરી દે છે ઑલ્ફ્રેડ્ હિચકોક્ની જેમ.

**ન કર્મવિભાગાદ્ ઇતિ ચેદ્.** હવે પ્રશ્ન એમ થાય છે કે કાલ-કર્મ-સ્વભાવ-પ્રકૃતિ-પુરુષ એમાં કર્મ પણ બ્રહ્મ છે, કર્મનો વિભાગ તો નથી તો તમે એમ કેમ કહી શકો કે કોઇના સારા કર્મ અને કોઇના ખરાબ કર્મ.

**ન અનાદિત્વાત્** ત્યાં કહે છે કે કર્મના રિઝલ્ટ આદિમાન્ છે એટલે આદિ અને અન્ત વાળા છે. કર્મ અનાદિ છે. ઍરપોર્ટ પર કન્વેયર્બૅલ્ટ્ પાસે આપણે ઉભા હોઇએ તો આપણને લાગે કે આપણો સામાન બૅલ્ટ્ આપણી પાસે પહોંચાડે છે. હકીકતમાં તો કન્વેયર્ બૅલ્ટ ફરતો રહે છે તેને કારણે આપણી પાસે સામાન આવી જાય છે. એમ ભગવાન્નું કર્મ કન્વેયર્ બૅલ્ટ્ જેવું છે. It is not in any personal reference of us but you are person and you are standing somewhere so we think that he got

his luggage first and i got my luggege latter. આમાં કાંઇ કન્વેયર્ બૅલ્ટ્નો ગુનો નથી. એ તો ફરી રહ્યો છે. કર્મ અનાદિ છે અને એનું રીઝલ્ટ્ આદિ-અન્તવાળું છે. કર્મની પ્રોબ્લેમ્ નથી, આપણી પ્રોબ્લેમ્ છે કે આપણે કર્મ સાથે કેવી રીતે ડિલ્ કરવું!

**ઉપપદ્યતે ચાપિ ઉપલભ્યતે ચ, સર્વધર્મોપપત્તેશ્ચ (૨।૧।૩૦-૩૭) ઈતિ સૂત્રૈ:.** આવી જ રીતે કામ કરે છે અને આવી રીતે સમજ પડે છે. કેમકે સર્વધર્મોપપત્તેશ્ચ. અહીં સુધી વિરુદ્ધધર્માશ્રયતા નક્કી થઈ.

**ભાષ્યે સર્વશક્તિમદ્ નિરિન્દ્રિયમપિ-કર્તૃ, આપ્તકામ, લીલાવિહારી, શુભાશુભકારયિતૃ અનાદિ જીવરૂપધારયિતૃ, વેદોક્તનિખિલધર્મવત્ સર્વભવનસ-મર્થ: બ્રહ્મ ઈતિ નિરૂપણેન પ્રથમપાદોપસંહાર:.** ભાષ્યમાં કહે છે કે તે સર્વશક્તિમાન્ છે, નિરિન્દ્રિય હોવા છતાં કર્તા છે, આપ્તકામ હોવા છતાં લીલાવિહારી છે. 'આપ્તકામ' એટલે એને કોઇ ઈચ્છા નથી બધી ઈચ્છાઓથી પૂર્ણ છે. છતાં લીલાવિહાર કરે છે. લીલામાં શુભ-અશુભ કરે છે ડાયરેક્ટર્ની જેમ. પોતે અનાદિ છે અને જીવરૂપ ધારણ કરે છે. એ જીવમાં કોઇ દેવ, કોઇ દાનવ, કોઇ માનવ, કોઇ પુષ્ટિ પ્રવાહ મર્યાદા સ્થાવર જંગમ જલચર નભચર એવા ઘણા બધાં રૂપો ધારણ કરે છે. વેદમાં જેટલાં પણ વર્ણન કરવામાં આવ્યાં છે તે સૃષ્ટિના સ્ફિયર્ના છે કે આ પુણ્ય અને આ પાપ છે. બ્રહ્મ જ તે બધું છે. મરી પણ તે રહ્યો છે અને અમૃત પણ તે છે. પ્રકટ-અપ્રકટ, સાધાર-નિરાધાર, સત્ય-અનૃત તે છે. જો બ્રહ્મમાં અનૃત ન હોય તો તે અનૃત દુનિયામાં આવી શકતું નથી.

સત્ય એટલે સત્ અને ત્યત્. ટ્રુથ થોડું પ્રકટ હોય છે અને થોડું અપ્રકટ હોય છે. 'ઋત્' એટલે રાઈટ્. ટ્રુથ્ સાચું-ખોટું હોઈ

શકે છે. રાઈટ્ના બધાં પાસાં પ્રકટ નથી હોતાં એવી રીતે રૉન્ગ્ના બધાં પાસાં પ્રકટ નથી હોતાં. સ્ટેજ્ ઉપર હિરો રાઈટ્ છે અને વિલન્ રૉન્ગ્ છે પણ પડદાની પાછળ બધાં ઍક્ટર્ છે. તેથી સત્ય થોડું પ્રકટ છે, થોડું અપ્રકટ છે. તેવીરીતે અનૃત પણ થોડું પ્રકટ છે, થોડું અપ્રકટ છે. એટલે વિરુદ્ધધર્માશ્રય અહીં સમજી શકાય છે.

દ્વિતીયાધ્યાય સુધી શુદ્ધાદ્વૈતવાદના બધાં વાદો કવર્ થઈ ગયાં.

આપણે પ્રમાણમાં જોયું **"શાસ્ત્રયોનિત્વાત્"** તેમાં શાસ્ત્ર કહ્યું છે શ્રુતિ નથી કહ્યું. પ્રમાણની બાબતમાં મહાપ્રભુજી આજ્ઞા કરી રહ્યા છે કે જ્યાં સુધી શાસ્ત્રની થિયરી ઉપર ગ્રીપ્ (પકડ) નથી આવી ત્યાં સુધી **"વેદા: શ્રીકૃષ્ણવાક્યાનિ વ્યાસસૂત્રાણિ ચૈવ હિ સમાધિભાષા વ્યાસસ્ય પ્રમાણં તત્ચતુષ્ટયમ્"** (ત.દી.નિ.૧૭)અને ગ્રીપ્ આવ્યા પછી **"અર્થોયમેવ નિખિલૈરપિ વેદવાક્યૈ: રામાયણૈ: સહિતભારતપચ્ચરાત્રૈ: અન્યૈશ્ચ શાસ્ત્રવચનૈ: સહ તત્ત્વસૂત્રૈ: નિર્ણીયતે સ્વહૃદયં હરિણા સદૈવ"** (ત.દી.નિ.૧૧૦૪) થિયરી સમજવા માટે ચાર શાસ્ત્રો પ્રમાણ છે. થિયરી સમજાઈ જાય ત્યારે બધાજ આર્ષશાસ્ત્રો પ્રમાણ અને બ્રહ્મસાક્ષાત્કાર થાય પછી અપ્રમાણ જેવું કશું રહી જતું નથી. આ આપણી શાસ્ત્રવ્યવસ્થા છે. એ શાસ્ત્રથી પ્રતિપાદ્યવિષય બ્રહ્મ છે. પ્રમેય પણ તે બ્રહ્મ પોતે છે અને તે સાકારબ્રહ્મવાદના નવવાદ સાથે પ્રમેયનું સ્વરૂપ જોયું.

## સાધન-ફલનો વિચાર

ઉપનિષદ્ કહે છે **"સ વૈ નૈવ રેમે તસ્માદ્ એકાકી ન રમતે"** (બૃહ.ઉપ.૧૦૩૦૩) આ શ્રુતિનો અર્થ કરતાં શ્રીશંકરાચાર્યજી એમ કહે છે કે એકલા તેને ગમતું ન હતું તેથી તેણે પોતાનામાંથી બીજો પ્રકટ કર્યો. જે બીજો પ્રકટ કર્યો તે બ્રહ્મનો પારમાર્થિક ગુણ

નથી. કેમકે ''નથી ગમતું (ન રમતે)'' એટલે અહીં પારમાર્થિક બ્રહ્મ ન હોઈને ઈશ્વરની વાત આવી છે. ઈશ્વર એમને ત્યાં ભ્રમ છે, બ્રહ્મ નથી. જેવી રીતે જગત્ ભ્રમાત્મક છે તેવી રીતે ઈશ્વર પણ ભ્રમ (ઈલ્યુજન્) છે. But his illusion is such that it appears to be creator. અને આપણું ઈલ્યુજન્ એવું છે કે We appear to be creture. There are two types of illusion. Illusion of creator and illusion of creature and creation. Jiv appears to be illusion of creature and god appeares to be illusion of creator. બ્રહ્મમાં ઈશ્વર જીવ જગત્ નથી તેથી આ શ્રુતિમાં બ્રહ્મનું નિરૂપણ નથી પણ ઈશ્વરનું નિરૂપણ છે.

મહાપ્રભુજીના હિસાબે અહીં બ્રહ્મનું નિરૂપણ છે. ''તેને એકલા ગમતું ન હતું'' એ બાબતમાં મહાપ્રભુજી કહે છે કે માની લઈએ કે ઈશ્વર પારમાર્થિક નથી (શ્રીશંકરાચાર્યજીની દૃષ્ટિએ) અને તે ભ્રમાત્મક છે પણ તેમનો ઈશ્વર પાછો સર્વજ્ઞ છે. હવે ઈશ્વર જો સર્વજ્ઞ હોય તો તેમને ગમો-અણગમો નથી હોઈ શકતો. જીવ અલ્પજ્ઞ છે તેનો ઍટ્રિબ્યુટ્ હોઈ શકે છે. એવો પ્રશ્ન થાય કે ઈશ્વરને ગમો-અણગમો કેવી રીતે ન હોય? એમાં પહેલાં એ વિચારવું પડશે ગમો(પ્લેજન્ટ્) એટલે શું? આપણી કર્મેન્દ્રિય અને જ્ઞાનેન્દ્રિય ને માટે કોઈ વસ્તુ પ્લેજન્ટ્ હોય છે અને કોઈ વસ્તુ અન્પ્લેજન્ટ્ હોય છે. જો ગમતી વસ્તુ મળે તો આપણે ખુશ થઈ જઈએ અને ન ગમતી વસ્તુ મળે તો અણગમો આવે. પણ God being omnicient must know whether there is a pleasant or unpleasant. so how can He become unhappy if He is omnicient. સર્વજ્ઞને અરમણ કેવી રીતે હોઈ શકે?

હવે ઈશ્વરને પોતાને એકલું નહોતું ગમ્યું ત્યાંથી દ્વૈત આવ્યું એમ શ્રીશંકરાચાર્યજી કહી રહ્યા છે. પણ ઈશ્વર દ્વૈત છે તો એકલો

તો હતો નહીં. તેઓ કહે છે **"જીવ: ઈશો વિશુદ્ધાચિદ્ વિભાગસ્તુ અનયો હ્યો અવિદ્યા તત્કૃતો બન્ધ: ષડસ્માકમ્ અનાદય:"** એટલે જીવ ઈશ્વર વિશુદ્ધચૈતન્ય (બ્રહ્મ) અને તેમનો વિભાગ, અવિદ્યા, તેને કારણે બન્ધન એ અમારા મતમાં અનાદિ છે. અનાદિ હોય અને ઈશ્વર સર્વજ્ઞ છે તો He can not be unaware of duality which is already there whether real or illusionary. He has to be aware of multiplicity. (ષડસ્માકમ્ અનાદય:) તો તે ઈશ્વર થઈ શકતો નથી તો કોણે દ્વૈત પેદા કર્યું.

એટલે મહાપ્રભુજી કહે છે કે તમે એમ કહી દો કે બ્રહ્મ અન્હેપી થઈ શકતો નથી તેથી તે બ્રહ્મ નથી અને ઈશ્વર છે. ભ્રમરૂપે સર્વજ્ઞ હોય તો તે અન્હેપી નથી હોઈ શકતો કારણકે તેને ખબર છે કે ૬ વસ્તુ અનાદિ છે. નહીંતો તમે અનાદિ હોવાનો સિદ્ધાન્ત છોડી દો તો ઈશ્વર અન્હેપી થઈ શકે. તેથી મહાપ્રભુજી કહે છે કે માણસની હેપીનેસ્ અને અન્હેપીનેસ્ જેવી આ શ્રુતિમાં અન્હેપીનેસ્ નથી પણ કોઈ આધ્યાત્મિક અન્હેપીનેસ્ છે. પાન-પટ્ટીવાળાની દુકાનમાં થયેલો લૉસ્ અને અંબાણીને થયેલો લૉસ્ તે બેની તુલના કેવી રીતે થાય? તેવી રીતે પાન-પટ્ટીવાળાની કમાણીથી તે સુખી થયો અને અંબાણી પોતાની કમાણીથી સુખી થયો તે બન્ને વચ્ચે તુલના કેવી રીતે થાય? તેથી એકાકી બ્રહ્મ અન્હેપી હતો તે આપણી અન્હેપીનેસ્ સાથે કમ્પેયર્ ન થાય. તેથી અહીં ઈશ્વર અને બ્રહ્મ એમ બે ભાગલા પાડવાની જરૂર નથી. બ્રહ્મની જ આ ડિવાઈન્ અન્હેપીનેસ્ છે.

**"તસ્માદ્ એકાકી ન રમતે સ: દ્વિતીયમ્ ઐચ્છત્"** એને એકલા રહેવું ન ગમ્યું તેથી તેણે દ્વૈત પ્રકટ કર્યો અને તે બ્રહ્મનો ઍટ્રીબ્યુટ્ આપણામાં પણ ઈનહૅરિટ્ (અનુગત) થયો. તેથી આપણને એકલા નથી ગમતું. એના જેવી અન્હેપીનેસ્નો કોઈ પાર્ટ આપણામાં આવી

રહ્યો છે. બાપ જેવા દીકરા હોય, દીકરા જેવા બાપ ન હોય.

શ્રુતિ કહે છે **"સ: હ એતાવાન્ આસ"** (બૃહ.ઉપ.૧।૪।૩) જ્યારે એને બીજા થવાની ઈચ્છા થઈ ત્યારે તે આ બધું થયો. આપણે આ બધું થઈ શકતા નથી. પ્રમાણની દૃષ્ટિથી તે પ્રમાણ બન્યો અને પ્રમેય પણ તે જ થયો.

ઍલે.એન્.વ્હાઈટેડ્ નામના ફિલોસૉફરે ગૉડ્ના બે વિભાગ કર્યા છે. 1. Primordial god 2. concequent god. Primordial god means the form of god before creation. This is a nondualistic phenomena. He is neither creator nor creation. concequent god means form after creation. primordial god by his own has nature to culminate into concequent god. After creating universe he became creator. This is a dualistic phenomena which has duality of creator and creation. creator become creation. He splitted himself into two part. 1. creator-hood 2. creation. જેને શ્રુતિ કહે છે **"સ: હ એતાવાન્ આસ"** જીવ સારું કર્મ કરે કે ખરાબ કર્મ કરે, જીવની દૃષ્ટિથી પોતે કરી રહ્યો છે પણ ક્રિયેટર્ના ઍન્ગલ્થી તે તમને તેવું કરાવી રહ્યો છે. સાધનની દૃષ્ટિથી **"એષ ઉ એવ એનં સાધુ કર્મ કારયતિ યમ્ એભ્યો લોકેભ્ય: ઉર્ધ્વમ્ ઉન્નિનીષતે, એષ ઉ એવ એનમ્ અસાધુ કર્મ કારયતિ યમ્ અધો નિનીષતે"** (કૌષિ.ઉપ.૩।૮) જેને તે ઉપર ઉઠાવવા માંગે છે તેની પાસે તે સારું કર્મ કરાવે છે અને જેને તે નીચે ધકેલવા માંગે છે તેની પાસે ખરાબ કર્મ કરાવે છે જેમ ફિલ્મનો ડાયરેક્ટર્ રોલ્ આપે તે રીતે.

તે વાત કહી રહ્યા છે **"'એષ ઉ એવ એનં સાધુ કર્મ કારયતિ' ઈતિ શ્રુતે: તાનિ તાનિ સાધનાનિ કારયિત્વા તાનિ તાનિ**

**ફલાનિ દદત.''** તે-તે સાધનો તમારાથી કરાવીને તે-તે સાધન મુજબ ફલ પણ આપે છે. **''ભગવાન્ સ્વક્રીડાર્થમેવ જગદ્રૂપેણ આવિર્ભૂય:''** ભગવાન્ પોતાની ક્રીડાને માટે જગદ્રૂપે આવિર્ભૂત થયાં છે **''ક્રીડતિ ઈતિ''** અને તમને રમાડી રહ્યો છે. પોતાની રમવાની ઈચ્છાથી આપણા રૂપમાં પોતાની જાતે રમી રહ્યા છે તે બ્રહ્મવાદનો મુખ્ય સિદ્ધાન્ત છે એટલે પ્રમાણ-પ્રમેય-સાધન-ફલ બધું જ બ્રહ્મ છે તે આ ચાર અધ્યાયોનો સાર છે.

**''ભગવાન્ સ્વક્રીડાર્થમેવ જગદ્રૂપેણ આવિર્ભૂય: ક્રીડતિ ઈતિ વેદવિદ્ભિ: વૈદિકૈ: નિશ્ચિયતે''** પોતાની ક્રીડાને માટે જગદ્રૂપે આવિર્ભૂત થઈને ક્રીડા કરે છે તેવો વૈદિકોનો મત છે.

**''એતેન કાંડદ્વયોઽપિ પ્રતિપાદ્યો''** બન્ને કાંડમાં પ્રતિપાદ્ય તો ભગવાન્ જ છે. કર્મકાંડમાં સાધન-ફલનું પ્રતિપાદન છે. જ્ઞાનકાંડમાં પ્રમાણ-પ્રમેયનું પ્રતિપાદન છે. તેવી જ રીતે પ્રમાણ-પ્રમેયનું પ્રતિપાદન પ્રથમ અને દ્વિતીય અધ્યાયમાં અને સાધન-ફલનો સાર તૃતીય-ચતુર્થ અધ્યાયમાં છે.

## તૃતીયાધ્યાય

### પ્રકાશાશ્રયવદ્ વા તેજસત્વાત્

બ્રહ્મના જે ધર્મો છે એટલે કર્મ ગુણ વિગેરે એ બ્રાહ્મિક છે કે અબ્રાહ્મિક? આપણો ધર્મ અને આપણું કાર્ય પ્રાઈમાફેસીમાં આપણા નથી લાગતાં. ઘડપણમાં કાન રહેવા છતાં બહેરાશ આવી જાય છે. આંખના ડોળા રહી જાય છે પણ દેખાતું બંધ થઈ જાય છે એટલે આપણી ક્વૉલિટી આપણી સાથે રહેતી નથી.

બ્રહ્મના ગુણધર્મો કર્મ બ્રહ્મથી કોઈ દિવસ છૂટા પડતા નથી.

So all the time Brahman remain aware of it's own quality attribute and function. Whenever he wants he can activate them. Whenever he does not want he can deactivate also. We neither activate nor deactivate our self. બ્રહ્મના ધર્મો બ્રહ્માત્મક છે. બ્રહ્મ ઉદ્ધાર કરવા માંગે તો ઉદ્ધારક ધર્મ છે. જે વખતે બાંધવા માંગે તે વખતે બાંધવાનો ધર્મ પણ બ્રહ્માત્મક છે. તેથી બ્રહ્મ દ્વારા ઉદ્ધાર થવો કે બંધાઈ જવું બ્રહ્માત્મક જ છે. આ વાત સાધનના લેવલે સમજવી જોઈએ.

**ભાષ્યેતુ નિર્ધર્મકં બ્રહ્મ પશ્ચાદ્ ધર્મયુક્તં ભવતિ ઈતિ એક: પૂર્વપક્ષ:** પૂર્વપક્ષ એ આવ્યો કે બ્રહ્મ નિર્ધર્મક છે અને પછી તે ધર્મયુક્ત થયો છે એટલે એલ.એન.વ્હાઈટ્હેડ્ કહે છે તે પ્રમાણે પહેલાં પ્રાઈમોર્ડિયલ્ હતો પછી કન્સિક્વન્ટ્ થયો. એ પ્રમાણે બ્રહ્મ પહેલાં નિર્ધર્મક હતો પછી ધર્મયુક્ત થયો કે બ્રહ્મ હંમેશા ધર્મયુક્ત છે ?

**અપરશ્ચ વિરુદ્ધધર્માધારમેવ બ્રહ્મ એકં તત્તત્ફલદિત્સયા તત્તત્કાર્યાર્થે તં-તં પ્રતિ તથા-તથા આવિર્ભવતિ ઈતિ.** બ્રહ્મ વિરુદ્ધધર્માધાર હોવાથી બ્રહ્મ એક હોવા છતાં જુદા-જુદા ફ્લોના દાન કરવાની ઈચ્છાથી જુદા-જુદા કાર્યોમાટે જુદા-જુદા લોકોમાટે જુદી-જુદી રીતે આવિર્ભૂત થાય છે કે નથી થતો ? ઉપરના બન્ને પક્ષોમાં **અનયો: પક્ષયો: બ્રહ્મધર્મા: કિં બ્રહ્માણ: ભિન્ના: તત્કાર્યરૂપા: આહોસ્વિદ્ બ્રહ્મૈવ ઈતિ.** બ્રહ્મના ધર્મો બ્રહ્મરૂપે છે કે બ્રહ્મથી ભિન્ન છે? આપણા ધર્મો, આપણાથી ભિન્ન હોય છે એટલે આપણાથી છૂટા પડી જાય છે તેવી રીતે બ્રહ્મના ધર્મો બ્રહ્મથી છૂટા હોય તો બ્રહ્મથી છૂટા પડી જશે. એટલે પૂર્વપક્ષી કહી રહ્યા છે કે બ્રહ્મની ક્રિયા ગુણધર્મો તેનાથી ભિન્ન છે.

ઉત્તરપક્ષમાં કહે છે **પ્રકાશ-તદાશ્રય-સૂર્યાદિવદ્ ઉભયો: તાદાત્મ્યાંગીકા-**

રાત્ સર્વં બ્રહ્મૈવ ઈતિ ઉત્તરપક્ષ: આપણી કાર્યશક્તિ અને આપણા ગુણો આપણે છીએ કે આપણાથી ભિન્ન છે? હવે જો અલગ ન હોય તો આંખથી દેખાવું બંધ ન થવું જોઈએ, કાનથી સંભળાવવુ બંધ ન થવું જોઈએ પણ તેવું થતું નથી તેથી નક્કી થાય છે કે તે ગુણધર્મો આપણા નથી, આપણામાં પ્લાન્ટ્ છે.

ત્યાં કહે છે કે બ્રહ્મના ધર્મો બ્રહ્મથી જોડાયેલ છે. જેમ સૂર્ય અને સૂર્યનો પ્રકાશ. સૂર્યથી સૂર્યનો પ્રકાશ સદંતર નોખો છે? જો તેવું હોય તો સૂર્ય ન હોય ત્યારે પણ હોવો જોઈએ અને જો અભિન્ન જ હોય તો સૂર્ય નવ કરોડ માઈલ્ ઉપર છે તો અહીં પ્રકાશ કેવી રીતે આવી શકે?

પણ પ્રકાશ અને પ્રકાશપિંડ માં વિરુદ્ધધર્માશ્રયતા છે કે આટલો દૂર હોવા છતાં તેની ઉષ્ણતા પ્રકાશ આપે છે. ઉપનિષદ્ કહે છે **"આસીનો દૂરં વ્રજતિ, શયાનો યાતિ સર્વત:"** (કઠોપ.૧।૨।૨૧) બેઠા-બેઠા દૂર સુધી જઈ શકે છે. સૂતો હોય અને બધે ફરી શકે છે. તેથી સૂર્યનો પ્રકાશ ભિન્ન છે અથવા અભિન્ન છે તેવું નથી કહી શકતા. તેથી તે નથી ભિન્ન કે નથી અભિન્ન. તેવી રીતે બ્રહ્મના ધર્મો બ્રહ્મથી નથી સદંતર ભિન્ન કે નથી સદંતર અભિન્ન. તે બ્રહ્મના ધર્મો આપણામાં કામ પણ કરી શકે છે અને આપણાથી છૂટા પણ પડી શકે છે પણ બ્રહ્મથી છૂટા પડતાં નથી જેમ સૂર્યનો પ્રકાશ સૂર્યથી છૂટો પડતો નથી.

બ્રહ્મની ક્રિયાશક્તિ આપણામાં કર્મશક્તિ બને છે, સર્વજ્ઞ બ્રહ્મની જ્ઞાનશક્તિ અલ્પજ્ઞ એવા આપણામાં જ્ઞાનશક્તિ બને છે. બ્રહ્મની કૃપાશક્તિ આપણામાં ભક્તિશક્તિ બની જાય છે. સૂર્યનો પ્રકાશ જ્યારે ચન્દ્રમા ઉપર પડે ત્યારે તડકો છે પણ ચન્દ્રથી જ્યારે પરાવર્તિત થાય ત્યારે ચાંદની છે. એમ બ્રહ્મની કૃપાશક્તિ આપણા પર પડે

ત્યારે તાપક છે જેનો બ્રહ્મસંબંધમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે ''તાપક્લેશાનન્દ'' બ્રહ્મની તે શક્તિ જ્યારે રિફ્લેક્ટ્ થાય ત્યારે ભક્તિ છે અને તત્સુખના વિચારથી શીતલ ચાંદની જેવી થઇ જાય છે.

બ્રહ્મનું જ્ઞાન સર્વજ્ઞતાનું છે તે આપણાથી રિફ્કલૅક્ટ્ થાય ત્યારે સર્વજ્ઞતા આપણામાં પ્રકટ થાય નહીંતો સર્વજ્ઞતા આવતી નથી. બ્રહ્મની કર્મશક્તિ આપણામાં રિફ્લૅક્ટ્ થશે તો વૈકુંઠમાં પણ પહોંચી શકાય અને આપણા ઉપર છોડવામાં આવે તો નરકગામી થાય.

**પૂર્વવદ્ વા, પ્રતિષેધાચ્ચ ( ૩।૨।૨૯-૩૦ ) ઇતિ સૂત્રભાષ્યે ઉક્તાર્થસ્ય એકદેશિમતેન પૂર્વં નિર્ધર્મકં પશ્ચાત્ સધર્મકમ્ ઇતિ ઉપોદ્બલનમ્.** આ બે સૂત્રમાં જે એલ.એન.વ્હાઇટ્હેડ્નો મત હતો તેવો મત વ્યાસજીના પહેલાં કોઇકનો હતો કે બ્રહ્મ પહેલાં નિર્ધર્મક હતો પછી સધર્મક થયો. મહાપ્રભુજીનો મત છે કે બ્રહ્મના ધર્મો બ્રહ્મ સાથે સદંતર એક છે તેમ પણ નથી કહી શકાતું અને સદંતર જુદા છે તેવું પણ નથી કહી શકાતું.

## અન્તરાભૂતગ્રામવદ્ ઇતિ અધિકરણમ્

**અન્તરા ભૂતગ્રામવત્ સ્વાત્મનઃ ( ૩।૩।૩૫ ) ઇતિ સૂત્રમ્. ભાષ્યેતુ ''યત્ સાક્ષાદ્ અપરોક્ષાદ્ બ્રહ્મ યઃ આત્મા સર્વાન્તરઃ'' ( બૃહ.ઉપ.૩।૪।૧ ) ''યઃ આત્મનિ તિષ્ઠન્ આત્માનમ્ અન્તરો યમયતિ...'' ( શ.પ.બ્રા.૧૪।૫।૫-૩૦ ) ઇત્યત્ર. યથા જ્ઞાનમાર્ગે બ્રહ્મણઃ સ્વાત્મત્વેન જ્ઞાનં તથા ભક્તિમાર્ગેઽપિ પુરુષોત્તમસ્ય સ્વાત્મત્વેન જ્ઞાનં ભવતિ ન વા ઇતિ સંશયઃ.** કહે છે કે જ્ઞાનમાર્ગમાં જે બ્રહ્મને જાણે છે તેને લાગે છે કે હું બ્રહ્મ છું. એટલે ઉપનિષદ્ કહે છે કે **''બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ''** બ્રહ્મને જાણી લઇએ તો આપણે પણ બ્રહ્મ થઇ જઇએ. હવે ભક્તિમાર્ગમાં જો આપણને ભગવાન્ જણાઇ ગયો તો શું આપણે ભક્ત નહીં

રહીને ભગવાન્ થઈ જશું? એ સંશય છે.

**પૂર્વપક્ષસ્તુ શ્રુતૌ બ્રહ્મસ્વરૂપસ્યૈવ સર્વાન્તરત્વેન વર્ણિતત્વાદ્ ભક્તાવપિ સ્વાત્મત્વેનૈવ જ્ઞાનમ્ ઈતિ.** બ્રહ્મસ્વરૂપ તો સર્વાન્તર છે. બધાની આન્તરિક હકીકત તો બ્રહ્મ છે. હવે એ રિયાલિટીને આપણે ઓળખી ગયા તો આપણે પણ બ્રહ્મ થઈ ગયા. તમે ન ઓળખી શક્યા તો બ્રહ્મ નથી.

**સિદ્ધાન્તસ્તુ બ્રહ્મણ: સર્વાન્તરત્વેઽપિ ''સર્વસ્ય વશી સર્વસ્ય ઈશાન:'' (બૃહ.ઉપ.૪।૪।૨૨) ઈત્યાદિ શ્રુત્યુક્તસર્વેશિતૃત્વાદિધર્માણામપિ સમ્મતત્વાદ્ ઈશત્વેનાપિ નતુ સ્વાત્મત્વેનૈવ જ્ઞાનમ્ ઈતિ** વાત સાચી છે, બ્રહ્મ બધાની ઈનર્ કોર્ની રિયાલિટી છે. બ્રહ્મ સર્વનો વશી એટલે બધાને વશમાં રાખનારો છે અને સર્વનો ઈશાન છે એટલે બધાનો ઈશ છે. બધાંરૂપ હોવા છતાં બધાંનો ઈશ છે. આ વાતને સમજાવવા માટે ભગવાને ગીતામાં વિરાટરૂપ બતાવ્યું.

ભગવાન્ના આ વિરાટ સ્વરૂપને ચિન્મયાનન્દજી કહે છે કે કૃષ્ણે અર્જુનને હિપ્નોટાઈઝ્ કરી દીધો. આપણે આ વાત માનતા નથી. ભગવાન્ આપણી ભીતર હોવા છતાં ભગવાન્ કર્તુંમ્ અકર્તુંમ્ અન્યથાકર્તું સમર્થ છે. એટલે પ્રભુ પોતાની શક્તિને જે રીતે વાપરવી હોય તે રીતે વાપરી શકે છે. અથવા વાપરવી કે ન વાપરવી એના માટે પણ સ્વતન્ત્ર છે

આપણામાં ત્રણે શક્તિ છે પણ ડિવાઈડેડ્ છે. જેમ આપણામાં સાંભળવાની શક્તિ હોય પણ એ શક્તિ નથી કે હું ન સાંભળું. તેવી રીતે જો કૂતરાનો અવાજ સંભળાતો હોય તેને આપણી શક્તિથી કોયલનો અવાજ સાંભળી શકતા નથી. પણ બ્રહ્મ તે કરી શકે છે કારણકે તેનામાં ઉપરના ત્રણે સામર્થ્ય છે. જે એને ગાળો

આપે છે તેને તે સ્તુતિરૂપે સાંભળી શકે તેવું અન્યથાકર્તું સામર્થ્ય પણ છે. આપણામાં અકર્તું સામર્થ્ય છે પણ તેમાં કર્તું સામર્થ્ય કામ નથી આવતું. જેમાં કર્તું સામર્થ્ય છે તેમાં અકર્તું સામર્થ્ય કામ નથી આવતું કેમકે તે આપણામાં ડિવાઈડેડ્ છે. ગુજરાતીમાં એક કહેવત છે કે ''ચતુર ચૂપ ન રહી શકે'' એટલે વક્તું સામર્થ્ય છે પણ અવક્તું સામર્થ્ય નથી કેમકે બોલ્યા વગર રહી શકાતું નથી. બ્રહ્મમાં ત્રણે સામર્થ્ય કો-ઑર્ડિનેટેડ્ છે. આપણામાં એ ડિવાઈડેડ્ છે. જેમ ડૅમોક્રેટિક્માં ઍક્સિક્યુટિવ્ જ્યુડિસરી અને લૅજીસ્લેટિવ્ પાવર્ અલગ-અલગ હોય છે તેવી રીતે આપણામાં છે અને બ્રહ્મમાં ઑટોક્રેટિક્ છે એટલે ત્રણે કો-ઑર્ડિનેટેડ્ છે. એ આપણું અને બ્રહ્મનું અન્તર છે.

**અન્યથાભેદાનુપપત્તિ: ઈતિ ચેદ્, ન, ઉપદેશાન્તરવદ્, વ્યતિહારો વિશિંષન્તિ હિ ઈતરવત્.** (૩।૩।૩૬-૩૭) જ્યારે જ્ઞાન આપવા છતાં પણ ભક્તને ભગવાન્ ભજનીય દેખાશે અને પોતે ભજનીય છે તે સમજમાં નહીં આવે એ ભગવાન્‌ની પુષ્ટિસામર્થ્ય છે. પ્રભુની પુષ્ટિને કારણે પ્રભુનું જ્ઞાન અકર્તું સમર્થ થઈ જાય છે. યશોદાજીને બ્રહ્માંડ બતાવ્યું છતાં યશોદાજીએ તે સ્વીકાર્યું નહીં. ભક્તને એવું ફિલ્ નથી કે બ્રહ્મને જાણ્યા પછી હું બ્રહ્મ છું તેથી મારે બ્રહ્મનું ભજન ન કરવું જોઈએ. જ્ઞાની જ્યારે જાણી જાય છે ત્યારે ભજનની આવશ્યકતા રહી જતી નથી કારણકે હું પોતે બ્રહ્મ છું એવું સમજે છે. કર્મીને બ્રહ્મની કૃપાથી એમ લાગે છે કે બ્રહ્મ જે કાંઈ કરતો હશે તે ભલે કરે પણ મારું કામ મારે પોતે સંભાળવું છે. તેમની કૃપા ઉપર મારે નિર્ભર નથી રહેવું. કર્મી, કૃપા ઉપર નિર્ભર થાય તો કર્મ ન કરી શકે. આપણું કર્મમાર્ગમાં વરણ થયું તો રોલ્ શું? તેના માટે ઉપનિષદ્ કહે છે **''કુર્વન્નેવેહ કર્માણિ જિજીવિષેત્ શતં સમા:''** (ઈશા.ઉપ.૨) તમારા કર્મ નિભાવીને સો વરસ જીવવાની ઈચ્છા કરો. તે કર્મ વૈદિક હોય કે લૌકિક, પાપ હોય કે પુણ્ય,

જેવો જેનો રોલ્. ભગવાન્ એ પ્રમાણે મૅનેજ્ કરે છે. આપણા પૅરામિટર્થી ભગવાન્ નથી કરતાં. આપણા પૅરામિટર્થી ભગવાન્ને ઑડિટ્ કરવા જશું તો થશે નહીં.

**પુરુષોત્તમજ્ઞાનસ્ય ભજનાનન્દાનુભવપ્રતિબન્ધકત્વે ભક્તેષુ ઉદ્ધવાદિ-ષ્વિવ આત્મત્વોપદેશો અયુક્તઃ ઇતિ શંકાયામ્** ત્યાં શંકા થાય છે કે પોતાના આત્મા તરીકે પુરુષોત્તમજ્ઞાન થાય અને ભજન કરવામાટે પ્રતિબન્ધક થાય તો ભગવાને ઉદ્ધવજીને કેમ આત્મત્વનો ઉપદેશ આપ્યો ?

**યથા કર્મમાર્ગે ગાયત્ર્યાદિમન્ત્રોપદેશો લૌકિકદેહાભિમાનમૂલકાનર્થનિવૃ-ત્તિપૂર્વકં સ્વર્ગાપવર્ગફલકાઽલૌકિકકર્માધિકારસંપાદકમ્** કર્મમાર્ગમાં ગાયત્રીમ-ન્ત્રનો ઉપદેશ આપવામાં આવે છે. ગાયત્રીમન્ત્રનો મૂલ અર્થ એ છે કે ભગવાને આપણને જે સેલ્ફ-અવૅરનેસ્ની (આત્મભાનની) અને સદ્-અસદ્ વિવેકની જે કૅપિટલ્ આપી છે તે વાપરીને જ્યારે કોઈ પણ કર્મ કરો છો તે કર્મનું ધર્મ હોવું જરૂરી નથી. કર્મ છે કારણકે આપણે સેલ્ફ-અવૅર્નેસ્ અને સદ્-અસદ્ વિવેક વાપરીએ છીએ એટલે તમે કર્મકર્તા છો પણ ધર્મકર્તા છો એવું ન કહી શકાય.

જો ધર્મકર્તા થવું હોય તો"**ધિયો યો નઃ પ્રચોદયાત્**" તું મને બુદ્ધિ આપે તે બુદ્ધિથી હું કર્મ કરું તો મારું કર્મ ધર્મ થશે. "**ૐ ભૂર્ભુવસ્સ્વઃ તત્સવિતુઃ વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્**" ભૂઃ (પૃથ્વી) ભુવઃ (અન્તરિક્ષ) સ્વ (દ્યુલોક) નો જે સવિતા પ્રકટ કરનારો છે એનું વરણ્યતેજ (choicest glory) એ મારી બુદ્ધિને જો પાટાપર ચડાવે તો મારું કર્મ ધર્મ બને. એ પાટાપર ન ચડાવે તો મારો ધર્મ કર્મ બની જાય.

વેદ ખુલાસો કરે છે કે આ કર્મ કરશો તો ધર્મ છે અને

આ કર્મ નહીં કરો તો અધર્મ છે. આપણી સેલ્ફ-અવૅર્નેસ્ અને સદ્-અસદ્ વિવેક ને કારણે જે કર્મ કરશું તેની આપણને ધર્મની ભ્રાન્તિ થતી હશે પણ તે કર્મ, આધ્યાત્મિક કર્મ ગણાશે નહીં, તે તો સામાજીક કે દૈહિક કર્તવ્ય જ હશે. ગાયત્રી-મન્ત્ર એક બીજા સ્તર ઉપર સબ્લિમેટ્ (ઉર્દ્ધગામી) કરાવવા માંગે છે. કર્મને ધર્મના સ્ટેજ્ ઉપર લઈ જવા માંગે છે તેથી મનમાં એક સંસ્કાર થાય છે. હવે આપણી સેલ્ફ-અવૅર્નેસ્ને ગાયત્રી-મન્ત્રની લાઈટ્માં અને સદ્-અસદ્ વિવેકને વેદના અનુરૂપ વાપરીએ તો તે કર્મ ધર્મ થશે. કારણકે ''ગાયત્રી વેદમાતર:'' જેવી રીતે સિવિલાઈજ્ અને અન્સિવિલાઈજ્ મનુષ્યમાં ફરક છે, બન્નેને સેલ્ફ-અવૅર્નેસ્ છે અને સદ્-અસદ્ વિવેક પણ છે છતાં અન્સિવિલાઈજ્ની સેલ્ફ-અવૅર્નેસ્ અને વિવેક સેલ્ફસૅન્ટર્ડ્ છે જ્યારે જે સિવિલાઈજ્ છે તેની સોસાયટી-સૅન્ટર્ડ્ છે. એટલે તે સોસાયટીને સ્વીકાર્ય ન હોય તેવું કાર્ય કરશે નહીં.

ગાયત્રીના સંસ્કારથી આપણી અવૅર્નેસ્ વેદ-સૅન્ટર્ડ્ અને સદ્-અસદ્ વિવેક પણ વેદ-સૅન્ટર્ડ્ થાય છે તેને કારણે આપણે ધાર્મિક થઈએ છીએ. આપણે એમ સમજી શકીએ કે સેલ્ફ-સૅન્ટર્ડ્ છે તેનામાં પ્રભુની અવિદ્યાશક્તિ કામ કરી રહી છે. જેનામાં વિદ્યાશક્તિ કામ કરી રહી છે તેને કર્મ અને જ્ઞાન સમજમાં આવશે. જેનામાં પુષ્ટિશક્તિ કામ કરે છે તેને ભક્તિ થશે.

ભગવાન્ જેનું ભક્તિમાટે સિલેક્શન્ કરે છે તેનો સંસ્કાર પુષ્ટિથી થાય છે. તેને કારણે તેની સેલ્ફ-અવૅરનેસ્ અને સૅન્સ્ ઑફ્ ડિસ્ક્રિમિનેશન્ નો સંસ્કાર થઈ જાય છે. એને કારણે ભલે તે જાણી લે કે હું બ્રહ્મ છું પણ તે ભક્તિ જ કરશે. તે ભગવાન્ને આત્મા તરીકે નહીં સ્વીકારે પણ ભજનીય તરીકે સ્વીકારશે.

**જ્ઞાનમાર્ગેઽપિ શરીરાદૌ પ્રિયત્વાદિબુદ્ધિનિવારણપૂર્વકં નિજાત્મત્વોપદેશ:**

જ્ઞાનમાર્ગમાં ''અહં બ્રહ્માસ્મિ, તત્ ત્વમ્ અસિ'' કહેવામાં આવે છે ત્યારે આપણો ગમો-અણગમો જે દેહસાથે જોડાયેલો છે તે હટીને બ્રહ્મ-સૅન્ટ્રિક્ થઈ જાય છે.

**ભક્તિમાર્ગેઽપિ જીવાત્મનિ નિરૂપધિપ્રિયત્વબુદ્ધિનિવારણાર્થં ભગવતો નિજાત્મત્વોપદેશ:. અતએવ ભક્તિમાર્ગસ્ય સ્નેહમૂલકતયા સ્થાયિભાવરૂપસ્ય સ્નેહસ્ય સંયોગ-વિપ્રયોગાત્મકતયા વિપ્રયોગેએવ અતિવિગાઢભાવેન તત્સંચારિ-ભાવતયા કદાચિદ્ 'કૃષ્ણો અહમ્' ઈતિ વ્યતિહારો વિશેષણવિશેષ્યભાવવ્યત્યય:. ઈતિ પૂર્વોત્તરપક્ષૌ.**

ભક્તિમાર્ગમાં ભગવાન્‌નો ધર્મ બીજી રીતે કામ કરે છે. ભક્તિમાર્ગ સ્નેહમૂલક છે. ભગવાન્‌ની પુષ્ટિશક્તિને કારણે સ્નેહ પ્રકટ થાય છે. ભગવાન્ જ્યારે ગાયત્રીશક્તિ વાપરે છે ત્યારે ધર્મ સમજમાં આવે અને પુષ્ટિશક્તિ વાપરે ત્યારે ભક્તિ સમજમાં આવે. ભક્તિની વિગાઢ અવસ્થામાં એવું થાય કે જ્યારે પ્રભુ તમારી સામે ન હોય અને વિપ્રયોગ થાય ત્યારે એવું લાગે કે હું બ્રહ્મ છું. વિપ્રયોગમાં ભક્ત પોતાની આત્માને ભગવાન્ માની લેતો હોય છે. જેમ માં દૂધ પીવડાવવામાં ક્યારેક બેદરકારી કરે તો બાળક પોતાનો અંગૂઠો ચૂસે છે તેવી રીતે. પણ ભગવાન્ સામે આવી જાય ત્યારે ભક્તને એવું નથી લાગતું કે હું ભગવાન્ છું. તુલસીદાસજી કહે છે ''યહ જીન ભાવ જાય પ્રભુ મેરે, હોં સેવક સ્વામી તુમ મેરે'' મારા દિલમાંથી એ ભાવ ક્યારે પણ ન જાય કે આપ મારા સ્વામી છો અને હું તમારો સેવક છું.

ભક્તિમાર્ગ સ્નેહમૂલક છે, એમાં સ્નેહનો ભાવ સ્થાયી છે બાકી બધા સંચારિભાવો છે. સ્નેહ રાખીને ભગવાન્ ઉપર ગુસ્સો પણ આવે, ફરીયાદ કરવાની પણ ઈચ્છા થાય, ક્યારેક હું ભગવાન્ છું તેવા ભાવ પણ આવે પરન્તુ સ્નેહ કાયમ હોવાથી ભગવાન્

જ્યારે તેની સામે હોય તો ભક્ત લાચાર થઈ જાય છે.

વિપ્રયોગમાં ભાવ ક્યારેક અતિગાઢ થઈ જાય ત્યારે તેને તેવું લાગે ''હું કૃષ્ણ છું.'' 'વ્યતિહાર' એટલે વિશેષણ-વિશેષ્યભાવનો વ્યત્યય (હેરા-ફેરી) હું ભક્ત અને તુ ભગવાન્. વિપ્રયોગમાં હું ભગવાન્ અને તુ ભક્ત. જેમ એક કવિ કહે છે ''રાધિકા કાનકો ધ્યાન ધરે તબ કાન વ્હે રાધિકાકે ગુણ ગાવે, આપુન આપુન તે ઉરજે સુરજે સમુજે સમજાવે'' રાધાજી કાનનું ધ્યાન ધરે છે ત્યારે પોતે કાન બની જાય છે અને રાધાના ગુણ ગાય છે. રાધા, રાધાને કહી રહી છે કેમકે તેમને કૃષ્ણાવેશ છે. ક્યારેક પોતાની સાથે ઝઘડો કરે છે કે કેમ દેખાતો નથી! પછી કહે છે કે હું જ તો કૃષ્ણ છું. સૉલ્યુશન્ આપે છે અને સમજાવે પણ છે.

સ્નેહમાં આ બધા સંચારિભાવો પ્રકટ થાય પણ સ્થાયિભાવ સ્નેહનો છે એટલે કૃષ્ણ પ્રકટ થાય તે વખતે બધા સંચારિભાવો છૂટી જાય છે. કૃષ્ણ સામે હોય ત્યારે સંચારિભાવ પ્રબલ થતા નથી, સ્થાયિભાવ ભક્તને પ્રબલ હોય છે.

## સૈવ હિ સત્યાદય: ઈત્યધિકરણમ્

**સૈવ હિ સત્યાદય: (૩।૩।૩૮) ઈતિ સૂત્રમ્.**

**ભાષ્યેતુ ''સત્યં પરં પરં સત્યમ્'' (મહાના.ઉપ.૧૬।૧૨) ''શાન્તો દાન્ત: ઉપરત: તિતિક્ષુ:...આત્મન્યેવ આત્માનં પશ્યેદ્'' (બૃહ.ઉપ.૪।૪।૨૩) ઈત્યત્ર વર્ણિતા: સત્ય-શમ-દમાદય: પ્રાપ્તભક્તે: પુરુષસ્ય કૃતે સાધનત્વેન અપેક્ષિતા: ન વા ઈતિ સંશય:.**

ધર્મ બે જાતના હોય છે. ૧. સામાન્યધર્મ ૨. વિશેષધર્મ. વિશેષધર્મના પાંચ પ્રભેદ. ૧. નિત્ય ૨. નૈમિત્તિક ૩. કામ્ય ૪.પ્રાયશ્ચિત્ત ૫. આપદ્ધર્મ.

**૧.નિત્યધર્મ** એટલે જે વર્ણ આશ્રમ કે માર્ગ ના અનુરૂપ કહેવાયેલો હોય પણ તે ધર્મ કરવાથી કાંઇ પ્રાપ્ત થતું નથી અને ન કરો તો અપરાધ લાગે. જેમ કાયદામાં પણ તેવું હોય છે કે અમુક કાયદા મુજબ કરવાથી કાંઇ રિવોર્ડ કે ફેસેલિટી મળતી નથી પણ કેટલા કાયદા એવા હોય છે કે તે અનુસરવાને કારણે કાંઇક ફેસેલિટી પ્રોવાઇડ્ કરવામાં આવે છે તે પ્રમાણે નિત્યધર્મ નિત્ય કરવાના હોય છે. જેમ અમેરિકામાં ગાડી રાઇટ્-હેન્ડ્ પર ચલાવવી પડે છે અને ભારતમાં લૅફ્ટ્-હેન્ડ્ ચલાવવી પડે છે એનો શું ફાયદો ? આ એક વ્યવસ્થા છે. તેને તમે નિત્યધર્મ સમજી શકો.

૨. **'નૈમિત્તિકધર્મ'** એટલે કોઇ નિમિત્તે કરવાના જે ધર્મો હોય તે. જેમ કોઇ મરી ગયું હોય તો સૂતક પાળવાનું. જન્મ થાય તો પિંડુ પાળવાનું વિગેરે નૈમિત્તિકધર્મો છે. ક્યારેક રોડ્ રિપેર્ થતો હોય કે બીજા કોઇ કારણોસર ટ્રાફિક્ ડાયવર્ટ કર્યો હોય તો તે પ્રમાણે કાર ચલાવવી પડે તે નૈમિત્તિકધર્મ થયો. આ ધર્મો પણ કરવાથી ફાયદો નથી પણ ન પાળીએ તો નુકસાન છે. એટલે અનિવાર્યધર્મો છે.

૩.**'કામ્યધર્મ'** એટલે ઇચ્છાપૂર્તિ માટે જે ધર્મ કરીએ તે ધર્મ. જેમ વલ્લભવેદાન્તમાં ઍડમિશન્ લેવું તે કામ્યકર્મ અને તેના માટે ફી ભરવી પડે તે કામ્યધર્મ.

૪.**'પ્રાયશ્ચિત્ત ધર્મ'** આપણાથી કોઇ ખોટું કામ થઇ ગયું હોય તેના દંડરૂપે જે ધર્મ કરવામાં આવે તે.

ઉપરના બધાં ધર્મો વર્ણ આશ્રમ અને માર્ગ ના ભેદથી અલગ-અલગ હોય છે. જેમ માર્ગના પ્રભેદ કર્મ-જ્ઞાન-ભક્તિ એમ છે. એમાં પણ ઇષ્ટદેવને અનુરૂપ સમ્પ્રદાયોના પ્રભેદ શૈવ-સૌર-ગાણેશ-શાક્ત-વૈષ્ણવ-

સ્કાન્દ (કાર્તિકેય) હોય છે. દા.ત. કર્મમાર્ગ તમે સ્વીકારો અને તમે શૈવસમ્પ્રદાયના હો તો તમારે દરેક કર્મ શરૂ કરતાં પહેલાં ''શિવાય નમ:'' એમ બોલવું જોઈએ પણ વૈષ્ણવ સમ્પ્રદાયના હો તો વિષ્ણુને વંદન કરીને કર્મમાં પ્રવૃત્તિ કરવી જોઈએ. જ્ઞાનમાર્ગના અન્તર્ગત જે દેવતાને પરબ્રહ્મ માનતાં હો તો તે દેવતાને પરબ્રહ્મ માનીને જ્ઞાનમાર્ગમાં ઉપાસના કરી શકો છો.

સમ્પ્રદાયભેદને કારણે કર્મભેદ/ધર્મભેદ થાય છે. એકના માટે વિહિતધર્મ બીજાના માટે ફરજીયાત નથી હોતો. જેમ શાક્ત હોય તો ''દુર્ગાયૈ નમ:'' કહીને કર્મ શરૂ કરવું પડે અને વૈષ્ણવ હોય તો ''હરયે નમ:'' થી શરૂઆત કરવી જોઈએ.

આ દરેક સમ્પ્રદાયમાં કર્મના આરમ્ભમાં ગણપતિજીને વંદન કરીને થાય છે, જ્ઞાન-ભક્તિના આરંભમાં નહીં. જેમ ગીતા પરની ટીકા 'યથાર્થદીપિકા'ના રચયિતા શ્રીવામનજી, જ્ઞાનેશ્વરજીને ક્રિટીસાઈઝ્ કરતાં કહે છે **''વાખાણાવી ગીતા આણી તોંડાચ્ વંદાવી ક્ષુદ્રદેવતા તર ગીતાર્થ કાય બિંબલા(નાસમજ) હે દેવા! પરોપદેશાર્થ પાંડિત્ય સર્વ દેવતાસ્ બ્રહ્મા સાઠી અભેદ, તર ઘટ-પટ કાય નહોતે દેવ!''** જ્ઞાનેશ્વરજીએ ગીતાના આરંભમાં ગણેશવંદના કરી છે. એટલે શ્રીવામન કહે છે કે ગીતાના વખાણ કરો છો અને વંદન ક્ષુદ્રદેવતાને કરો છો તો તમને ગીતા શું સમજમાં આવી? ફક્ત બીજાને ઉપદેશ આપવા માટે? બધાં દેવતાનો બ્રહ્મમાં ભેદભાવ છે તો ઘટ-પટથી બ્રહ્મ ભિન્ન છે? તો ઘટ-પટને કેમ વંદન નથી કરતાં?

તેઓ શાંકરમતના હોવા છતાં પણ ચુસ્ત વૈષ્ણવ છે. એટલે જ્ઞાનમાર્ગમાં આ વંદના અનાવશ્યક છે.

કોઈ એક કર્મ કર્મમાર્ગમાં ફરજીયાત છે તે જ્ઞાનમાર્ગમાં ફરજીયાત

નથી. કોઈ કર્મ જ્ઞાનમાં ફરજીયાત છે તે ભક્તિમાં ફરજીયાત નથી. જેમ ''અહં બ્રહ્માસ્મિ, તત્ ત્વં અસિ'' જ્ઞાનમાર્ગમાં ફરજીયાત છે, ભક્તિમાર્ગમાં ફરજીયાત નથી. કર્મની ના નથી કહેતાં પણ તે માર્ગાનુરૂપ હોવું જોઈએ. જે સ્કૂલ્નો જે ડ્રેસ્કોડ્ હોય તે ડ્રેસ્કોડ્ બીજી સ્કૂલ્માં ફરજીયાત નથી.

તેથી જે કર્મ જે કૉન્ટેક્સ્માં નિત્ય નૈમિત્તિક કામ્ય કે પ્રાયશ્ચિત્ત હોય તેના માટે તે કર્મ ધર્મરૂપ છે પણ બીજા માટે તે ફરજીયાત નથી.

કર્મમાર્ગમાં પત્ની વગર પતિ એકલો કર્મ કરી શકતો નથી એટલે રામચન્દ્રજીએ સીતાજીને વનવાસ કરાવ્યો ત્યારે યજ્ઞ વખતે તેમની બાજુમાં સીતાજીની સુવર્ણ મૂર્તિ રાખી હતી. આ વાત જ્ઞાનમાં ફરજીયાત નથી. સંન્યાસમાર્ગમાં પણ મઠના કોઈ અનુગામી ન હોય એટલે મઠ ચલાવવા માટે ગૃહસ્થીને સંન્યાસી બનાવવો અને તેમના પરિવારને પણ મઠમાં રાખવા તો તેવું સંન્યાસકર્મ દોષરૂપ થશે. સંન્યાસનો નિયમ તો એમ હતો કે ''એકએવ ચરેદ્ ભિક્ષુ: કુમાર્યાઈવ કંકણ: વાસે બહુનાં કલહ: ભવેદ્ વાર્તા દ્વયોરપિ'' પરણતી વખતે મીંઢળ એક જ હોય એમ સંન્યાસીએ એકલા જ રહેવું જોઈએ. સંન્યાસ લઈને ઘણા બધા સાથે રહે તો કાંઈક ઝઘડો થશે અને બે વ્યક્તિ સાથે હશે તો ધ્યાન નહીં ધરે, વાતો થશે. સંન્યાસીને આચાર્યત્વ પણ અપાતું ન હતું.

૫.**'આપદ્ધર્મ'** ઈમર્જન્સીમાં કોઈ વસ્તુ ધર્મ બની જતી હોય છે. ઈમર્જન્સી જતી રહે પછી તે ધર્મ નથી હોતો. ભારતમાં જ્યારે ઈંદિરા ગાંધીએ ઈમર્જન્સી દાખલ કરી હતી તે વખતે ઈંદિરા ગાંધીની વિરુદ્ધ ન બોલવું તે આપદ્ધર્મ હતો. તેવું જ એક ઉદાહરણ, આપણા જેજે શ્રીગોકુલેશવાળા વૈષ્ણવ, શૈવોની વચ્ચે ફસાઈ ગયા

ત્યારે શૈવોએ તેમને ''શિવાય ૐ નમઃ'' બોલવાનું કહ્યું. હવે તે બોલે તો અન્યાશ્રય થાય. એટલે જેજે શ્રીગોકુલેશવાળાઓએ કહ્યું ''પાર્વતી પતયે નમઃ'' કેમકે શ્રીગોકુલનાથજીના પત્નીનું નામ 'પાર્વતીજી' હતું. આ તેમનો આપદ્ધર્મ હતો.

આપણે ત્યાં ઉપનિષદ્માં પણ આવે છે કે એક વખત દુકાળ પડ્યો. એ સ્થિતિમાં ઋષિ એમના આશ્રમમાંથી બહાર ખાવાનું શોધવા નીકળ્યા. તે વખતે ત્યાં ઉભેલો ચાંડાલ કાંઇક ખાઇ રહ્યો હતો. ઋષિએ તેની પાસે ખાવાનું માંગ્યું ત્યારે ચાંડાલે કહ્યું કે હું ચાંડાલ છું છતાં ઋષિએ ખાવાનો આગ્રહ રાખ્યો. જ્યારે ચાંડાલે પોતાનું અડધું ખાધેલું અન્ન ઋષિને આપ્યું પછી તેણે પાણીનું પૂછ્યું ત્યારે ઋષિએ ના પાડી અને કહ્યું કે પાણી તો પ્રાપ્ત છે અન્ન પ્રાપ્ત ન હતું. આ તેમનો આપદ્ ધર્મ હતો.

આપદ્ધર્મ વર્ણ-આશ્રમ-માર્ગભેદથી અલગ-અલગ હોય છે. આપણે ત્યાંના ફૉર્મેટ્માં નિત્યસેવા, ઉત્સવસેવા (નૈમિત્તિક), મનોરથસેવા (કામ્ય) છે. નોર્મલી ઠાકોરજીને ઝાંપીજીમાં પધરાવવા જોઇએ પરન્તુ આપદ્ધર્મમાં ઝાંપીજી ન હોય તો પણ પ્રભુને બચાવવાની ભાવનાથી કોઇ પણ પ્રકારે પધરાવી શકાય છે જેમ શ્રીપુરુષોત્તમજી ચોટીમાં બાલકૃષ્ણજીને પધરાવીને ભાગી ગયા હતા.

મુખ્યમુદ્દો સમજવાનો એ કે ધર્મનો આટલો મોટો સ્પૅક્ટ્રમ્ છે. તેની વિશાળતા અને કૉમ્લેક્સીટીમાં કોઇ પણ એક ધર્મ બીજા માટે ફરજીયાત હોતો નથી.

સામાન્યધર્મો જેમકે સત્ય શમ દમાદિ વિગેરે વૈષ્ણવ માટે વિહિત છે કે નહીં તેનો વિચાર આ અધિકરણમાં કરવામાં આવ્યો છે. **''સત્યં પરં પરં સત્યમ્'' ''શાન્તો દાન્તઃ ઉપરતઃ તિતિક્ષુઃ...આત્મન્યેવ આત્માનં પશ્યેદ્''** 'શાન્ત' એટલે પોતાના અન્તઃકરણ પર જેનો કાબૂ

હોય, ઈમોશન્ ઉપર કન્ટ્રોલ્ હોય. 'દાન્ત' એટલે બહારની ઈન્દ્રિય પર જેનો કાબૂ હોય, 'શમ' એટલે અન્તઃકરણની વૃત્તિ ઉપર જેનો કાબૂ હોય, એટલે કામ ક્રોધ લોભ મોહ મત્સર પર કાબૂ હોય તેને 'શાન્ત' કહેવાય. જેને આના ઉપર કાબૂ નથી તે અશાન્ત કહેવાય. 'અદાન્ત' એટલે જેને પોતાના બિહેવિયર્ પર કન્ટ્રોલ્ નથી તે આપણા શરીરમાં ઍનીમલ્ અર્જ છે તેના ઉપર આપણો કન્ટ્રોલ્ નથી હોતો તે અદાન્ત કહેવાય. 'ઉપરત' એટલે ડિટૅચ્ થવું, વૈરાગ્યનો ભાવ. 'તિતિક્ષુ' એટલે જેનામાં સહનશક્તિ હોય તે. **"આત્મન્યેવ આત્માનં પશ્યેદ્"** પોતાનામાં આત્મદર્શન કરવું જોઈએ. આ બધાં સામાન્યધર્મો છે.

જે કોઈ વિશેષધર્મના માર્ગ ઉપર ચાલી રહ્યા છે તેમનામાં સામાન્યધર્મ હોય તેવી પૂર્વધારણા બંધાયેલી છે. પણ સામાન્યધર્મની ક્ષતિને કારણે વિશેષધર્મ નુલિફાય્ (અમાન્ય) થતો નથી. શાન્ત દાન્ત ઉપરત તિતિક્ષુ એ સામાન્યધર્મો વિશેષધર્મની સાથે હોય તો સોનામાં સુગંધ છે પણ એમાં ક્ષતિ થાય તો વિશેષધર્મ નુલિફાય્ થતો નથી. એ આ અધિકરણનો ઈશ્યુ છે. **ઈત્યત્ર વર્ણિતાઃ સત્ય-શમ-દમાદયઃ પ્રાપ્તભક્તેઃ પુરુષસ્ય કૃતે સાધનત્વેન અપેક્ષિતાઃ ન વા ઈતિ સંશયઃ** એટલે જે લોકોને વિશેષધર્મ માટે ગ્રજ્ હોય તે આ ઈશ્યુને ઉછાળતા હોય છે કે સામાન્યધર્મ આમાં નથી તા વિશેષધર્મનો મતબલ શું? પણ આવું કહીને વિશેષધર્મને નુલિફાય્ નથી કરી શકતા. સામાન્યધર્મના ઉપદેશના અધિકારી સામાન્ય માણસ છે. વૈષ્ણવ થયા પછી સ્વભાવાનુસાર ગુસ્સો આવશે તો તેનું સોલ્યુશન્ ભક્તિથી આવશે. ગુસ્સો ન કરવાથી નહીં આવે. સામાન્યનો બાધ વિશેષમાં થઈ શકે છે. વિશેષધર્મ વિશેષની યોગ્યતા માટે છે. સામાન્યધર્મ સામાન્યની યોગ્યતા માટે છે.

**પ્રાપ્તભક્તેઃ** જેને ભક્તિ પ્રાપ્ત થઈ હોય તેના માટે વિહિત

છે કે નહીં? આ ઉપદેશનો અધિકારી કોણ છે?

**પૂર્વપક્ષસ્તુ ભગવત્પ્રાપ્તિરૂપસ્ય ફલસ્ય મુખ્યં સાધનં ભગવદાવિર્ભાવ:** ભગવત્પ્રાપ્તિરૂપ ફલનું મુખ્ય સાધન ભગવદ્આવિર્ભાવ છે. **તચ્ચ શુદ્ધચિત્તએવ સમ્ભવતીતિ** કોઈનું ચિત્ત અશુદ્ધ છે તો તેનાથી ભક્તિ કેવી રીતે થશે? **તદર્થં સત્ય-શમ-દમાદય: પ્રાપ્તભક્તેરપિ અપેક્ષિતા: ઈતિ.** તેથી સત્ય-શમ-દમ જેને ભક્તિ મળી છે તેમને ફરજીયાત હોવા જોઈએ એ પૂર્વપક્ષ થયો.

આપણા શાસ્ત્રમાં વિધિના (લૉ) ૧૩૬ પ્રભેદ કરવામાં આવ્યાં છે તેમાં મુખ્ય ઉત્પત્તિવિધિ વિનિયોગવિધિ અને અધિકારવિધિ.

**ઉત્પત્તિવિધિ**માં કર્મનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે કે આ કર્મ કરો.

**વિનિયોગવિધિ**માં કર્મ કેવી રીતે કરવું, કઈ વસ્તુ વાપરવી, કયા દેશમાં કયા કાલમાં કયા મન્ત્ર વાપરવા તે સમજાવ્યું છે.

**અધિકારવિધિ**માં કર્મ કરવાનો અધિકારી કોણ છે તે બતાવ્યું છે.

**પ્રયોગવિધિ**માં કર્મના પ્રયોગ કે અનુષ્ઠાન ની રીત સમજાવવામાં આવતી હોય છે.

સત્ય-શમ-દમ વિગેરે કઈ ઍલિજીબિલિટીને ઍડ્રેસ્ કરી રહ્યા છે? ત્યાં કહેવાનું કે ભક્તના અધિકારને અહીં કહેવામાં નથી આવ્યા પરન્તુ સામાન્ય માણસના અધિકારને કહ્યો છે. તેથી સત્ય-દમ-શમ હોવા જોઈએ એમાં ભક્ત અનધિકારી નથી પણ ભક્તની ઍલિજીબિલિટી માટે આ કન્ડિશન્ નથી. સામાન્યધર્મોને ભક્તિના અધિકાર તરીકે કાઉન્ટ્ નથી કરવામાં આવ્યા, જ્ઞાનીના અધિકાર તરીકે કાઉન્ટ્ નથી કરવામાં આવ્યા પણ અહીં માણસના અધિકારને ગણવામાં આવ્યા

છે કે માણસે આવું હોવું જોઈએ. તેના અધિકારી સામાન્ય માણસ છે. ભક્ત જ્ઞાની ની ત્યાં ગણના નથી કરી.

હવે એ મુદ્દો આવ્યો કે ભક્તિ કરવામાં ચિત્ત શુદ્ધ જોઈએ કે નહીં? ચિત્ત અશુદ્ધ હશે તો ભક્તિ કેવી રીતે થશે? તો ચિત્તશુદ્ધિના ઉપાયોને પણ ઍલિજીબલ્ માનો. તેના જવાબમાં કહે છે **સ્વભાવેનૈવ સત્યાદિસર્વસાધનરૂપતયા ભક્તેઃ પ્રાદુર્ભાવે સત્યાદયઃ વિહિતત્વેન ન અપેક્ષિતાઃ ઈતિ ઉત્તરપક્ષઃ** ભક્તિમાર્ગ ઉપર પ્રવૃત્ત છે અને એને કામ-ક્રોધ-લોભ વિગેરે ઉપર કન્ટ્રોલ્ આવ્યો નથી પણ ભક્તિ તેની કાળજી કરશે. ભગવદ્ ગીતામાં કહે છે **"અપિચેદ્ સુદુરાચારો ભજતે મામ્ અનન્યભાક્, સાધુરેવ સઃ મન્તવ્યઃ સમ્યગ્ વ્યવસિતો હિ સઃ, ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા શશ્વન્ શાન્તિં નિગચ્છતિ, કૌન્તેય! પ્રતિજાનિહિ ન મે ભક્તઃ પ્રણશ્યતિ"** (ભગ.ગીતા ૯।૩૦-૩૧) કોઈ દુરાચારી હોય તે મારી ભક્તિ કરવા માટે નૉન્-ઍલિજીબલ્ નથી. તેના દુરાચારની નબળાઈની ભક્તિ કૅર્ કરશે. ભક્તિ કૅર્ નહીં કરે તો 'હું' તેની કૅર્ કરીશ, જે મારો ભક્ત હશે એને હું ખતમ નહીં થવા દઉં. ભક્તને દુરાચાર કરવાની આજ્ઞા નથી પણ દુરાચારીને ભક્તિ કરવાની આજ્ઞા છે. ભક્તિને કારણે તેનો દુરાચાર તત્કાલ નહીં મટે પણ ભક્તિનાં કૉર્સ કારણે મટી જશે.

અહીં સુધી સામાન્યધર્મ અને વિશેષધર્મ ની મહત્તા સમજ્યા. ભક્તિસાધનાના બીજા ત્રણ અધિકરણો પણ અત્રે સંકલિત કર્યા છે.

અહીં એક વાત સમજવા જેવી છે કે માર્ગો વર્ણાશ્રમના મહોતાજ નથી. માર્ગો ત્યારે પ્રવૃત્ત થયા જ્યારે વર્ણાશ્રમધર્મ કૉલેપ્સ્ થઈ ગયો. શ્રીશંકરાચાર્યજી શ્રીરામાનુજાચાર્યજી શ્રીમધ્વાચાર્યજી શ્રીચૈતન્યમહાપ્રભુ અને મહાપ્રભુજી નો આ બાબતમાં એક મત છે કે વર્ણાશ્રમધર્મ દેહાભિમાનમૂલક છે. વર્ણ દેહાભિમાનથી આવે છે

અને આશ્રમધર્મ વયોભિમાનમૂલક છે. શ્રીશંકરાચાર્યજીના માર્ગમાં કર્મમાર્ગની ભેળસેળ નથી. કર્મમાર્ગની પ્રવૃત્તિ દેહાભિમાનમૂલક છે. જ્ઞાનમાર્ગ દેહાભિમાનને દૂર કરવા માટે છે. આ મત ૧૨ આચાર્યોમાંથી કેવલ શ્રીશંકરાચાર્યજીનો છે. જોકે તેમણે પુત્ર તરીકેનું કર્મ નિભાવ્યું, એ તો દેહાધ્યાસમૂલક હતું.

કેટલાક શાસ્ત્રને કારણે અભિમાન થતાં હોય છે. જેમકે શાસ્ત્રે તેમને બ્રાહ્મણ બનાવ્યા તો દેહાભિમાન ન છોડી શકતા હોય તો શાસ્ત્રાભિમાન કેવી રીતે છોડી શકે? બીજા આચાર્યોનું એવું કહેવું છે કે પહેલાં દેહાભિમાન છોડો પછી શાસ્ત્રાભિમાન છોડો.

ભક્તિ સમ્પ્રદાય દેહાભિમાનમૂલક નથી. એ તો આત્માને પરમાત્માનો અંશ માનીને, જીવને ભગવાન્‌નો ભક્ત માનીને ચાલનારા સમ્પ્રદાયો છે. દેહાભિમાન ભક્તિમાં સાધક નથી થતું. આત્માનું અભિમાન સાધક છે. ''યો યદંશ: સ: તં ભજેત્'' આપણે આપણી જાતને ભગવાન્‌ના અંશ તરીકે જાણીએ તો તેમનું ભજન કરવું જોઈએ. ત્યાં દેહાભિમાન હોય તેણે ભક્તિ કરવી એવું કહેવામાં નથી આવ્યું. પણ જે અંશ છે તેણે ભગવાન્‌ને (અંશી) ભજવા જોઈએ. એટલે આ સમ્પ્રદાયો વર્ણાશ્રમધર્મના અંગ નથી અને વર્ણાશ્રમધર્મથી વિરુદ્ધ પણ નથી. ભાગવતમાં કહ્યું છે **''કિરાત-હૂણાન્ધ્ર-પુલિન્દપુલ્કસા: આભીરકંકા: યવના: ખસાદયો યે અન્યે ચ પાપા: યદુપાશ્રયાશ્રયા: શુદ્ધયન્તિ તસ્મૈ પ્રભવિષ્ણવે નમ:''** (ભાગ.પુરા.૨।૪।૧૮) મંગોલિયન્, હૂણ, આન્ધ્ર, બસ્તરના ભીલ, ગ્રીક, બીજા કોઈ પણ વર્ણાશ્રમ મુજબ જે પાપયોનિમાં હોય તેઓ પણ આશ્રય લેવાથી શુદ્ધ થઈ જાય છે તેવા વિષ્ણુને નમસ્કાર કરું છું. ભાગવતધર્મની શરૂઆત વર્ણાશ્રમથી થઈ નથી અને તેનો વિરોધ પણ નથી કરતી. એજ વાત ભગવદ્ ગીતા માં કહે છે **''સ્ત્રીયો વૈશ્યા: તથા શૂદ્રા: તેઽપિ યાન્તિ પરાં ગતિમ્''** (ભગ.ગીતા ૯।૩૨) ભક્તિ કરવાથી સ્ત્રી-શૂદ્રનો ઉદ્ધાર થાય

છે ત્યાં બ્રાહ્મણ કરે તો કેમ ઉદ્ધાર ન થાય? અહીં ભક્તિનો અધિકાર બ્રાહ્મણ સુધી સીમિત નથી કર્યો પરન્તુ ભક્તિ સર્વાધિકારક છે એટલે દેહાભિમાન અને વર્ણાભિમાન બન્ને માટે છે.

વર્ણાશ્રમધર્મની સિસ્ટમ્ કૉલેપ્સ્ થઇ ગઇ છતાં જૈન-બૌદ્ધની જેમ ભાગવત તેનો વિરોધી નથી. કારણકે સામાજીક રીતે સિસ્ટમ્ કૉલેપ્સ્ થઇ ગઇ હોય છતાં વ્યક્તિગતરૂપે કોઇ એને નભાવી શકતો હોય તો તેની નિન્દા (કન્ડેમ્) કરતો નથી. મહાપ્રભુજી કહે છે **"યાવદ્ દેહો અયં તાવદ્ વર્ણાશ્રમધર્માએવ સ્વધર્માઃ ભગવદ્ધર્માદયોઽપિ વિધર્માઃ પરધર્માઃ વા. યદા પુનઃ આત્માનં જીવં મન્યતે, સંઘાતવ્યતિરિક્તં, તદા દાસ્યં સ્વધર્મો અન્યે વર્ણાશ્રમધર્માદયોઽપિ પરધર્માઃ"** (સુબો.૩ા૨૮ા૨) જ્યાં સુધી દેહાભિમાન ગાઢ હોય તો સ્વધર્મ વર્ણાશ્રમધર્મ છે નહીંકિ ભગવદ્ધર્મ. પરન્તુ જ્યારે એવું લાગે કે આ પાંચભૌતિક દેહના સંઘાતથી મારી હકીકત અલગ છે, હું આ નથી, હું ભગવાન્નો અંશ છું ત્યારે ભગવદ્ધર્મ સ્વધર્મ થઇ જાય છે, વર્ણાશ્રમધર્મ વિધર્મ/પરધર્મ થઇ જાય છે.

મહાપ્રભુજી કહે છે કે વૈષ્ણવતા વર્ણાશ્રમને તોડવાનું લાઇસન્સ્ માટે નથી પણ જેનો વર્ણાશ્રમધર્મ ખંડિત થઇ ગયો છે તેને ભક્તિનું લાઇસન્સ્ આપે છે. **"લૌકિકત્વં વૈદિકત્વં કાપટ્યાત્ તેષુ નાન્યથા, વૈષ્ણવત્વં હિ સહજં તતોઽન્યત્ર વિપર્યયઃ"** (પુ.પ્ર.મ.૨૦) લૌકિકતા અને વૈદિકતા દેહાભિમાનમૂલક છે પણ વૈષ્ણવતા આત્માભિમાનમૂલક સહજ હોવી જોઇએ.

જો દેહાભિમાનમૂલક વૈષ્ણવતા હોય તો તે સાચી વૈષ્ણવતા નથી પણ હું ભગવાન્નો અંશ છું એમ માને તો તેનો ભગવદ્ધર્મ સ્વધર્મ છે.

## ફલાધ્યાયની રૂપરેખા

ફલાધ્યાયમાંથી ફક્ત ''જગદ્વ્યાપારાધિકરણમ્' અહીં સંકલિત કર્યુ છે. તેનાં ૧૭-૨૨ સુધીનાં સૂત્રો અહીં લીધાં છે. મુખ્યવિષય અહીં એ છે કે બધાં આચાર્યોના હિસાબે બે સમસ્યા છે. (સમસ્યા-૧.) કેટલાક દ્વૈતવાદી આચાર્યો, તેમના દ્વૈતમતાનુસારી, જ્યારે જીવ બ્રહ્મમાં લીન થઈ જાય છે ત્યારે ભગવાન્‌ની ક્વૉલિટી અને ઍટ્રિબ્યુટ્ તેનામાં આવતાં નથી કારણકે એનો દ્વૈત નિવૃત્ત થતો નથી, ફક્ત બ્રહ્મમાં લીન થાય છે. બ્રહ્મમાં લીન થયો તો બ્રહ્મની ક્વૉલિટી કેમ પ્રાપ્ત થતી નથી? એ પ્રશ્ન ઉપસ્થિત થાય. આ બાબતમાં આપણે લીન થવાના ચાર-પાંચ મૉડેલ્‌થી સમજવાનો પ્રયાસ કરશું.

૧. સબમરીન્ જ્યારે દરિયામાં લીન થાય છે ત્યારે તે બોટ્‌ની જેમ બહાર નથી તરતી, દરિયાની ભીતર લીન થઈને તરતી હોય છે. ૨. નદી દરિયાને મળીને દરિયો બની જતી હોય છે. ૩. આપણે ગણપતિજીની મૂર્તિને દરિયામાં વિસર્જિત કરીએ પણ દરિયો બીજે દિવસે તેને પાછો ફેંકી દે છે. ૪. દરિયામાં ડૂબેલી વસ્તુ છીપ મૂંગા શંખ વિગરે મૂળમાં તો તે દરિયાની ભીતર જ લીન હોય છે પણ દરિયો તેને ફગાવી દેતો હોય છે. ૫. વ્હૅલ્‌ના ઉદાહરણથી આપણે સમજી શકીએ કે તે દરિયાના છીછરા પાણીમાં રહેતી નથી પરન્તુ તેની ગહેરાઈમાં રહે છે.

ઉપરના ઉદાહરણોથી આપણે એ વાત સમજી શકીએ છીએ કે બ્રહ્મમાં જીવ લીન થયો પછી બ્રહ્મના સ્પેશિયલ્ ગુણો જીવમાં આવે છે કે નહીં? નદી અને દરિયા નો મૉડેલ્ છોડી દઈએ તો બીજા મૉડેલ્‌માં દરિયાના ગુણો આવતા નથી, જેમ દરિયાના ગુણો વ્હૅલ્‌માં નથી હોતા, સબમરીન્‌માં નથી હોતાં, વિસર્જિત ગણપતિમાં નથી હોતા, મૂંગા છીપ વિગેરેમાં પણ નથી હોતા. એટલે દ્વૈતવાદીઓ માટે નદી અને દરિયા નું મૉડેલ્ છોડીને જે મૉડેલ્ બતાવ્યા છે

તે તેમના મતને અનુકૂળ છે. કારણકે બ્રહ્મમાં લીન થયા પછી પણ દ્વૈતનો નિર્વાહ થાય છે અને જીવ બ્રહ્મના ગુણો પણ ઍક્વાયર્ નથી કરતો.

(સમસ્યા-૨.) જેમના લયનું મૉડેલ્ નદી અને દરિયો છે તેમના માટે થોડી તકલીફ છે કારણકે જીવ જો બ્રહ્મના ઍટ્રિબ્યુટ્ ઍક્વાયર્ કરતો હોય તો મુક્તજીવને જગત્કર્તા માનવો પડશે. કારણકે જેમ નદીનું પાણી દરિયામાં મળે તો નદી ખારી થઈ જાય છે તેમ જીવ પણ બ્રહ્મમાં લીન થવાને કારણે બ્રહ્મ થઈ જાય છે. શ્રુતિ પણ કહે છે **''બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ''**

છતાં કોઈ શ્રુતિ એમ નથી કહેતી કે **''જન્માદ્યસ્ય યત:''** એ બ્રહ્મનું લક્ષણ જીવમાં અતિવ્યાપ્ત થાય છે. જો બ્રહ્મનું લક્ષણ અતિવ્યાપ્ત થાય તો બ્રહ્મનું લક્ષણ ખોટું અથવા બ્રહ્મ, બ્રહ્મ નથી રહેતો. જેમ પાણીને ડિફાઈન્ કરીએ H2o અને બીજી કોઈ વસ્તુમાં H2o દેખાય તો આપણને એમ થશે કે આ પાણીના મૉલેક્યુલ્માંથી બન્યુ છે અને તેમાંથી તે ન બન્યુ હોય તો ડૅફિનેશન્ ખોટી થઈ જાય.(લક્ષણ અતિવ્યાપ્ત થવાથી) H2o માંથી બન્યું હોય અને પાણી ન હોય તો પાણીનો કન્સૅપ્ટ્ ખોટો થશે.

ઉદાહરણ તરીકે આપણે માણસની પરિભાષા એમ કરીએ ''Man is a social animal or man is a rational animal or man is a technological animal'' હવે ઉપરની પરિભાષાને હિસાબે કોઈ પણ પ્રાણી મનુષ્ય સિવાય સોશિયલ્ હોય તો કાંતો એને મનુષ્ય માનવો પડશે અથવા લક્ષણને ખોટું માનવું પડશે. આવી સ્થિતિમાં કીડીને પણ મનુષ્ય માનવી પડશે કારણકે કીડી કોઈ દિવસ એકલી સાકરનો દાણો ખાતી નથી. મધમાખી ઉધઈ માં મનુષ્ય કરતાં વધારે સોશિયલ્ નૉર્મ્સ્ જોઈ શકાય છે. તેથી ''Man is a social animal'' એ

લક્ષણ અતિવ્યાપ્ત થઈ જશે.

બ્રહ્મની જે પરિભાષા છે **''યતો વા ઈમાનિ ભૂતાનિ જાયન્તે યેન જાતાનિ જીવન્તિ યત્ પ્રયન્તિ અભિસંવિશન્તિ''** તે પ્રમાણે જીવ પણ લીન થયા પછી બ્રહ્મ માનવો પડશે. આ વાત શ્રીશંકરાચાર્યજી માને છે. પણ જે જીવને બ્રહ્મ ન માનતા હોય તો મુક્ત થયા પછી બ્રહ્મના લક્ષણ જીવ પર લાગુ થશે જેમ નદી દરિયામાં મળી ગઈ તેમ. તેમ છતાં બ્રહ્મના લક્ષણ જો જીવ પર ઘટિત નથી થતાં તો લક્ષણમાં ખોટ છે અથવા જીવમાં ખોટ છે. જીવમાં ખોટ હોય તો બ્રહ્મ ન થયો અને લક્ષણમાં ખોટ હોય બ્રહ્મની પરિભાષા ખોટી.

હવે આ પ્રકરણ મુક્તિનું છે. મુક્તિના પ્રકારમાં બે અવસ્થાભેદ છે. ૧. **જીવન્મુક્તિ** = દેહ સાથે મુક્ત થવું તે. ૨. **વિદેહમુક્તિ** = દેહ છૂટ્યા પછીની મુક્તિ. આના ૬ પ્રભેદ છે. સાલોક્ય સાર્ષ્ટિ સામીપ્ય સારૂપ્ય સાયુજ્ય અને એકત્વ.

**'સાલોક્ય'** એટલે આ લોકમાં નથી અને બ્રહ્મ જે લોકમાં છે તે લોકમાં સ્થિત થઈ જવું. આપણા માર્ગના હિસાબે પુરુષોત્તમ અક્ષરબ્રહ્મમાં બિરાજે છે. મહાપ્રભુજી અક્ષરબ્રહ્મના બે ભેદ બતાવે છે. **''દ્વિરૂપં તદ્ધિ સર્વં સ્યાદ્ એકં તસ્માદ્ વિલક્ષણમ્''** (સિ.મુ.૩) અક્ષરબ્રહ્મ પોતાના એક ચતુર્થાંશ હિસ્સામાં ક્ષરરૂપે થયો છે તે હિસ્સામાં આપણે સ્થિત છીએ અને બીજો ત્રણ ચતુર્થાંશ જે અક્ષરનો છે તેમાં જ્યારે આપણે સ્થિત થઈએ તો આપણી સાલોક્યમુક્તિ થઈ. પણ તેથી પુરુષોત્તમ થઈ જઈએ તેવું નથી.

**'સાર્ષ્ટિ'** એટલે બ્રહ્મનું ઐશ્વર્ય આપણામાં આવે તે.

**'સામીપ્ય'** એટલે બ્રહ્મની નજીક જવું.

**'સારૂપ્ય'** એટલે બ્રહ્મરૂપ થઈ જવું. પણ બ્રહ્મરૂપ હોવા છતાં જેમ બ્રહ્મે અનેક રૂપ લીધાં છે તેમ તેણે જીવાત્માનું એક મુક્તરૂપ

લીધું છે તે બ્રહ્મરૂપ અથવા સારૂપ્યમુક્તિ.

**'સાયુજ્ય'** એટલે જેમ દરિયામાં સબમરીન્ લીન થઇ જાય પણ પોતાનું દ્વિત્વ જળવાઈ રહે તે સાયુજ્યમુક્તિ. છીપ મૂંગા વિગેરેના ઉદાહરણો પણ સાયુજ્યમુક્તિના છે.

**'એકત્વ'** એટલે બે નહીં રહીને એક થઇ જવું.

મુક્તિમાટે બીજી એક વાત એમ પણ છે કે **"ન સઃ પુનરાવર્તતે"** મુક્તજીવ પાછો નથી આવતો.

મુક્તિની પરિભાષા છે કે જન્મ-મરણના ચક્રમાંથી મુક્ત થવું. જો પાછો જગત્માં આવે તો તે મુક્ત નથી અને મુક્ત હોય તો તે પાછો જગત્માં ન આવે.

આ સ્થિતિમાં જગદ્વ્યાપાર એનામાં શક્ય છે કે નહીં? આમાં આદર્શ ઉદાહરણ વ્હૅલનું છે. શરૂઆતમાં વ્હૅલ્ જલચર નહોતી પણ ભૂચર (લૅન્ડ્ક્રિચર્) હતી. માછલી નહીં પણ સસ્તન (મૅમેલિયન્) પ્રાણી હતી. તે દરિયામાં હોવા છતાં પણ (સાયુજ્ય) દ્વિત્વ તો જાળવી રાખે છે. અને દરિયાની બહાર પણ શ્વાસ લેવા માટે એકાદ ચક્કર લગાવી શકે છે તેમ જીવ પણ પાછો આવી શકે છે.

જગદ્વ્યાપારના બે અર્થ. ૧. જગત્માં ચાલતો જન્મ-મરણનો વ્યાપાર તે 'જગદ્વ્યાપાર'. ૨. જગત્ની ઉત્પત્તિ-સ્થિતિ-લય કરવાનો વ્યાપાર તેને પણ 'જગદ્વ્યાપાર' કહેવાશે. આ વ્યાપાર બ્રહ્મનું લક્ષણ છે.

હવે જીવ બ્રહ્મમાં લીન થવાને કારણે જો બ્રહ્મ બનતો હોય તો જીવમાં બ્રહ્મના ઍટ્રિબ્યુટ્ આવે છે કે નથી આવતાં? ટૂંકમાં મુક્ત થયા પછી જન્મ-મરણના ફેરામાં ફસાય છે કે નહીં? જો

ન ફસાતો હોય તો મુક્તિ ફક્ત સાયુજ્યપ્રકારની જ સંભવ છે કે બીજા પ્રકારની સંભવ છે? હવે જો એકત્વની પ્રાપ્તિ થાય તો બે ન રહી એક થઈ જાય. બીજા બધા પ્રકારની મુક્તિમાં દ્વિત્વનો નિર્વાહ થાય છે પણ એકત્વમાં દ્વિત્વનો નિર્વાહ થતો નથી. એટલે જીવનો આમાંથી કયા પ્રકારનો લય થાય છે તે ફલાધ્યાયની સમસ્યા છે.

શ્રીશંકરાચાર્યજી કહે છે કે જીવ અને બ્રહ્મ એક જ છે કારણકે **"જીવો બ્રહ્મૈવ નાપરઃ"** પણ જેઓ જીવને બ્રહ્મ ન માનીને બ્રહ્મનો અંશ માની રહ્યા છે તે સ્થિતિમાં જો એકત્વ થાય જેમ બિન્દુ સાગરમાં ભળી જાય અને સાગરરૂપ થઈ જાય તો જીવ બ્રહ્મમાં લીન થવાને કારણે બ્રહ્મના સ્પેશિયલ્ ઍટ્રિબ્યુટ્ જીવમાં આવવા જોઈએ. બિન્દુ તો કાર્યાવસ્થા છે અને દરિયો કારણાવસ્થા છે. હવે જીવનાં લીન થવાથી બ્રહ્મના ગુણો જીવમાં જો આવી જાય તો જગદ્વ્યાપાર એટલે જગત્ની ઉત્પત્તિ-સ્થિતિ-લય કરવાનું જે બ્રહ્મનું લક્ષણ છે તે પરિભાષા ખોટી છે. અથવા જીવની બાબતમાં કન્સૅપ્ટ્ ખોટો છે, એ પણ એક સમસ્યા છે.

આગળ આપણે મુક્તિનાં જે પ્રકાર બતાવ્યા તેમાં જીવન્મુક્તિ સબ્જેક્ટિવ્ મુક્તિ છે ઑબ્જેક્ટિવ્ નથી. જેમ આપણને કોઈ બાંધી દે અને આપણને તે બન્ધન ન લાગતું હોય તો તમે મુક્ત જ છો. છતાં તેમનાથી કાંઈક જગદ્વ્યાપાર (લૌકિકવ્યાપાર) થાય છે. જેમ કોઈ જેલમાંથી બહાર આવવાને મુક્તિ માને, કોઈને જેલમાં મુક્તિ લાગે. કારણ કદાચ બહાર તેને કોઈ ગુંડો મારી નાખશે તેવા ભયથી. ઘણા જાનવરો જેને આપણે પાલતુ બનાવીએ છીએ તે જંગલમાં જવાનું પસંદ નથી કરતાં. તે આપણી (જેલમાં) સાથે રહીને મુક્તિ અનુભવે છે.

તેથી હવે બન્ધન શું અને મુક્તિ શું? આ ઉપરની મુક્તિની

સમસ્યાઓનું સમાધાન ફલાધ્યાયનાં એક અધિકરણથી વિચારશું. બીજા બધા અધિકરણો અત્રે સંકલિત કરવા શક્ય ન હોવાથી.

## ચતુર્થાધ્યાય

### જગદ્વ્યાપારવર્જમ્ અધિકરણમ્

**જગદ્વ્યાપારવર્જં પ્રકરણાદ્ અસંનિહિતત્વાચ્ચ ઈતિ સૂત્રં (૪।૪।૧૭)** જીવની બ્રહ્મભાવાપત્તિ થાય છે તેમ છતાં તેનામાં જગદ્વ્યાપાર કેમ નથી આવતો? તો કહે છે **"પ્રકરણત્વાત્"** કેમકે આ મુક્તિનું પ્રકરણ છે અહીં જગદ્વ્યાપારનો પ્રસંગ નથી. મુક્તિમાં જગદ્વ્યાપાર હોતો નથી. **"અસંનિહિતત્વાદ્"** એટલે જીવને જગદ્ અનુભવાતું હોય તો જગદ્વ્યાપાર કરે ને! દેખાતું ન હોય તો જગદ્વ્યાપાર કેવી રીતે કરે? ભાગવતજીમાં પ્રસંગ આવે છે જ્યારે શુકદેવજીએ કહ્યું કે "મારે આ સંસારમાં નથી ફસાવું" અને ત્યાંથી તેઓ ભાગી ગયા ત્યારે તેમની પાછળ શ્રીવ્યાસજી પણ ભાગ્યા. રસ્તામાં એક સરોવરમાં સ્ત્રીઓ કપડા વગર સ્નાન કરતી હતી. શુકદેવજી જ્યારે ત્યાંથી પસાર થયા ત્યારે સ્ત્રીઓ શરમાઈ નહીં પણ જ્યારે વ્યાસજી ત્યાંથી પસાર થયા ત્યારે સ્ત્રીઓએ શરમાઈને વસ્ત્રો પહેરી લીધાં. ત્યારે વ્યાસજીએ સ્ત્રીઓને પૂછ્યું કે "જ્યારે શુકદેવજી પસાર થયા ત્યારે તમને શરમ ન આવી અને હું ઘરડો થયો તો પણ તમને શરમ કેમ આવી?" ત્યારે સ્ત્રીઓએ કહ્યું કે "અહીંથી શુકદેવજી પસાર થયા પણ એમની આંખ અમને જોતી ન હતી પણ તમે તેમને શોધતા હોવા છતાં તમારી આંખ અમારા ઉપર હતી એટલે અમને શરમ આવી." મૂળ મુદ્દો એ કે સંનિહિત છે કે અસંનિહિત? આંખ ખુલ્લી છે તેનાથી ફરક નથી પડતો. Are you gazing or not gazing? તેના ઉપર આધાર રાખે છે. કૂતરાને પણ તમે ઘૂરો તો ભસે, નહીં તો ન ભસે. શુકદેવજી પોતાની મસ્તીમાં જઈ રહ્યા હતા (અસંનિહિતાવસ્થા) અને વ્યાસજી તેવી રીતે નહોતા

જતાં (સંનિહિતાવસ્થા).

તેથી સંનિધાન ઑબ્જેક્ટિવ્ નથી પણ સબ્જેક્ટિવ્ છે. એટલે ઑબ્જેક્ટિવલી એક-બીજાની પાસે હોય તેનું મહત્ત્વ નથી પણ સબ્જૅક્ટિવલી તમે કોને ધૂરી રહ્યા છો કે સામેની વ્યક્તિ કે પ્રાણી ને એમ લાગે કે તમે એની સંનિધિમાં આવો છો.

એટલે કહે છે કે મુક્ત થયેલ જીવની સામે પણ જગદ્ હોય તો સંનિહિત નથી. બદ્ધજીવની સામે જગત્ ન હોય તો પણ જગત્ સંનિહિત છે. કોઈકને મુક્ત થયા પછી જગદ્વ્યાપારનું સંનિધાન બન્યું રહે છે અને કોઈકને જગદ્માં રહેવા છતાં સંનિધાન છૂટી જતું હોય છે. એટલે કહે છે 'અસંનિહિતત્વાત્'.

**ભાષ્યે "બ્રહ્મવિદ્ આપ્નોતિ પરં યો વેદ નિહિતં ગુહાયાં પરમે વ્યોમન્ સો અશ્નુતે સર્વાન્ કામાન્ સહ બ્રહ્મણા વિપશ્ચિતા"** જે બ્રહ્મને જાણે છે તેને પોતાની હૃદયગુહામાં પરતત્ત્વની પ્રાપ્તિ થાય છે. પોતાની હૃદયગુહામાં પોતાને જાણવાની જગ્યાએ બ્રહ્મને જાણે છે. એને બધો બ્રાહ્મિક આનન્દ મળે છે જાગતિક આનન્દ નહીં. પોતે પોતાનાથી અસંનિહિત થઈ જાય છે અને બ્રહ્મથી સંનિહિત થઈ જાય છે, જે પોતાનાથી સંનિહિત ન રહ્યો હોય તો જગત્ ક્યાં રહેશે? ગાલિબ કહે છે "કોઈ ઉમીદભર નહીં આતી હૈ કોઈ તસ્વીર નજર નહીં આતી હમ વહાં હૈ જહાંસે હમકો ખુદ અપની ખબર નહીં આતી" કોઈ ઉમીદ પૂરી થઈ નથી રહી. કોઈ સુરત દેખાતી નથી, મને મારી ખબર નથી તો જગત્ની ખબર ક્યાંથી મળશે?

બ્રહ્મમુક્તિમાં પણ આવી સબ્જૅક્ટિવ્ તલ્લીનતા છે. (નદીનું દરિયામાં મળવું એ ઑબ્જૅક્ટિવ્ લય છે) સરળતાથી સમજવું હોય

તો આપણે એમ સમજી શકીએ કે મુસલમાનોને કાફિરનું અતિશય સંનિધાન છે કારણકે આખો દિવસ ગાળો આપે છે. કાફિર રિલેટિવલી અસંનિહિત હોય છે.

**ઈતિ શ્રુતિવાક્યે બ્રહ્મણા સહ ભોગકરણં જીવસ્ય લૌકિકવ્યાપારસહિતં તદ્રહિતં વા ઈતિ સંશયે.** એટલે બ્રહ્મ સાથે જીવ જે બ્રાહ્મિક આનન્દનો ભોગ કરે છે ત્યારે લૌકિકવ્યાપારસહિત હોય કે લૌકિકવ્યાપારરહિત હોય, આ સંશય છે.

**તત્સહિતમેવ ઈતિ પૂર્વપક્ષ:** લૌકિકવ્યાપાર છૂટશે નહીં એવો પૂર્વપક્ષ છે.

**મુક્તિપ્રકરણપઠિતે ભોગે લૌકિકવ્યાપારસાહિત્યે મુક્ત્યુચ્છેદ: અન્યથા લૌકિકવ્યાપારાસંભવ: ઈતિ લૌકિકવ્યાપારરહિતમેવ જીવસ્ય બ્રહ્મણા સહ ભોગકરણમ્ ઈતિ સિદ્ધાન્ત:** મુક્તિપ્રકરણમાં પઠિત જે ભોગ છે એટલે બ્રહ્માનન્દનો ભોગ એમાં લૌકિકવ્યાપાર સહિત હોય તો મુક્તિ થઈ નથી એમ કબૂલ કરવું પડશે નહીંતો લૌકિકવ્યાપાર સંભવ નથી જગત્માં અસંનિહિત હોવાને કારણે. જગત્માં એનેસ્થેસિયા જેવી સ્થિતિ હોવાથી જગદ્વ્યાપાર સંભવ નથી રહેતો.

**[૧] પ્રત્યક્ષોપદેશાદ્ ઈતિ ચેદ્ ન આધિકારકમણ્ડલસ્થોક્તે:, [૨] વિકારવર્તિ ચ તથાહિ સ્થિતિમ્ આહ, [૩] દર્શયતશ્ચ એવં પ્રત્યક્ષાનુમાને, [૪] ભોગમાત્રસામ્યલિંગાચ્ચ, [૫] અનાવૃત્તિ: શબ્દાદ્ અનાવૃત્તિ: શબ્દાદ્** (૪।૪।૧૮-૨૨) **ઈતિ સૂત્રેષુ "સર્વં હિ પશ્ય: પશ્યતિ"** (છાન્દો.ઉપ.૭।૨૬-।૨) અહીં પાંચ સૂત્રો આપ્યા છે. જ્યારે બ્રહ્મજ્ઞાન થઈ જાય ત્યારે કોઈ વસ્તુ એવી નથી રહી નથી જતી કે તેને તે જોઈ ન શકતો હોય, કેમકે બ્રહ્મ સર્વજ્ઞ છે અને બ્રહ્મ બધાને જુએ છે તેથી બધી વસ્તુ તે જોઈ શકે છે. તે ભૂત-ભવિષ્ય-વર્તમાનને જોઈ શકે છે. **ઈત્યેવં આદિવચને સર્વદર્શનાત્મકો લોકવ્યાપારપ્રત્યક્ષોપદેશ: શ્રાવિત:**

આમાં લૌકિકવ્યાપાર બતાવી રહ્યા છે કે તેને દુનિયા દેખાઇ રહી છે તો મુક્તિ ક્યાંથી? ઇતિ **શંકાયામ્** એનો અર્થ કરે છે **સ્વાધિકારકં "સર્વં પશ્યતિ" ઇતિ અર્થસંકોચે ન પશ્યતિ વૈકારિકં સાંસારિકં કિમપિ વિષયં ન પશ્યતિ** સંસ્કૃતમાં કહેવાય છે કે "સર્વે બ્રાહ્મણા: ભોજયિતવ્યા" એટલે બધા બ્રાહ્મણોને જમવા બેસાડો એમાં 'બધા'નો અર્થ "નિમન્ત્રિતા: બ્રાહ્મણા:" લેવો પડશે. એમ "સર્વં પશ્યતિ"માં મુક્ત્યવસ્થામાં જે વસ્તુ ઇનવાઇટેડ્(નિમન્ત્રિત) હોય તે બધું જુએ છે પણ ઇનવાઇટેડ્ ન હોય અને સામે હોય તો પણ નથી જોતો. આને 'વૃત્તિસંકોચ' કહેવામાં આવે છે. 'સર્વ' શબ્દની અસંકુચિતવૃત્તિ નથી, સંકુચિતવૃત્તિ છે. એટલે આ કૉન્ટેક્સ્માં સર્વ છે, આઉટ્ઑફ્ કૉન્ટેક્સ્માં સર્વ નહીં. **વિવક્ષિતાર્થાદ્ ન દોષ:** અહીં આ વિવક્ષિત અર્થ સમજવો તેથી દોષ નથી. **દેશકાલાતીત નિત્યલીલાયાં ભગવત: વિકારવર્તિદેશકાલવિષયિણી ઉક્તસ્થિતી બાધિતે ન ભવેતાં તાદશોક્તિ: અલૌકિકદેશ-કાલવિષયિણી ઇતિ ઉત્તરપક્ષ:** ભગવાન્ની બે લીલા છે. ૧. દેશકાલની ફ્રેમ્માં થતી લીલા ૨. દેશકાલની ફ્રેમ્ની બહાર થતી લીલા. આપણે દેશકાલની ફ્રેમમાં થતી લીલાના પાર્ટિસિપન્ટ્ છીએ જ્યારે બદ્ધ હોઇએ છીએ ત્યારે. જ્યારે મુક્ત થઇ જઇએ ત્યારે દેશ-કાલની ફ્રેમ્થી ઉપર જઇને દેશકાલાતીત લીલામાં પાર્ટિસિપેશન્ થાય છે. તેમાં દેશ-કાલની વસ્તુ નથી દેખાતી. અમુક અન્તરમાં અમુક વસ્તુ અસંનિહિત થઇ જતી હોય છે. અમુક અન્તરમાં અમુક વસ્તુ સંનિહિત થઇ જતી હોય છે. દેખાતી હોવા છતાં આંખની સામે આવતી નથી. ખુલ્લી આંખ હોવાનો કે વિષય ઉપર આવરણ હોવાનો ઇશ્યુ નથી. એ આપણી આંખની જોવાની પદ્ધતિ છે. નાનું બાળક જન્મે ત્યારે સામાન્ય રીતે તેની દૃષ્ટિ અર્થહીન હોય છે. ૧૫-૨૦ દિવસ પછી બહારની દુનિયાના કૉન્ટેક્ટ્માં આવ્યા પછી તેની અર્થપૂર્ણદૃષ્ટિ આવતી હોય છે. શરૂઆતમાં તમે તેને દેખાતા હો પણ તે જોતો નથી હોતો. તે વખતે તેનું મિનિંગ્લેસ્ ગેસ્ (તાકવું) હોય છે. આંખમાં અર્થ આવે પછી પ્રતિભાવ આપે છે. તે વખતે તેની દૃષ્ટિ અર્થપૂર્ણ

હોય છે. જ્યારે અર્થહીન આપણે જોઈએ છીએ ત્યારે તેમાં દરેક વસ્તુ અસંનિહિત હોય છે અને અર્થપૂર્ણદષ્ટિમાં દૂરની વસ્તુ પણ સંનિહિત થઈ જતી હોય છે. બિલાડી ઉંદરને પકડવા બેસે ત્યારે તેની આંખ અર્થપૂર્ણ દષ્ટિવાળી હોય છે.

**તાદશોક્તિ: અલૌકિકદેશકાલવિષયિણી ઈતિ ઉત્તરપક્ષ:** વિકારવર્તિ દેશકાલવિષયિણી ઉક્તસ્થિતિ છે તે બાધિત નથી થતી કેમકે તે અલૌકિકદેશકાલવિષયિણી છે. મુક્તજીવ બધું જોવા છતાં તેની દષ્ટિ દેશકાલાતીતવિષયની છે. અહીં તેનું દેખાતું હોવું, ન દેખાવા બરાબર છે. **''ન એષા તર્કેણ મતિ: આપનેયા'' (કઠોપ.૧।૨।૯) ઈતિ પ્રત્યક્ષશ્રુત્યા.** પ્રત્યક્ષમાં શ્રુતિ કહે છે કે બ્રહ્મના અનુભવની સમજ, તર્કથી નથી સિધ્ધ થતી કે નથી તર્કથી રિજેક્ટ્ થતી. તથા **''અલૌકિકાસ્તુ યે ભાવા: ન તાન્ તર્કેણ યોજયેત્''** (મહાભા.) આ અનુભૂતિ આપણને થઈ શકતી નથી. બાળકની અર્થહીન આંખ આપણને પાછી મળી શકતી નથી. સિવાય કે તમે સેમિકૉમામાં હોવ **આનુમાનિકસ્મૃત્યા ચ સિધ્ધ્યતિ. પુરુષોત્તમેન ભક્તસામ્યમપિ ભજનાનન્દભોગૌપયિકં ન ભગવત્સ્વરૂપેણ ભક્તૌ** પુરુષોત્તમ અને ભક્ત ની સમાનતા એટલા જ પ્રપોર્શન્માં છે કે તેને ભજનાનન્દ બાધિત ન થાય. પૂરેપૂરી સમાનતા છે નહીં કેમકે ''નિરંજનં પરમં સામ્યં ઉપૈતિ દિવ્યમ્'' મુક્ત થયા પછી પરમ સામ્ય પ્રાપ્ત કરે છે પણ તે એટલું કે ભજનમાં બાધક ન થાય. **પુષ્ટિમાર્ગે ભક્તાનાં ભગવદ્વાદિતવેણુશબ્દાત્ તથા મર્યાદામાર્ગે વેદોદિતાત્ શબ્દાદ્ ન પુનરાવૃત્તિ: ઈતિ સિધ્ધાન્તસંક્ષેપ:** પુષ્ટિમાર્ગમાં ભગવાન્ની વેણુનાં શબ્દો સાંભળીને જે ભગવાન્ની તરફ ગયા તે પાછા નથી આવતાં, મર્યાદામાં વેદના શબ્દો સાંભળીને ભગવાન્ તરફ જે ગયા તે પાછા આવતા નથી. **''સર્વ: પ્રવાહ: સર્વત્ર સ્વાનુકૂલ્યેન કર્ષતિ વેણુગીતપ્રવાહસ્તુ પ્રાતિકૂલ્યેન કર્ષતિ''** કોઈ પણ પ્રવાહ જ્યાંથી વહેતો હોય એટલે ઉત્તરથી દક્ષિણ વહેતો હોય તો વહેણની દિશા તરફ વહેવડાવીને લઈ જશે. પણ વેણુગીતનો પ્રવાહ

એવો છે કે ઉત્તરથી દક્ષિણનો પ્રવાહ હોય તો તમે દક્ષિણથી ઉત્તર એમ વિરુદ્ધદિશામાં વહેશો. ગીતાંજલિમાં રવિન્દ્રનાથ ટાગોરે સુંદર કવિતા લખી છે ''રાતના અંધારામાં મને તારી વેણુ સંભળાઈ અને મને ખબર નહોતી કે આ વેણુની અવાજ ક્યાંથી આવી રહી છે! મેં વેણુના અવાજની દિશામાં ચાલવાનું શરૂ કર્યું. અન્ધારામાં મને ખબર નહોતી કે હું રસ્તા ઉપર ચાલ્યો કે ગેરમાર્ગે ચાલ્યો. પણ એ અવાજની દિશાને પકડતાં-પકડતાં હું તારા દરવાજા સુધી પહોંચી ગયો. જ્યારે દરવાજા સુધી પહોંચ્યો ત્યારે ત્યાં મોટ-મોટા સિદ્ધ પુરુષો બેઠા હતાં. એમણે મને પૂછ્યું કે ''તમે કયા માર્ગથી આવ્યા છો.'' મેં એમને કહ્યું ''હું તો અન્ધારામાંથી આવ્યો છુ. મને ખબર નથી કે હું કયા માર્ગથી કે અમાર્ગથી આવ્યો છું.'' તેમણે કહ્યું કે ''અમે માર્ગથી આવ્યા છતાં હજુ દરવાજા ખુલ્યા નથી તો તારી શું વિસાત?'' એટલામાં બારણું ખુલ્યુ અને તે મને અન્દર લઈ ગયા. બહાર બધા વિરોધ કરતાં રહી ગયા કે આ માર્ગથી નથી આવ્યો. વેણુગીતના પ્રવાહમાં જે જાય તેની સાથે કિસ્મત હોય છે. ભલે જ્ઞાનમાર્ગીઓને વિરોધ કરવો હોય તો કરે.

અણુભાષ્યની આ સિનોપ્ટિકલ્ દષ્ટિ અહીં પૂરી થઈ.

॥ श्रीकृष्णाय नमः ॥

॥ श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः ॥

## ॥ अणुभाष्यसंक्षिप्तानुक्रमणिकाविवेचनम् ॥

**मंगलाचरणम् :**

नत्वा श्रीमदाचार्यान् ब्रह्मवादोपदेशकान् ॥
ब्रह्मवादस्य घटकानुपवादान् वदाम्यहम् ॥१॥

**ब्रह्मलक्षणम् :**

बृहत्त्वाद् बृंहणाच्चैव देशकालस्वरूपतः ॥
न किञ्चिद् ब्रह्म व्यतिरिक्तं यत्सत्तत् तदात्मकम् ॥२॥
ब्रह्मणः स्वप्रकाशत्वाद् येन मानेन ग्राह्यता ॥
तदेव ब्रह्मणः साक्षात् स्वप्रकाशनरूपकम् ॥३॥

**ब्रह्मैव प्रमाणप्रमेयसाधनफलरूपम् :**

अतो वेदादिशास्त्राणां शब्दाः ब्रह्मात्मका मताः ॥
यस्यास्तित्वं मानसिद्धं मेयं ब्रह्मात्मकं हि तत् ॥४॥
साधनं ब्रह्मप्राप्त्यर्थं ब्रह्मधर्मात्मकं मतम् ॥
वैविध्याद् ब्रह्मज्ञानस्य फलं ब्रह्मात्मकं तथा ॥५॥
चतुर्णामप्यध्यायानां सैषा संगति वाल्लभी ॥

**'साकारब्रह्मवाद' इति स्वोपज्ञसमाख्या :**

स्वोपज्ञा स्वमताख्यातु साकारब्रह्मवादिता ॥
प्रथमस्य सुबोधिन्यामाचार्यैर्वर्णिता स्फुटा ॥६॥
**''साकारं ब्रह्म शुद्धं हि माया तच्छक्तिरुत्तमा ॥**
**तया सर्वत्र संमोहः साक्षाद् भक्तिश्च मोचिका''** [१] ॥७॥
प्रभुचरणेनाप्येवं स्तोत्रे सर्वोत्तमे पुनः ॥
**''साकारब्रह्मवादैकस्थापको वेदपारगः''** [२] ॥८॥
स्वपितुर्नामनिर्देशाद् उक्ताख्यैव प्राक्तना ॥

**एतस्यैव 'शुद्धाद्वैतवादः' इत्यपरा समाख्या :**

'शुद्धाद्वैतवाद'संज्ञा या सातूत्तरकालिकी ॥९॥
मूलाचार्यग्रन्थेषु यस्मादेषा न लभ्यते ॥
विद्यानगरीस्वर्णाभिषेके बिरुदाबली ॥१०॥
निर्दिष्टेति किंवदन्ती प्रमाणरहिता स्फुटा ॥
तथापि लालूभट्टादिविद्वद्भिः तत्प्रयोगतः ॥११॥
नैषाप्यनुचिता यस्मात् श्रुतार्थापत्तिसाधिता ॥

**शुद्धाद्वैतवादघटकाः नवोपवादाः :**

शुद्धाद्वैतवादेऽत्राभिप्रेतार्थरूपकाः ॥१२॥
उपवादास्तु विज्ञेयाः अंगिबोधोंऽगबोधतः ॥

**[१]ब्रह्मवादः :**

ब्रह्मवादस्तु सर्वं हि ब्रह्मैकाद्वयसाधकम् ॥१३॥

**[२]विरुद्धधर्माश्रयतावादः :**

सर्वं जगत्यन्योन्यविरुद्धमिति दर्शनात् ॥
मूर्तामूर्तपुण्यपापमोक्षबन्धादिभेदतः ॥१४॥
अतो विरुद्धधर्माधारोपादानकं जगत् ॥

**[३-४]सत्कार्यता-सत्कारणतावादः :**

ब्रह्मैव कारणं कार्यं सद्रूपमिति तत्त्वतः ॥१५॥

**[५]कार्यकारणयोरंशांशिनोश्च तादात्म्यवादः :**

सज्जातकार्यकारणयोश्चिदंशांशिनोस्तथा ॥
यत्तादात्म्यं तत्तु ज्ञेयं भेदाभेदविलक्षणम् ॥१६॥

**[६]अभिन्ननिमित्तोपादानतावादः :**

जगतः कर्त्रुपादानं ब्रह्मैव द्वैतवर्जितम् ॥

**[७]आविर्भावतिरोभाववादः :**

आविर्भावतिरोभावशक्तिमद् तत्तु सर्वथा ॥१७॥

**[८]अविकृतपरिणमवादः :**

ब्रह्मणोऽविकृतस्यातः स्वरूपपरिणामिता ॥
यथाऽविकृतस्वर्णस्य कुण्डलाद्यात्मना स्थितिः ॥१८॥

[१]लीलावादः :

नाम-रूप-कर्मभेदैः एकस्यानेकलीलया॥
प्राकट्याद् ब्रह्मणोऽभेदान्नैवाद्वैतक्षतेः कथा॥१९॥

एतेषां नवानामपि तत्तत्सूत्रप्रतिपाद्यता :

**"अथातो ब्रह्मजिज्ञासा"**[३] **"जन्माद्यस्य यत"**[४]स्तथा॥
**"शास्त्रयोनित्व"**सूत्राभ्यां ब्रह्मवादप्रसाधितः॥२०॥
नन्वेवं ब्रह्मवादस्तु केवलाद्वैतवादिभिः॥
विरुद्धधर्मसमवायिब्रह्मांगीकरणात्[५] पुनः॥२१॥
बृहदारण्यके भाष्ये कार्यकारणयोरपि॥
सत्त्वस्य निजकण्ठोक्त्यैवांगीकरणादिह[६]॥२२॥
ब्रह्मशुद्धाद्वैतवादे न वैलक्षण्यमण्वपि॥
इति चेद् न
वैलक्षण्यमन्तिमैस्तु चतुर्भिस्तु स्फुटं भवेत्॥२३॥
शांकराद्वैतवादे हि विवर्तोऽविकृतस्य वै॥
वाल्लभाद्वैतवादेऽत्राविकृतस्य ब्रह्मणः पुनः॥२४॥
कार्यप्रपञ्चरूपेण परिणामोऽभ्युपेयते॥
अधिष्ठानाद्वये तत्र द्वैतारोपान्मृषार्थता॥२५॥
शुद्धाद्वैतेतु तादात्म्यं सर्वस्य ब्रह्मणा स्फुटम्॥
एतेन भिन्नता स्पष्टा मतयोरेतयोर्द्वयोः॥२६॥
विवर्ताधिष्ठानतापि मायिक्यपारमार्थिकी॥
तस्मात् तत्र जगत्सर्वं मिथ्याभूतं तु मायया॥२७॥
भात्यत्र लीलयानन्दो ब्रह्मणो ब्राह्मिकः पुनः॥
**"जन्माद्यस्ये"**त्यादिसूत्रे निमित्तत्वमुदीरितम्॥२८॥
**"तत्तु समन्वयात्"**[७]सूत्रे समवायित्वमुच्यते॥
तेनाभिन्ननिमित्तोपादानत्वं ब्रह्मणो मतम्॥२९॥
**"प्रकृती"**त्यधिकरणे[८] तत्स्वात्मकृतमुच्यते॥
अतोऽनारोपितं विश्वं **"तत् सत्यम्"**[९]इति वर्णनात्॥३०॥

मायिकं प्राकृतं नो वौपाधिकं जगदुद्गतम्॥
एकविज्ञानेन सर्वविज्ञानस्य प्रतिज्ञया[१०] ॥३१॥
''**आत्मे**''त्यादिसूत्रे चाविकृतस्य परिणामिता॥
कार्यकारणतादात्म्यं ''**तदनन्यत्व**''सूत्रगम्॥३२॥
सूत्रे ''**सत्त्वाच्चावरस्ये**''त्यत्र सद्रूपकार्यता॥
''**पटवच्चे**''ति सूत्रेतु सतः कारणतोदिता॥३३॥
सर्वोपेताधिकरणस्थ''**लोकवत्त्वि**''तिसूत्रतः॥
लीलावादं साधयित्वा सर्वधर्मोपपत्तितः॥३४॥
विरुद्धानान्तु धर्माणामाश्रयत्वं प्रसाधितम्॥

**अथ साधनाध्यायीयाधिकरणत्रयम् :**

आद्याध्यायद्वये यद्वद् ब्रह्मता मानमेययोः॥३५॥
मितिमातुर्यथा चोक्ता ह्यन्तिमाध्याययोस्तथा॥
साध्यसाधनयोर्ब्रह्मरूपत्वन्तु निगद्यते॥३६॥
साधनद्वारकोद्धर्तृ साधनं भवति स्वयम्॥
स्वधर्मान् साधनतया स्वयं व्यापारयत्यपि॥३७॥
अथ साधनफलाध्याये चत्वार्यधिकरणानि वै॥
तृतीये सन्ति त्रीण्येवं चतुर्थे त्वेकमेव हि॥३८॥

**स्वप्राप्तिसाधनभूताः ब्रह्मधर्माः धर्म्यात्मकाः :**

सूत्रत्रयात्मकाद्याधिकरणे धर्मब्रह्मणोः॥
भिन्नताभिन्नता वेति सिद्धान्तेऽभिन्नतैव हि॥३९॥
सूर्यप्रकाशयोर्यद्वद् भिन्नाभिन्नविलक्षणम्॥
तादात्म्यं धर्मब्रह्मणोर्नित्यत्वादुभयोरपि॥४०॥
कार्यकारणतादात्म्यसिद्धान्तस्वीकृतेः पुनः॥
धर्माणां कार्यरूपत्वेनापि स्याद् ब्रह्मरूपता॥४१॥
किन्तु नित्या ह्यनित्या वेत्यत्र मान्यास्ति नित्यता॥
एकदेशिमते द्वाभ्यां सूत्राभ्यां तदनूद्यते॥४२॥
पूर्वन्तु धर्मरहितं पश्चाद् ब्रह्म सधर्मकम्॥
इहोत्पत्त्युपपत्तिभ्यां पक्षद्वयमुदीरितम्॥४३॥

''**अन्तराभूतग्रामाद्य**''धिकरणे भजने पुनः॥
'अहं ब्रह्मे'ति तत्त्वानुभूत्यां भक्त्यसंगतिः॥४४॥
ननु सर्वान्तरत्वात्तु 'ब्रह्मैवाहं'मतिस्तु या॥
भक्तिसाधनकक्षायां द्वैतेन घटितापि चेत्॥४५॥
फलावस्थे साधके तु नैवाद्वैतविरुद्धधीः॥
एतच्छंकानिवृत्तिस्तु मार्गत्रयप्रभेदतः॥४६॥
ज्ञानेऽभेदबुद्धेस्तु तत्त्वानुभवरूपता॥
भक्तौतु द्वैतभावस्य तादात्म्यान्तर्गतत्वतः॥४७॥
द्वयोस्तादात्म्यसत्त्वेऽपि भेदबुद्ध्यविरोधिनी॥
''**प्रकाशाश्रय**''योः यद्वत्तादात्म्यं तद्वदेव हि॥४८॥
धर्मधर्मिस्वरूपस्य ब्रह्मणोऽभिमतं सदा॥
यथाह्य'ऽमित्र'शब्दो हि मित्राभावाच्च शत्रुतः॥४९॥
भिन्नार्थवाचको यद्वत् तथा'ऽभेदो'ऽपि तत्पृथक्॥
उत्पत्तिपक्षं स्वीकृत्य ''**पूर्ववद्वे**''ति सूत्रयोः॥
सृष्टेः पूर्वं धर्महीनं ब्रह्म पश्चात्तु नो तथा॥५०॥
यतः स्वात्मकधर्मत्वेनाविर्भात्तु तत्त्वतः॥
तदनु क्रियादिरूपेणान्ते तु विश्वरूपधृक्॥५१॥
उत्पत्त्या चोपपत्त्या च पक्षद्वयमुदीरितम्॥
''**पूर्ववद्वा-प्रतिषेधे**''त्यादावुत्पत्तिपक्षकृत्-॥५२॥
स्वैकदेशिमते तावद् धर्माणामेकबोधतः॥
सर्वविज्ञाततोक्तेश्च ब्रह्मत्वमक्षतं स्थितम्॥५३॥
अन्यथा त्वेकमेवे''त्युक्त्यैवाद्वैतसाधनाद्॥
'अद्वितीयत्वकथनं पौनरुक्त्या निरर्थकम्॥५४॥
''**अन्तरा भूतग्रामा**''दिसूत्रेषु त्रिषु ब्रह्मणः॥
'अहं ब्रह्मे'ति तत्त्वानुभूतेः भक्तावसंगतिः॥५५॥
सर्वान्तरत्वात् तस्यैवं 'नाहं ब्रह्मे'ति धीःपुनः॥
भक्तिसाधनकक्षायां द्वैतेन घटितापि चेत्॥५६॥
फलावसस्थापन्नतायां नैवाद्वैतविरुद्धधीः॥

एतच्छंकानिवृत्तिस्तु मार्गत्रयविभेदतः ॥५७॥
ज्ञानेच्छायत्नकृत्कर्ता कर्मकर्तृतयोच्यते ॥
कर्मापि ब्रह्मणश्चैकं रूपमित्यादिबोधतः ॥५८॥
कर्मकर्त्रोर्भेदबुद्धिः ब्रह्मकर्मार्पणात्मिका ॥
ज्ञानेऽभेदबुद्धेस्तु स्यात्तत्त्वानुभवरूपता ॥५९॥
भक्तौतु द्वैतभावस्य तादात्म्यान्तर्गतत्वतः ॥
भक्तेशलीलातादात्म्याद् भेदबुद्धिसहिष्णुता ॥६०॥
प्रकाशाश्रययोर्यद्वत्तादात्म्यं तद्वदेव हि ॥५९॥
धर्मधर्मिस्वरूपस्य ब्रह्मणोऽभिमतं सदा ॥
मित्राभावाच्च शत्रुभ्योर्भिन्नार्थस्याभिधायकः ॥६०॥
'अमित्र'शब्दस्तद्वदेवाभेदस्तादात्म्यवाचकः ॥
''**अन्यथा भेदानुपपत्ती**''त्यादिविचारणे ॥६१॥
भक्तावभेदधीस्तावद् बुद्धिसंस्कारवन्मता ॥
भजनीयवियोगेऽपि सञ्चारिभाववत्पुनः ॥६२॥
स्वात्मनि प्रेष्ठधीः रस्या जायते गाढभावतः ॥
अखण्डाद्वैतभानस्य भक्तावस्थायिभावता ॥६३॥
ज्ञाने तदेव स्थायित्वेनैवानुभूयते सदा ॥
तारतम्यं ज्ञानभक्त्योरेवं ज्ञेयं विचक्षणैः ॥६४॥
सत्यस्य शमदमादेश्च धर्मस्याभीष्टता न वा ? ॥
''**सैवही**''त्यधिकरणे तु भक्तानां हि कृते पुनः ॥६५॥
पूर्वपक्षेऽभीष्टतास्ति चित्तशुद्धिविधायिका ॥
सिद्धान्ते भक्तिरेवैका सर्वशुद्धिविधायिका ॥६६॥
''**कामं क्रोधं भयं स्नेहमैक्यं सौहृदमेव वा ॥**
**नित्यं हरौ विदधतो यान्ति तन्मयतां हि ते**''[१२] ॥६७॥
इति भागवतोक्तेस्तु कामादीनामपि स्फुटम् ॥
भगवद्विषयकत्वे तूद्धारो भगवतैव हि ॥६८॥
अवतारकाले भवति अन्यदा ह्यन्यथा कथा ॥
मुक्तस्य ब्रह्मानन्दाद्युपभोगो ब्रह्मणा सह ॥६९॥

**मुक्तात्मनोः पुष्टिमर्यादाजीवयोः स्वरूपम् :**

लोकव्यापारसहितो रहितो वेति संशये॥
शक्यत्वपूर्वपक्षस्य निरासायेह कथ्यते॥७०॥
कायवाङ्मनसां तत्र मुक्तात्मनि त्वसम्भवाद्॥
जगद्व्यापारविषयत्वं नैवेहोपपद्यते॥७१॥
अप्रसक्ततया मोक्षे तथाऽसंनिहितत्वतः॥
मुक्तात्मनां भगवता साकं भूलोकजन्मनि॥७२॥
जगद्व्यापाररहितब्रह्मानुभवशालिनाम्॥
लीलायां सदृशत्वेऽपि शैलूषन्यायवत्तु तत्॥७३॥
ब्रह्मज्ञस्य सर्वज्ञत्वं स्यात्संकुचितवृत्तितः॥
'सर्व'शब्दः सर्वभगवल्लीलाविषयो यतः॥७४॥
**विकारवर्ती**सूत्रे तु स्थितिर्या देशकालगा॥
न लोकवद् देशकालाद्यतीतस्य हरेः सदा॥७५॥
लोकयुक्त्या तु देशादेर्यदेकत्वं प्रतीयते॥
तत्तु लोकगतं ज्ञेयं ह्यलौकिकतया द्वयोः॥७६॥
''**भोगमात्रसाम्य**''सूत्रे साम्यमानन्दगोचरम्॥
सामर्थ्यगोचरं नो तद् मुक्तमोचकभेदतः॥७७॥
''**अनावृत्ति शब्दादि**''त्यादिसूत्रे योदिता स्थितिः॥
पुष्टिमर्यादयोर्भक्त्योः लोके त्वावृत्तिवर्जिता॥७८॥
वंशिकावेदशब्दाभ्यां तद्भूलीलार्थता न चेत्॥
इत्यध्यायचतुर्थ्यस्तु दशाधिकरणात्मकम्॥७९॥
मानमेयसाधनानां फलस्येह निरूपणम्॥
विद्यार्थिनां सुबोधाय स्वाचार्यकृपया मया॥८०॥

इति गोस्वामिश्रीदीक्षितात्मजेन श्याममनोहरेण
विरचितं
अणुभाष्यसंक्षिप्तानुक्रमणिकाविवेचनम्

.........

१.भाग.सुबो.१।७।४. २. सर्वोत्तम.८, ३.ब्र.सू.१।१।१, ४.ब्र.सू.१।१।२, ५.बृह.उप.भा.२।१।२०, ६.द्रष्ट.बृह.उप.भा.१।२।१, ७.ब्र.सू.१।१।३, ८.ब्र.सू.१।४।२-३, ९.तैत्ति.उप.२।६, १०.छान्दो.उप.६।१।४,
११.छान्दो.उप.६।२।१ १२.भाग.पुरा.१०।२९।१५